॥ अर्हम् ॥

# सप्तभंगीप्रदीप.

कर्त्ता

न्यायतीर्थ-न्यायविशारद

प्रवर्तकजी श्रीमंगळविजयजी.

प्रकाशक

श्रीयशोविजय जैन ग्रंथमाळा-व्यवस्थापक मंडळ

तरफथी

शेठ प्रेमचंद रतनजी

तथा

शेठ चंदुलाल पूनमचंद.

भावनगर.

वीर सं. २४४७ ] [ संवत १९७७

સહાયક—

ધીણોજ નિવાસી

શેઠ રવચંદભાઇ કપૂરચંદના પુત્ર શેઠ જેસંગભાઈ

વડોદરા—લુહાણામિત્ર સ્ટીમ પ્રિ. પ્રેસમાં વિઠ્ઠલભાઈ આશારામ
ઠક્કરે પ્રકાશક માટે છાપી પ્રસિદ્ધ કર્યું. તા. ૬-૧-૨૧



ઈતિહાસતત્ત્વ મહોદધિ,
ઉપાધ્યાયજી શ્રી ઈંદ્રવિજયજી.

# સમર્પણ.

ગુરૂભક્તિપરાયણ, ઇતિહાસતત્ત્વમહોદધિ પરમપૂજ્ય

**ઉપાધ્યાયજી શ્રીઇન્દ્રવિજયજી**

મહારાજના

કરકમલમાં

સાદર

સમર્પણ.

—લેખક.

# પ્રસ્તાવના.

જૈન દર્શનકારો પદાર્થનું પ્રતિપાદન કરવામાં જેવી નિપુણતા ધરાવે છે, તેવી બીજાઓમાં પ્રાયઃ જોવામાં આવતી નથી. તથા દીર્ઘ દર્શિતા મધ્યસ્થ વૃત્તિતા પણ ઉચ્ચકોટીની જેવી રીતે તેઓના ગ્રન્થો જોવાથી આપણને અનુંભવ ગોચર થાય છે, તેવી અન્યત્ર મળવી ઘણીજ કઠીન છે, આ વાત જગત્ પ્રસિદ્ધ છે, એનીજ પુષ્ટિમાં નીચેના શ્લોકો પણ ઉદ્ઘોષણ કરી રહ્યા છેઃ—

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥ १ ॥

ષડ્દર્શનસમુચ્ચય ટીકા ( આત્માનન્દ સભામાં છપાયેલ છે ) ના પૃ૦ ૩ માં શ્રીહરિભદ્ર સૂરિ કહે છે કે–વીર નામના ચોવીસમા તીર્થંકરમાં મારો પક્ષપાત–રાગ નથી અને કપિલાદિ ઋષિઓમાં મારો દ્વેષ નથી, પરન્તુ જેનું વચન યુકિતશાલિ હોય, તે દરેકને સ્વીકારવા લાયક છે. તેજ હરિભદ્રાચાર્ય પોતાની અન્દર પક્ષપાત નહિ હોવાનું બીજું પણ એક કારણ બતાવે છે.

बन्धुर्न नः स भगवान् रिपवोऽपि नान्ये
साक्षान्न दृष्टचर एकतरोऽपि चैषाम् ।
श्रुत्वा वचः सुचरितं च पृथग् विशेषं
वीरं गुणातिशयलोलतया श्रिताः स्मः ॥ १ ॥

ભિન્ન જાતિ હોવાથી પરમાત્મા મહાવીર મારા બન્ધુ નથી, કેમકે હું બ્રાહ્મણ કુલમાં ઉત્પન્ન થયેલો છું, અને પરમાત્મા મહા-

વીર ક્ષત્રિય કુલમાં ઉત્પન્ન થયેલા છે, તથા બીજા બુદ્ધ-કપિલ વિગેરે મારા શત્રુ નથી. આ વ્યકિતઓમાંથી એકને પણ પ્રત્યક્ષ જોયા નથી, તો પણ વિશેષ રૂપથી પૃથક્ પૃથક્ દરેકનાં ચરિત્રને શ્રવણગોચર કરી તથા દરેકે પ્રતિપાદન કરેલા પદાર્થોને જોઇ તેમાંથી બીજાઓની ઉપર મધ્યસ્થતા ધારણ કરી પરમાત્મા મહાવીર પ્રત્યેના ગુણાનુરાગથી તેના શાસનને સ્વીકારવામાં આવેલ છે. આ વાતને ભગવાન્ હેમચન્દ્રાચાર્ય પણ ટેકો આપે છે—

न श्रद्धयैव त्वयि पक्षपातो
न द्वेषमात्रादरुचिः परेषु ।
यथावदाप्तत्व परीक्षयातु
त्वामेव वीर प्रभुमाश्रिताः स्मः ॥ १ ॥

અર્થાત્:—

કેવળ શ્રદ્ધા માત્રથી આપનામાં મારો પક્ષપાત નથી. તેમજ બીજાઓની અન્દર દ્વેષમાત્રને લઇને અરૂચિ છે, એમ પણ માનવાનું કોઇએ સાહસ કરવું નહિ, પરન્તુ વાસ્તવિક રીતે આપ્તપણાની પરીક્ષા કરીનેજ પરમાત્મા મહાવીરનો આશ્રય લેવામાં આવેલ છે, તે આપ્તપણાનો ગુણ અન્યત્ર દૃષ્ટિગોચર થતો નથી. તેના માટે રત્નાકરાવતારિકા સ્યાદ્વાદમંજરી વિગેરે ગ્રન્થો પણ પુરાવારૂપ છે. આવી મધ્યસ્થવૃત્તિતા બીજામાં પ્રાય; ઘણીજ ઓછી જોવામાં આવે છે. જ્યાં રાગદ્વેષનું પ્રબલ સામ્રાજ્ય હોય ત્યાં મધ્યસ્થતા હોયજ ક્યાંથી? તથા યોગાભ્યાસ કરી, ગુરૂકુલ વાસમાં રહી પદાર્થ વિજ્ઞાનમાં જેવી રીતે તેઓ ઉંડા ઉતરેલા છે, તેવા બીજાઓ નથી તે વાતને તેઓના ગ્રન્થો જોવાથી દરેક વિદ્વાનો કબૂલ કરે છે કે—તેવા બીજાઓ નથી ઉતર્યા. કુશાગ્રીય અને અગાધ બુદ્ધિ સિવાય અનેકાન્તજયપતાકા સંમતિ તર્ક સ્યાદ્વાદરત્નાકર, સ્યાદ્વાદકલ્પલતા, ખંડનખાદ્ય અપરનામ

મહાવીરસ્તવન જેવા ગ્રન્થો બની શકેજ નહિ. ડો. હર્ટલ, થોમસ, જેકોબી જેવા પાશ્ચાત્ય વિદ્વાનો પણ મધ્યસ્થ બુદ્ધિથી જ્યારે જૈન સાહિત્યની કદર કરવા લાગ્યા છે, ત્યારે જરૂર તે સાહિત્ય થોડા સમયમાં દરેક સાહિત્ય કરતાં અગ્રગણ્ય ભાગ લેશે એમ કહેવામાં લગાર માત્ર અતિશયોકિત છેજ નહિ.

જે વ્યકિત જૈનસાહિત્યથી અપરિચિત હોય તેને પણ ભલામણ કરવામાં આવે છે કે-એકવાર મધ્યસ્થ બુદ્ધિથી જૈનદર્શનનુ અવલોકન કરો. જૈનદર્શન એ કોઈ પ્રકારનો પ્રચલિત આધુનિક મતોમાંનો મત નથી અથવા કોઈ કાલ્પનિક પક્ષ નથી, કિન્તુ વિશ્વવ્યાપક અને વિશાળ દૃષ્ટિવાળું સર્વોત્તમ દર્શન છે. તેની અન્દર બીજા દર્શનકારોની માફક હાર્દિક સંકોચ તો છેજ નહિ, દૃષ્ટાન્ત તરિકે-જૂઓ, કેટલાક દર્શનકારો બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય આ ત્રણ જાતિ સિવાય શુદ્ર જાતિ અને સ્ત્રીવર્ગને ધર્મશાસ્ત્ર ભણવાનો અધિકાર છેજ નહિ, એમ કહે છે. જેમકે-

स्त्रीशूद्रौ नाधीयेते—

સ્ત્રી અને શૂદ્રોને વેદ ગ્રન્થો જેવા ધર્મશાસ્ત્ર ભણવાનો અધિકાર છેજ નહિ. જ્યારે તેઓને ભણવાનો અધિકાર નથી ત્યારે મોક્ષ તો હોયજ ક્યાંથી ? એ વાત સહજ સમજી શકાય તેમ છે. આવી સંકોચવૃત્તિ જે ધર્મમાં હોય તે ધર્મ વિશ્વવ્યાપક થવાને લાયક કેવી રીતે હોઈ શકે, તેનો વિચાર કરવાનું કામ સહૃદય લોકોને જ સોંપવામાં આવે છે. અનેજૈન ધર્મ તો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર આ ચાર જાતિમાં તથા સ્ત્રીવર્ગમાં પણ ધર્મનો અધિકાર સરખો જ છે, એમ જોર શોરથી કહે છે. વળી દરેક જીવ સમ્યગ્દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર

દ્વારા મોક્ષ મેળવવા માટે સરખી રીતે અધિકારી છે, ન્યૂનાધિકતા છેજ નહિ. ધર્મ કોઇનો વેચાણુ નથી કે અમુક જાતિમાં જ હોઇ શકે, બીજામાં નહિ. જે લોકો તેનાં સાધનોને સંપાદન કરી તેને અનુકુળ વર્તાવ કરે, તે લોકો જરૂર ધર્મને પ્રાપ્ત કરી શકે એમાં કંઈ પણ નવાઇ જેવું છેજ નહિ. આવી રીતે નિડરપણે અને નિષ્પક્ષપાતથી કોઇ પણ પ્રતિપાદન કરવાવાળો હોય તો કેવલ જૈનધર્મ જ છે. આવા પ્રકારનો ઉદાર ભાવ ઉચ્ચ કોટીમાં પહોંચેલા આત્મા સિવાય બીજાઓના મનોમન્દિરમાં ક્યાંથી હોઇ શકે ? જૈનદર્શનમાં જે જે પદાર્થોનું નિરૂપણ કરવામાં આવેલ છે, તે તે પદાર્થોનું બારિક રીતિથી અવલોકન કરવાની સાથે જો તેને પ્રવૃત્તિમાં મૂકવામાં આવે તો હું નથી ધારી શકતો કે તેઓનું અધઃપતન થઇ શકે.

વળી એવો કોઇ પણ પદાર્થ નથી કે–જે જૈનદર્શનમાં ન હોય અને અન્યત્ર હોય. અહીં તો ન્યાય, વ્યાકરણ, સાહિત્ય, જ્યોતિષ, વૈદ્યક, ચંપૂ, નાટક કથાનક, ઐતિહાસ, ધર્મશાસ્ત્ર વિગેરે દરેક વિષયના ગ્રન્થો વિદ્યમાન છે. છતાં પોતાના પ્રમાદને લઇને કેટલાક જૈનો બીજાઓનો જ કેવલ આશ્રય લેવા પ્રયત્ન કરે છે. તે લોકો પોતાના ઘરમાં ચારે ખુણામાં રાખેલ ધનને કાઢવાની આળસને લીધે બીજાઓને ત્યાં વ્યાજે લેવા જતાં જેવા પ્રકારની હાસ્ય પાત્રતા ધારણ કરે છે, તેના કરતાં પણ અધિક હાસ્યપાત્રતા તે લોકોની સમજવી જોઇએ. માટે દરેક મહાનુભાવને ખાસ કરી ભલામણ કરવામાં આવે છે કે—જૈન દર્શનનો અનુભવ કરવા ભાગ્યશાલી બનો અને સાથે સાથે એમ પણ સમજાવવું જરૂરતું છે કે જૈનદર્શનના અવલોકનમાં સ્યાદ્વાદ, નયવાદ અને સપ્તભંગી આ ત્રણ તત્ત્વો ઘણાજ ઉપયોગી છે, જ્યાં સુધી આ ત્રણનું યથાર્થ જ્ઞાન ન થાય ત્યાં સુધી જૈન દર્શ-

નમાં પ્રવેશ થઈ શકે જ નહિ. સ્યાદ્વાદ અને નયવાદ સમજવા માટે જો કે સંસ્કૃતમાં અનેકાન્તજયપતાકા, સ્યાદ્વાદરત્નાકર, સ્યાદ્વાદકલ્પલતા વિગેરે ઘણા ગ્રન્થો છે, પરન્તુ તે તમામ ગ્રન્થો વિદ્વાન્ લોકોને ઉપયોગી છે. સાધારણ જનસમાજ માટે તો સરલ ભાષામાં તેવા અનુવાદોની ઘણી જરૂર છે. કેટલાક વિદ્વાનો તે ઉપર પ્રવૃત્તિ કરવા લાગ્યા પણ છે. આશા છે કે તેનો પણ આસ્વાદ જરૂર થોડા સમયમાં જનસમાજ લેશે. આમાં ખાસ કરીને હું જણાવીશ કે–તમામ પ્રકારની ખટપટો છોડી કેવલ જગતના જીવોની આગળ પરમાત્મા મહાવીરના તત્ત્વોનું અવલોકન કરાવવાનું કામ જો ત્યાગી મહાત્માઓ કામ કરે તો થોડા સમયમાં જગતનાં તમામ દર્શન કરતાં જૈનદર્શન એક અગ્ર ગણ્ય થઇ પડે તેમ છે. દરેક જીવ તેને અવલોકવા પણ ઉત્સાહી છે. આટલું કહ્યા પછી પ્રસ્તુત વિષય પર લગાર ઇસારો કરી વીરમીશ.

દરેક પદાર્થમાં સત્ત્વ, અસત્ત્વ, ઉભય, અવક્તવ્ય વિગેરે ધર્મો જ્યારે વિદ્યમાન છે ત્યારે તે ધર્મોને ઓળખાવવા માટે આપણી પાસે બીજું કયું સાધન છે કે જે દ્વારા તે ધર્મયુકત પદાર્થનું જ્ઞાન થઇ શકે? એવું જો કોઇ સાધન હોય તો કેવળ સપ્તભંગી જ છે તે સપ્તભંગી એક જ પદાર્થમાં કોઇ અપેક્ષાએ સત્ત્વનું જ્ઞાન કરાવે છે ત્યારે બીજી અપેક્ષાએ તેજ પદાર્થમાં અસત્ત્વ છે એમ પણ બહુજ સારી રીતે સમજાવે છે. અને એથી પણ ત્રીજી અપેક્ષાએ ઉભયની સત્તા પણ તે પદાથમાં સમજાવે છે. તથા તે પદાર્થ અવક્તવ્ય છે એમ પણ બહુ નિડરતાથી કહેવામાં આવે છે. આવી રીતે સાપેક્ષ પણે એક પદાર્થનું સાત ધર્મો દ્વારા જે જ્ઞાન કરાવે તેને **સપ્તભંગી** કહેવામાં આવે છે. દૃષ્ટાન્ત તરીકે જે ઘડો માટીનો બનાવવામાં આવેલો હોય તે ઘડામાં માટી દ્રવ્યની અપેક્ષાએ સત્તા રહેલી છે, નહિ કે સુવર્ણ વિગેરેની અપેક્ષાએ. તથા જે

ઘડો જે સ્થાનમાં હોય તે ઘડામાં તે સ્થાનની અપેક્ષાએ સત્ત્વ માનવામાં આવેલ છે નહિ કે અન્ય સ્થાનની અપેક્ષાએ. તથા જે કાલમાં તે વિદ્યમાન હોય તે કાલની અપેક્ષાએ તેમાં સત્તા માનવી, નહિ કે અન્યની અપેક્ષાએ. તથા જેવા રંગનો તે ઘડો હોય તે રંગની અપેક્ષાએ તેમાં સત્તા માનવી, નહિ કે અન્યની અપેક્ષાએ આને સ્વદ્રવ્યાદિ ચતુષ્ટય કહેવામાં આવે છે, તે સ્વદ્રવ્યાદિ ચતુષ્ટયની અપેક્ષાએ તે ઘડામાં સત્તા માનવી અને પર દ્રવ્યાદિચતુષ્ટયની અપેક્ષાએ તે ઘડામાં અસત્તા માનવી. તથા ક્રમિકઉભયની અપેક્ષાએ ઉભય ધર્મો પણ તે ઘડામાં વિદ્યમાન છે. અને એક કાલમાં તે ઉભયને પ્રતિપાદન કરવા માટે બીજો કોઇ પણ શબ્દ ન હોવાથી તે ઘડો અવક્તવ્ય છે. આ તમામ હકીકત આ} ગ્રન્થમાં યુક્તિપુરઃસર સમજાવવામાં આવી છે. પ્રસંગોપાત્ત એને લગતી બીજી પણ કેટલીક બાબતોનું વિવેચન કરવામાં આવેલ છે. આ ગ્રન્થમાં પ્રકાશ રૂપે સાત વિભાગો પાડવામાં આવ્યા છે.

પ્રથમ પ્રકાશમાં જૈનતત્ત્વોની સાથે બીજા દર્શનકારો કેટલા અંશે મળતા છે, તે અને સાથે સાથે સપ્તભંગીની આવશ્યકતા વિગેરે પન્દર વિષયોનું વિવેચન કરવામાં આવેલ છે.

બીજાની અન્દર સપ્તભંગીનાં લક્ષણો પ્રશ્ન કરવાની પદ્ધતિ વિગેરે સોળ વિષયનું વિસ્તાર પૂર્વક વિવેચન કરેલ છે.

ત્રીજાની અન્દર સકલાદેશ, વિકલાદેશ, સ્યાદ્‌શબ્દનો તથા એવકારનો અર્થ વિગેરે વીશ પ્રકારના વિષયોનો ચિતાર આપવામાં આવ્યો છે.

ચોથા પ્રકાશમાં એકપદનો એકજ અર્થ થઈ શકે એ

સંબન્ધિ વિચાર વિગેરે ચાર વિષયોનું દિગ્દર્શન કરાવવામાં આવેલ છે.

પાંચમા પ્રકાશમાં દરેક પદાર્થમાં સપ્તભંગી કેવી રીતે ઘટાવવી તે વિષે વિચાર સાથે બીજા પણ વિષયોનું બહુ સારી રીતે પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

છઠ્ઠા પ્રકાશમાં સ્યાદ્વાદ ઉપર સપ્તભંગી માનવાની આશંકા અને તેનું સમાધાન વિગેરે છ વિષયોનું પ્રતિપાદન કરવામાં આવેલ છે.

સાતમા પ્રકાશમાં મિથ્યાએકાન્તવાદિઓએ કરેલા આક્ષેપોનું સમાધાન કરી આ ગ્રન્થને સમાપ્ત કરવામાં આવેલ છે. જો કે મારી દૃષ્ટિ પ્રમાણે તો બહુજ સુગમતાથી લખવામાં આવેલ છે તોપણ તેની અંદર વિદ્વાનોની દૃષ્ટિએ કોઇ પણ પ્રકારની ત્રુટી દેખાય તો તે જણાવવા પ્રયત્ન કરશો, એટલે બીજી આવૃત્તિમાં સુધારવામાં આવે.

મુંબઇ—ગોડીજીનો ઉપાશ્રય<br>મૌન એકાદશી વીર સં.<br>૨૪૪૭.

મંગલવિજય.

# વિષયાનુક્રમણિકા.

## પ્રથમ પ્રકાશ.


| | | |
|---|---|---|
| ૧ | મંગલાચરણ | ૧ |
| ૨ | જડ અને ચેતનની ઓળખાણ | ૧ |
| ૩ | જીવની બે અવસ્થાઓ | ૨ |
| ૪ | સંસાર અવસ્થાનું કારણ | ,, |
| ૫ | આશ્રવનું સ્વરૂપ | ,, |
| ૬ | બન્ધનું સ્વરૂપ | ,, |
| ૭ | પુણ્ય પાપનો આશ્રવમાં સમાવેશ | ,, |
| ૮ | મુક્તાવસ્થાનું કારણ | ,, |
| ૯ | સંવરનું સ્વરૂપ | ,, |
| ૧૦ | નિર્જરાનું સ્વરૂપ | ૩ |
| ૧૧ | દરેક દર્શનની સાથે જડ અને ચેતનની સરખામણી | ૪ |
| ૧૨ | જડ ચેતનને જાણવાના ઉપાયો | ૯ |
| ૧૩ | સ્વાર્થાધિગમનું સ્વરૂપ અને તેના ભેદો | |
| ૧૪ | પરાર્થાધિગમના ભેદો | |
| ૧૫ | સપ્તભંગી માનવાની આવશ્યકતા | ૧૦ |


## પ્રકાશ બીજો.


| | | |
|---|---|---|
| ૧૬ | સપ્તભંગીનું લક્ષણ | ૧૨ |
| ૧૭ | સપ્તભંગીના નામનો ઉલ્લેખ. | ૧૩ |

૧૮ સપ્તભંગીના લક્ષણમાં આવેલાં વિશેષણોની સાર્થકતા ૧૩

૧૯ અતિવ્યાપ્તિ–અવ્યાપ્તિ અને અસંભવ આ ત્રણ દોષોનું સ્વરૂપ ૧૩

૨૦ બે પ્રકારના લક્ષણનું વર્ણન ૧૪

૨૧ સંશયવિષયીભૂત સાત ધર્મોનાં નામ ૧૬

૨૨ પ્રશ્ન કરવાની પદ્ધતિ ૧૬

૨૩ સંશયનું લક્ષણ ૧૭

૨૪ સપ્તભંગીના બદલામાં નવ ભંગીની આશંકા અને તેનું સમાધાન ૧૮

૨૫ પાંચમા ભાંગામાં ઉપસ્થિત થયેલી શંકા અને તેનું સમાધાન ૧૯

૨૬ જે ભાંગો જે અર્થને પ્રતિપાદન કરતો હોય તેની મુખ્યતા અને સાથે બીજા અર્થનું ગૌણ રૂપે પ્રતિપાદન ૨૧

૨૭ પ્રથમ અને બીજા ભાંગા વચ્ચે ઐકયની આશંકા અને તેનું સમાધાન ૨૨

૨૮ પ્રકારાન્તરથી બીજા દર્શનકારે માનેલી પરરૂપતા ૨૩

૨૯ સત્ત્વ અસત્ત્વનો વાસ્તવિક અર્થ ૨૬

૩૦ પ્રથમ અને બીજા ભાંગાની સાથે ત્રીજા ભાંગામાં અભેદની આશંકા અને તેનું નિરાકરણ ૨૭

૩૧ ચોથા ભાંગા સંબન્ધિ વિચાર ૨૮

૩૨ દરેક ભાંગાને પૃથક્ માનવા સંબન્ધિ વિચાર ૩૧


## પ્રકાશ ત્રીજો.


૩૩ સકલાદેશ અને વિકલાદેશનું લક્ષણ ૩૪

૩૪ કાલાદિ આઠ અને ક્રમયૌગપદ્ય સંબન્ધિ વિચાર ૩૪

૪૦ પ્રથમ અને બીજા ભાંગાનું લક્ષણ ૪૦

૪૧ દ્રવ્યમાં વિશેષ્યતાનો વિચાર ૪૧
૪૨ એવકારના ફલનો વિચાર ૪૨
૪૩ અયોગ વ્યવચ્છેદ, અન્યયોગવ્યવચ્છેદ અને અત્યન્તાયોગ વ્યવછેદ આ ત્રણ પ્રકારના એવકારના સ્વરૂપનો વિચાર ૪૫
૪૪ વાચક પક્ષમાં સ્યાત્ શબ્દનો વિચાર ૪૯
૪૫ દ્યોતક પક્ષમાં સ્યાત્ શબ્દનો વિચાર ૫૦
૪૬ ઘડાની અન્દર સ્વરૂપ પરરૂપનો વિચાર ૫૩
૪૭ સ્વરૂપની ઉપર પણ સ્વરૂપ માનવા સંબન્ધિ વિચાર ૬૦
૪૮ પ્રમેયની અન્દર સ્વરૂપ પરરૂપનો વિચાર ૬૪
૪૯ જીવાદિ છ દ્રવ્યોમાં સ્વરૂપ પરરૂપનો વિચાર ૬૫
૫૦ મહાસત્તામાં અસ્તિત્વ અને નાસ્તિત્વનો વિચાર ૬૬
૫૧ અનુમાન પ્રમાણ દ્વારા અસ્તિત્વ અને નાસ્તિત્વને સાથે રહેવા સંબન્ધિ વિચાર ૬૭

## પ્રકાશ ચોથો.

૫૨ ત્રીજા અને ચોથા ભાંગાનું લક્ષણ
૫૩ એક પદ એકજ અર્થને પ્રતિપાદન કરે છે તે સંબન્ધિ વિચાર ૭૫
૫૪ અવકતવ્ય શબ્દ સંબન્ધિ વિચાર ૭૯

## પ્રકાશ પાંચમો.

૫૫ પાંચમા ભાંગાનો અર્થ ૮૨
૫૬ છઠ્ઠા ભાંગાનો અર્થ ૮૩
૫૭ સાતમાનો અર્થ ૮૪
૫૮ એક વ્યકિતમાં સાત ભાંગાઓ કેવી રીતે ઘટે છે તેનું ઉદાહરણ ૮૪

૫૯ વ્યવવહારિક પદાર્થોમાં ઉદાહરણ દ્વારા સપ્તભંગીનું સ્પષ્ટીકરણ ૯૨

## પ્રકાશ છઠ્ઠો.

૬૦ વ્યસ્તદ્રવ્યપર્યાયદ્વારા સપ્તભંગી ઘટાવવાની પદ્ધતિ
૬૧ દ્રવ્ય પર્યાય બંનેને માનવાની આવશ્યકતા ૯૮
૬૨ અવકતવ્યનેજ કેવલ પદાર્થ રૂપે માનનારાઓનું નિરાકરણ ૯૯
૬૩ સ્યાદ્વાદ ઉપર સપ્તભંગી માનવાની આશંકા અને તેનું સમાધાન ૧૦૦
૬૪ નિત્યત્વ તથા એકત્વમાં સપ્તભંગી ઘટાવવાની પદ્ધતિ ૧૦૪
૬૫ જીવને લઇને સપ્તભંગીની ઓળખાણ — ૧૦૯

## પ્રકાશ સાતમો.

૬૬ એકાન્તવાદિઓએ કરેલા ખોટા આક્ષેપોનું સમાધાન ૧૧૨

# શુદ્ધિપત્ર.

| પૃ૦ | પં૦ | અશુદ્ધમ્ | શુદ્ધમ્ |
|---|---|---|---|
| ૧ | ૧ | માહનંદપદમ્ | મહાનંદપદમ્ |
| ૧૦ | ૧૬ | નયસ્વરૂપ પરાર્થાધિગામ | નયસ્વરૂપપરાર્થાધિગમ |
| ૧૬ | ૨૬ | અને જેનો આકાર કંબુ ગ્રીવાદિવાળો હોય તે ઘટ કહેવાય આ પ્રથમ પ્રકાર | ૦ |
| ૨૦ | ૧૭ | અસત્વ આદિની | અસત્વ |
| ૨૨ | ૪ | પ્રવૃતિએ | પ્રવૃતિઓ |
| ૨૪ | ૨૨ | વ્યધિકરણ ધર્માવચ્છિન્નાભાવે | વ્યધિકરણધર્માં-વચ્છિન્નાભાવ |
| ૨૯ | ૧૬ | તો | ૦ |
| ૩૧ | ૧૯ | યદ્ | ૦ |
| ૩૮ | ૨૪ | એક્ય | ઐક્ય |
| ૩૯ | ૨૨ | અને | એનેજ |
| ૪૦ | ૩ | અનેકાન્ત | અનેકાન્ત |
| ૪૧ | ૧૮ | નીલમુત્પન્નં | નીલમુત્પલં |
| ૪૪ | ૧૯ | એઓનું | તેઓનું |
| ૪૮ | ૩ | અત્યન્ત યોગવ્યવછેદના | અત્યન્તાયોગવ્યવછેદના |
| ૪૮ | ૭ | એ પ્રકારનો | એવકારનો |
| ૫૨ | ૧ | પંચ શબ્દનો | પાંચ અવયવનો |
| ૫૧ | ૨૧ | ઘટમાં સત્ત્વ | ઘટમાં અસત્ત્વ |
| ૫૪ | ૨૪ | થાસાદિ પર્યાયોની માફક ઘડામાં અસત્ત્વતો | થાસાદિપર્યાયોની માફક ઘટપર્યાયથી પણ ઘડામાં અસત્ત્વ માનવામાં આવે તો |
| ૭૧ | ૨૨-૨૪ | ઉપાદાનોપાદોય | ઉપાદાનોપાદેય |

॥ अर्हम् ॥

नमो नमः श्रीप्रभुधर्मसूरये ।

# સપ્તભંગી-પ્રદીપ.

माहनन्दपदं नत्वा धर्मसूरिक्रमाम्बुजम् ।
सप्तभंगीप्रदीपाख्यं ग्रन्थं कुर्वे यथामति ॥१॥

## પ્રથમ પ્રકાશ.

સંસારમાં બે પ્રકારના પદાર્થો જોવામાં આવે છે-**ચેતન** અને જડ. બીજા શબ્દોમાં કહીએ તો **જીવ** અને **અજીવ**. આ બે પદાર્થો પૈકી ચેતન એટલે જીવના બે ભેદો છે. એક બદ્ધાવસ્થાના અર્થાત્ **સંસારી** અને બીજા મુક્તાવસ્થાના **અર્થાત્** **મોક્ષના**. આ પ્રમાણે જીવના ભેદો અવસ્થાને લઈને કરી બતાવવામાં આવ્યા છે. વસ્તુતઃ જીવના મૂળ સ્વરૂપમાં કંઈ પણ ભેદ જેવું નથી. ત્યારે હવે એ જાણવું જોઈએ કે-મૂળ એકજ સ્વરૂપવાળા બે પ્રકારના જીવોની આવી ભિન્ન અવસ્થાઓ હોવાનું કારણ શું છે? આને માટે પહેલાં **સંસારાવસ્થાનું** કારણ તપાસીએ.

સંસારાવસ્થાનાં મુખ્ય બે કારણો છે-આશ્રવ અને બન્ધ.

**આશ્રવ**-શુભ અથવા અશુભ કર્મોને આવવાના કારણરૂપ આત્માના પરિણામ વિશેષને **આશ્રવતત્ત્વ** કહેવામાં આવેછે. આ આશ્રવ, આત્માનોજ પરિણામ વિશેષ હોવાથી, તેને પણ પરિણામ અને પરિણામીની અભેદ વિવક્ષા કરીને આત્માથી ભિન્ન ન માનતાં ચેતન પદાર્થમાંજ અન્તર્ભાવ કરવામાં આવે છે. અથવા તો કાર્યનો કારણમાં ઉપચાર કરીને તેનો પુદ્ગલમાં પણ સમાવેશ થઇ શકે છે. અને તે પુદ્ગલ જડ-અજીવરૂપ હોવાથી આ આશ્રવતત્ત્વ પણ જડ-અજીવમાં ગણી શકાય.

**બંધ**-આત્માના પ્રદેશની સાથે ક્ષીરનીરની માફક અથવા તો અગ્નિ અને લોઢાના ગોળાની માફક ઓતપ્રોત થઇ ગયેલ કર્મવર્ગણારૂપ દ્રવ્યને **બંધતત્ત્વ** કહેવામાં આવે છે. આ બંધતત્ત્વનો પણ, પૂર્વોક્ત યુક્તિથી જીવ અને અજીવ અથવા ચેતન અને જડની અંદર સમાવેશ થઇ જાય છે. આ સિવાય પુણ્ય અને પાપ નામના બે પદાર્થો છે, તે પણ આશ્રવથી જુદા ન હોવાને લીધે આશ્રવના નિરૂપણની સાથે તેનું પણ નિરૂપણ થઇજ જાય છે. સુતરાં, આશ્રવની સાથે પુણ્ય-પાપનો પણ અંતર્ભાવ જીવ-અજીવમાં થઇ ગયો; એમ કહેવાની હવે કંઇ જરૂર રહેતી નથી.

બસ, ઉપર્યુક્ત મુખ્ય બે-આશ્રવ અને બંધતત્ત્વની સહાયતાથીજ અથવા કહો કે- આ બે તત્ત્વોના કારણેજ જીવ સંસારાવસ્થામાં પરિભ્રમણ કરે છે.

હવે મુક્તાવસ્થાનું કારણ તપાસીએ. આનાં મુખ્ય બે કારણો છે. સંવર અને નિર્જરા.

**સંવર**—નવીન કર્મવર્ગણાઓને આવતી અટકાવવામાં જે

કારણ છે, તેને **સંવરતત્ત્વ** કહેવામાં આવે છે. સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો—ઉપર બતાવેલ **આશ્રવને** રોકવાવાળા આત્માના પરિણામ વિશેષને **સંવર** કહેવામાં આવે છે. આ સંવરના પણ બે ભેદો છે. ૧ **દેશસંવર** અને ૨ **સર્વથા સંવર.** અર્થાત્ દેશથી એટલે અમુક હદ સુધી આશ્રવને રોકવાવાળા આત્માના પરિણામ વિશેષને **દેશસંવર** કહેવામાં આવે છે અને સર્વથા આશ્રવને રોકવાવાળા ( શૈલેશી અવસ્થાના ) આત્માના પરિણામવિશેષને **સર્વસંવર** કહેવામાં આવે છે. આ બન્ને પ્રકારના આત્માના પરિણામવિશેષ—**સંવરનો** પણ **ચેતન** પદાર્થમાં સમાવેશ થઇ જાય છે.

**નિર્જરા**—આત્માના પ્રદેશની સાથે લાગેલી કર્મવર્ગણાઓને દેશથી કિંવા સર્વથી જૂદી કરવાવાળા આત્માના પરિણામવિશેષને **નિર્જરાતત્ત્વ** કહેવામાં આવે છે. આનો પણ સમાવેશ **ચેતન** પદાર્થમાંજ થઇ જાય છે. આવી રીતે સર્વથા કર્મથી મુક્ત થવું એનું નામજ **મોક્ષ** છે. અને એ દેખીતુંજ છે કે—આત્માના સ્વકીય—અસલી સ્વભાવના આવિર્ભાવરૂપ **મોક્ષાવસ્થા ચેતનતત્ત્વથી** જૂદી હોઇ શકેજ નહિં. સુતરાં, ઉપરના વૃત્તાન્તથી એ નિશ્ચય થાય છે કે—સંસારમાં મુખ્યતયા બેજ તત્ત્વો છે. **ચેતન** અને **જડ.** જો કે—ઘણા ગ્રંથોમાં **સાત** અને **નવ તત્ત્વો** પણ બતાવવામાં આવ્યા છે, પરન્તુ તે કેવળ અવસ્થાભેદના કારણ તરીકે ઓળખવાની ખાતરજ. અને તેમ કરવું વ્યાજબી પણ છે. કારણ કે—જ્યાં સુધી કારણનું જ્ઞાન કરાવવામાં ન આવે, ત્યાં સુધી કાર્ય કરવામાં પ્રવૃત્તિ થઇ શકતી નથી. એટલા માટેજ અવસ્થાભેદને લઇને સાત અથવા નવ તત્ત્વો બતાવવામાં આવ્યા છે. પરન્તુ એટલું તો ખરૂંજ કે—દરેક દર્શનકારોને જીવ અને અજીવ અથવા

**ચેતન** અને **જડ** આ બે પદાર્થો મુખ્યતયા માનવા પડયા છે અને માનવા પડે છે પણ ખરા. કારણ કે-જો આ બે પદાર્થો ન માનવામાં આવે, તો **બંધ** અને **મોક્ષ**નીજ વ્યવસ્થા ન બની શકે.

હવે આ મુખ્ય બે–ચેતન અને જડ–પદાર્થોને અન્ય દર્શનકારો કેવી રીતે માને છે, એ લગાર જોઇ જઇએ.

**સાંખ્ય** દર્શનકાર પચીસ તત્ત્વોનું પ્રતિપાદન કરે છે તેમાં મુખ્ય બે માને છે. **પુરૂષતત્ત્વ** અને **પ્રકૃતિતત્ત્વ**. આ સિવાયનાં **ત્રેવીસ** તત્ત્વોનો અનુક્રમે પ્રકૃતિથી આવિર્ભાવ થાય છે. જેમ— **પ્રકૃતિથી** મહત્તત્ત્વ એટલે **બુદ્ધિ** ઉત્પન્ન થાય છે, બુદ્ધિથી **અહંકાર**નો આવિર્ભાવ થાય છે અને તે અહંકારથી બીજાં સોળ તત્ત્વો ઉત્પન્ન થાય છે. તે સોળ તત્ત્વો આ છે—૧ રૂપતન્માત્રા, ૨ રસતન્માત્રા, ૩ ગન્ધતન્માત્રા, ૪ સ્પર્શતન્માત્રા અને ૫ શબ્દતન્માત્રા. આ પાંચ તત્ત્વોને **સૂક્ષ્મતન્માત્રા**ના નામથી ઓળખાવવામાં આવે છે. તે સિવાય ૧ સ્પર્શેન્દ્રિય, ૨ રસનેન્દ્રિય, ૩ ઘ્રાણેન્દ્રિય, ૪ ચક્ષુરિન્દ્રિય અને ૫ શ્રવણેન્દ્રિય આ પાંચ ઇંદ્રિયોને **જ્ઞાનેન્દ્રિયો** કહેવામાં આવે છે. વળી છઠ્ઠું મન ( અંતઃકરણ ) અને ૧ વાણી, ૨ હાથ, ૩ પગ, ૪ ઉપસ્થ ( પુરૂષચિહ્ન ) અને ૫ ગુદા—આ પાંચને કર્મેન્દ્રિયો કહેવામાં આવે છે. એ પ્રમાણે પૂર્વોક્ત પાંચ સૂક્ષ્મતન્માત્રા, ૫ જ્ઞાનેન્દ્રિય, ૧ મન અને ૫ કર્મેન્દ્રિય–એ સોળ ગુણો અહંકારથી ઉત્પન્ન થાય છે. વળી ઉપર બતાવેલ પાંચ સૂક્ષ્મતન્માત્રાથી પાંચ મહાભૂતનો આવિર્ભાવ થાય છે. આવી રીતે પ્રકૃતિથી આવિર્ભાવ થવા વાળાં ત્રેવીસ તત્ત્વોને પ્રકૃતિથી જુદાં કેમ કહી શકાય ? અને જ્યારે તે તત્ત્વોને પ્રકૃતિથી જુદાં ન કહી શકીએ ત્યારે તે તત્ત્વોનો પણ જડ પદાર્થમાંજ સમાવેશ કરવો પડશે. કારણ કે—જેનાથી એ તત્ત્વો ઉત્પન્ન થાય છે, તે–સત્ત્વ–રજો અને

તમોગુણની સામ્યાવસ્થારૂપ **પ્રકૃતિ** પોતે પણ **જડ** જ **છે, એટલે** તેવીસ તત્ત્વો **ચેતન છે,** એમ તો કહી શકાય તેમ **છે** જ **નહિં.** કારણ કે—જેનું કારણ જડ હોય, તેનું કાર્ય **ચેતન** હોઇ શકે **નહિં.** **હવે** પુરૂષતત્ત્વ તો **ચેતન** જ **છે,** એમાં કાંઇ કહેવા જેવું **છે જ** નહિં. આવી રીતે વિચાર કરતાં **સાંખ્યદર્શન**ના મત પ્રમાણે **પણ** મુખ્ય તો તે બેજ તત્ત્વો સિદ્ધ થાય **છે, ચેતન** અને **જડ.**

હવે **વૈશેષિકદર્શન** તરફ દૃષ્ટિપાત કરીએ. **વૈશેષિકદર્શનકારે** તત્ત્વો સાત માન્યાં **છે;** પરન્તુ તે સાતેનો **સમાવેશ બે તત્ત્વોની** અંદર થઇ જાય છે. તે દર્શનના માનેલાં સાત તત્ત્વો આ **છે—** ૧ **દ્રવ્ય,** ૨ **ગુણ,** ૩ **કર્મ,** ૪ **સામાન્ય,** ૫ **વિશેષ,** ૬ **સમવાય,** અને ૭ **અભાવ.** આ સાત પૈકી પ્રથમ જે **દ્રવ્ય** કહેવામાં **આવેલ છે,** તેના નવ ભેદો છે—પૃથિવી, પાણી, તેજ, વાયુ, આકાશ, **કાલ,** દિશા, આત્મા અને મન. આમાં **આત્મા** તો સ્વયં **ચેતન** છે **જ.** તે સિવાય પૃથ્વી, પાણી, તેજ અને વાયુ એ ચાર તત્ત્વોને **પણ** ચૈતન્યના સંબંધને લઇને **ચેતન** જ કહેવામાં આવે છે. અને **તેઓનાં** નામો જુદાં જુદાં હોવાનું કારણ તેવા પ્રકારનું **નામકર્મ સિવાય** બીજું કંઇ નથી. આ ચારેમાંથી જ્યારે આયુષ્યકર્મનો **સંબંધ પૂરો** થવાથી ચૈતન્ય ચ્યવી જાય છે—નિકળી જાય **છે,** ત્યારે તે **ચારેનો જડમાં સમાવેશ** કરવામાં આવે છે. હવે **દિશા** તો **આકાશથી** ભિન્ન છે જ નહિં, એટલે તેનો સમાવેશ આકાશમાં **કરવામાં** આવે છે. અને આ આકાશ અરૂપી-જડ હોવાથી તે **અજીવ** માં ( જડમાં ) ગણાય છે. હવે રહ્યો **કાલ.** તે પણ વર્તન-પરિણામ રૂપ છે અને તેનો પણ અજીવતત્ત્વમાં સમાવેશ થાય **છે.** અન્તમાં **મનોદ્રવ્ય** રહ્યાં. આના બે ભેદો છે. ૧ **દ્રવ્યમન અને** ૨ **ભાવમન.** તેમાં **દ્રવ્યમન** પુદ્ગલસ્વરૂપ હોવાથી તેની **ગણતરી**

જડમાં થાય છે, જ્યારે **ભાવમન** મનનસ્વરૂપ-ઉપયોગરૂપ હોવાથી તેનો **ચેતનની** અંદર સમાવેશ થાય છે.

આવી રીતે **દ્રવ્યતત્ત્વના** નવે ભેદો **ચેતન** અને જડમાં અન્તર્ગત થઇ જાય છે. હવે બીજું તત્ત્વ છે ગુણ. આ ગુણના ચોવીસ ભેદો અર્થાત્ ચોવીસ પ્રકારના ગુણો માનવામાં આવ્યા છે. તે પણ દ્રવ્યના પર્યાયરૂપ હોવાથી દ્રવ્યતત્ત્વથી જૂદા ગણી શકાય તેમ નથી. સુતરાં, દ્રવ્યતત્ત્વનો જેમાં સમાવેશ થાય છે, તેમાં ગુણનો પણ સમાવેશ થઇજ જાય છે.

ત્રીજું તત્ત્વ છે **કર્મ**. આ કર્મ ઉત્ક્ષેપણાદિ પાંચ પ્રકારનો છે. તે પણ જીવ-અજીવની ક્રિયારૂપ હોવાથી અને જીવાજીવની સાથે તેનો તાદાત્મ્યસંબંધ હોવાથી તેને જીવાજીવ ( ચેતન-જડ )-થી કોઇ જૂદાં ગણી શકે તેમ નથી.

ચોથું અને પાંચમું તત્ત્વ છે **સામાન્ય** અને **વિશેષ**. આ બન્ને તત્ત્વો તો દ્રવ્યસ્વરૂપ હોવાથી દ્રવ્યથી પૃથક્ ગણી શકાય તેમ છેજ નહિં. કારણ કે-દ્રવ્યનો સ્વભાવજ સામાન્ય-વિશેષ સ્વરૂપ છે અને જ્યારે દ્રવ્યનોજ જડ અને ચેતનમાં સમાવેશ કરવામાં આવ્યો છે; ત્યારે સામાન્ય અને વિશેષનો પણ તેમાંજ સમાવેશ સ્વતઃ થઇ જાય છે.

છઠ્ઠું તત્ત્વ છે **સમવાય**. આ **સમવાય** પણ દ્રવ્યાદિકના તાદાત્મ્યથી અલગ નથી. અને દ્રવ્યાદિકનું તાદાત્મ્ય પણ દ્રવ્યાદિસ્વ-રૂપ છે. હવે દ્રવ્યાદિકનો સમાવેશ જડ-ચેતનમાં થવાથી **સમવાયનો** પણ અન્તર્ભાવ જડ-ચેતનમાંજ સમજવો અર્થાત્ જડ તાદાત્મ્યસ્વરૂપ સમવાયનો જડમાં અને ચેતનતાદાત્મ્યસ્વરૂપ સમવાયનો ચેતનમાં સમાવેશ સમજવો જોઇએ.

હવે સાતમું તત્ત્વ રહ્યું **અભાવ**. આ **અભાવને** જો તુચ્છરૂપ માનવામાં આવે, તો તે આકાશપુષ્પસમાન હોવાથી પદાર્થજ કેવી રીતે માની શકાય ?

ટૂંકમાં, ઉપર પ્રમાણે વિચાર કરતાં **વૈશેષિકદર્શનકારે** માનેલ સાતે તત્ત્વોનો સમાવેશ પણ મુખ્ય બે-**ચેતન** અને **જડ**માંજ થઇ જાય છે. સુતરાં આ દર્શનના અભિપ્રાયથી પણ મુખ્ય બે તત્ત્વો સિદ્ધ થાય છે.

આ પ્રમાણે **નૈયાયિકદર્શનકારે** માનેલ સોળ પદાર્થોનો પણ ઉપર્યુક્ત સાત પદાર્થોમાંજ અન્તર્ભાવ કરવામાં આવેલો છે. આ વાત **मुक्तावली** ની ટીકા **दिनकरी** વિગેરે ગ્રંથોમાં સ્પષ્ટપણે સમજાવવામાં આવીછે અને જ્યારે ઉપર્યુક્ત સાત પદાર્થોનો સમાવેશ જડ અને **ચેતન**-એ બે પદાર્થોમાંજ થઇ જાય છે. તો પછી એ સમજાવવાની કાંઇ આવશ્યકતા રહેતી નથી કે-નૈયાયિકોએ માનેલ સોળ પદાર્થોનો પણ જડ અને ચેતનમાંજ સમાવેશ થઇ જાય છે.

હવે **વેદાન્તદર્શન** તરફ દૃષ્ટિપાત કરીએ. યદ્યપિ વૈદાન્તિક-દર્શનકારે માત્ર એક **બ્રહ્મતત્ત્વને** માનેલ છે; પરન્તુ તેમણે પણ ચેતનરૂપ બ્રહ્મતત્ત્વની સાથે પરમાર્થદૃષ્ટિએ જડ પદાર્થ અવશ્ય માનવો પડશે. કારણ કે- સંસારમાં ઘટ-પટાદિ એવા અનન્ત પ-દાર્થો જોવામાં આવે છે કે-જેમાં ચૈતન્યશક્તિ જોવામાં આવતીજ નથી. વળી જો માત્ર એકજ પદાર્થ-**ચેતન**ને માનવામાં આવે, તો સમસ્ત સંસારનો વ્યવહાર પણ ચાલી શકે તેમ નથી. સૌથી પ્રથમ તો **ચેતન** શબ્દનો વ્યવહારજ નહિં થઇ શકે. કારણ કે હમેશાં શબ્દની પ્રવૃત્તિ સાપેક્ષ રીતિથી થાય છે. ચેતન ભિન્ન બીજો કોઇ પદાર્થ હોય, તોજ **ચેતન** શબ્દની પ્રવૃત્તિ થઇ શકે. બીજી વાત

એ છે કે-ચેતન અને જડ એ બે પદાર્થો માન્યા સિવાય, આત્માની સાથે શરીરના સંબંધનો અને ખાન-પાન-વસ્ત્ર-પાત્ર-ઘર-હાટ-ઘરેણાં વિગેરે તમામ પ્રકારના જગત્પ્રસિદ્ધ વ્યવહારોનો પણ ઉચ્છેદ થવા સંભવ છે; તેમ બન્ધ અને મુક્તનો પણ વ્યવહાર પણ વંધ્યાપુત્ર જેવો થઇ જશે.

કદાચિત્ કોઇ એમ કહેવાનું સાહસ કરે કે-'તે તો અતત્ત્વમાં તત્ત્વનું પ્રતિભાસરૂપ હોવાથી ભ્રાંતિસ્વરૂપ છે,' તો તે પણ કથન ઠીક નથી. કારણ કે-ભ્રાન્તિ તો ત્યાં થઇ શકે કે-જ્યાં ઉત્તરકાલમાં બાધજ્ઞાન થતું હોય. જેમ કે-કોઇ માણસને દૂરથી દોરડી દેખીને સર્પનું જ્ઞાન થયું, છીપને દેખીને ચાંદીનું જ્ઞાન થયું અથવા મૃગતૃષ્ણાને દેખીને-આંખમાં ઝાંઝવાં થવાથી પાણીનું જ્ઞાન થયું. અને પાછળથી-ઉત્તર કાલમાં પાસે જવાથી સર્પનું જ્ઞાન નિવૃત્ત થયું અને દોરીનું જ્ઞાન થયું; ચાંદીનું જ્ઞાન નિવૃત્ત થયું અને છીપનું જ્ઞાન થયું તથા પાણીનું જ્ઞાન નિવૃત્ત થયું અને ઝાંઝવાંનું જ્ઞાન થયું. આવી રીતે જ્યાં ઉત્તરકાલમાં બાધજ્ઞાન પ્રાપ્ત થાય, ત્યાંજ ભ્રાન્તિ મનાય છે; પરન્તુ ઘટ-પટાદિ પદાર્થોમાં કોઇપણ વખતે તથાપ્રકારનું બાધજ્ઞાન થતુંજ નથી, તો પછી તે પદાર્થોમાં ભ્રાન્તિ કેવી રીતે મનાય ? અતએવ પૂર્વોક્ત દૂષણોથી મુક્ત થવા માટે ચેતનની સાથે પરમાર્થપણે જડ પદાર્થ પણ અવશ્ય માનવોજ જોઇએ.

હવે બૌદ્ધદર્શનને જૂઓ. બૌદ્ધોમાં બે વર્ગ છે. એક વર્ગ એવો છે કે-જે આત્મતત્ત્વને માને છે, જ્યારે બીજો વર્ગ આત્મતત્ત્વને માનતો નથી. જે લોકો આત્મતત્ત્વને માને છે, તેઓના મતમાં જીવ, પુદ્ગલ, આકાશ અને કાલ આ ચાર તત્ત્વો માનવામાં આવેલ છે. તેમાં પણ પુદ્ગલ, આકાશ અને કાલ

એ ત્રણુ તત્ત્વો જડરૂપ હોવાથી તેનો જડમાં સમાવેશ થાયછે. આત્મા–જીવ, કે જેનું બીજું નામ **આલયવિજ્ઞાન** છે, તે તો **ચેતનરૂપ** છે. એટલે તે મતાનુસારે પણ **ચેતન** અને જડ એ બે પદાર્થોજ સિદ્ધ થયા.

હવે જે બૌદ્ધો આત્મતત્ત્વનેજ માનતા નથી, તે તો ચાર્વાકની માફક નાસ્તિક હોવાથી પ્રામાણિક–આસ્તિક દર્શનોમાં તેની ગણતરી હોઇ શકે નહિ. અત એવ તે મતની તો આપણે ઉપેક્ષાજ કરીશું.

આમ મીમાંસકોના મત પ્રમાણે પણ **ચેતન** અને જડ એ બે પદાર્થો સિદ્ધ થાય છે.

ઉપરના વૃત્તાન્તથી આપણે જોઇ ગયા કે–જેટલાં આસ્તિક દર્શનો છે, તે દરેકના મત પ્રમાણે સંસારમાં મુખ્ય બે પદાર્થો સિદ્ધ થાય છે. **ચેતન** અને જડ. હવે એ બતાવવું જરૂરનું છે કે આ બે પદાર્થો શાથી જાણી શકાય ? અર્થાત્ આ પદાર્થોને જાણુવાના ઉપાયો કયા છે ?

**ચેતન** અને જડ, આ બે પદાર્થોને જાણુવાના મુખ્ય બે ઉપાયો છે—૧ **સ્વાર્થાધિગમ** અને ૨ **પરાર્થાધિગમ.**

**સ્વાર્થાધિગમ,** કે જે જ્ઞાનસ્વરૂપ છે, તેના પાંચ ભેદો છે—૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિજ્ઞાન, ૪ મનઃપર્યવજ્ઞાન અને ૫ કેવળજ્ઞાન. આ પાંચેને સ્વાર્થાધિગમના નામથી ઓળખવામાં આવે છે. આનું સ્વરૂપ પણ ટૂંકામાં જોઇ જઇએ—

૧ **મતિજ્ઞાન**—યોગ્ય પ્રદેશમાં રહેલી વસ્તુનો ઇન્દ્રિય અને

અનિન્દ્રિયદ્વારા નિશ્ચય કરાવવામાં જે જ્ઞાન સમર્થ હોય, તેનું નામ **મતિજ્ઞાન છે.**

૨ **શ્રુતજ્ઞાન**—આપ્તોપદેશદ્વારા વસ્તુના નિશ્ચાયકપણામાં જે જ્ઞાન સમર્થ હોય, તેને **શ્રુતજ્ઞાન** કહેવામાં આવે છે.

૩ **અવધિજ્ઞાન**—ઇન્દ્રિય–અનિન્દ્રિયની અપેક્ષા વિના અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમને લઇને જે જ્ઞાન, રૂપી પદાર્થનો નિશ્ચય કરાવે, તેનું નામ **અવધિજ્ઞાન છે.**

૪ સંજ્ઞિપંચેન્દ્રિયજીવોએ વસ્તુને ચિંતવવા માટે લીધેલા મનોવર્ગણારૂપ દ્રવ્યોને નિશ્ચય કરાવવાવાળું જે જ્ઞાન હોય, તેને **મનઃપર્યવજ્ઞાન** કહેવામાં આવે છે.

૫ લોકાલોકના પ્રકાશક જ્ઞાનને **કેવલજ્ઞાન** કહેવામાં આવે છે. **અર્થાત્**—ભૂત–ભવિષ્ય અને વર્ત્તમાન–ત્રણે કાલના, સૂક્ષ્મ, સ્થૂલ, વ્યવહિત, સંનિહિત, દૂર, નજીક અને ન્હાના મોટા વિગેરે તમામ પદાર્થોનું પ્રત્યક્ષજ્ઞાન કરાવવાવાળા જ્ઞાનનું નામજ **કેવલજ્ઞાન** છે.

**પરાર્થાધિગમ**ના પણ બે ભેદો છે. ૧ પ્રમાણરૂપ પરાર્થાધિગમ અને ૨ નયસ્વરૂપપરાર્થાધિગામ. તેમાં સંપૂર્ણ રીતે વસ્તુતત્ત્વનું ભાન કરાવે, તેનું નામ પ્રમાણરૂપપરાર્થાધિગમ છે, અને દેશતઃ વસ્તુનું ભાન કરાવવાવાળાનું નામ નયરૂપપરાર્થાધિગમ છે.

આ બન્ને પ્રકારના પરાર્થાધિગમના, વિધિપ્રતિષેધની પ્રધાનતાને લઇને સાત પ્રકાર બતાવવામાં આવ્યા છે, કે જેને પ્રમાણસપ્તભંગી કે નયસપ્તભંગીના નામથી ઓળખવામાં આવે છે. કારણ કે–સાતે ભંગોના અર્થાત્ સાતે વાક્યોના સમુદાયનું નામજ છે **સપ્તભંગી**. આ

સપ્તભંગીનું જ્ઞાન પદાર્થવિજ્ઞાનમાં ઘણું ઉપયોગી હોવાથી, તેનું સ્વરૂપ બતાવવું, એજ આ ગ્રન્થનો ઉદ્દેશ છે.

બસ, પ્રથમ પ્રકાશમાં આટલું ઉપોદ્ઘાતરૂપે લખી હવે બીજા પ્રકાશમાં પ્રવેશ કરીશું.

इतिः प्रथमः प्रकाशः ।

# બીજો પ્રકાશ.

પ્રથમ પ્રકાશમાં આપણે ટૂંકામાં પણ, **સપ્તભંગી**ની આવશ્યકતા જોઇ ગયા છીએ. હવે એ **સપ્ત**ભંગીમાં ન્યૂનાધિક ભંગ સંબંધી આક્ષેપના પરિહારપૂર્વક **સપ્તભંગી**નું સ્થાપન કરવું જરૂરનું હોઇ, આ પ્રકાશમાં તેનું સ્થાપન કરવામાં આવશે.

સપ્તભંગીનું સામાન્ય લક્ષણ આ છે—" જીવ કે અજીવ પદાર્થ પૈકીના કોઇપણ **એક પદાર્થમાં રહેલા** સત્ત્વ-અસત્ત્વ-જ્ઞેયત્વ-વાચ્યત્વ-નિત્યત્વ-અનિત્યત્વ-સામાન્ય-વિશેષવત્ત્વાદિ અનેક ધર્મોમાંથી પ્રત્યેક ધર્મ સંબંધી પ્રશ્નનું અવલંબન કરીને તથા પ્રત્યક્ષાદિ પ્રમાણોથી અવિરૂદ્ધ એવા વિધિ-પ્રતિષેધરૂપ નાના ધર્મ વિષયક જ્ઞાનને ઉત્પન્ન કરાવવાવાળાં અને **स्यात्** પદથી ચિહ્નિત **સાતવાક્યોના સમુદાયને સપ્તભંગી** કહેવામાં આવે છે." અને આજ સપ્તભંગીનું સામાન્ય લક્ષણ છે.

કહેવાની મતલબ કે-એકજ વસ્તુની અંદર રહેલા જે અનેક ધર્મો, તેમાંથી પ્રત્યેક ધર્મ સંબંધી પ્રશ્નનું અવલંબન કરીને તથા પ્રત્યક્ષાદિ પ્રમાણોથી અવિરૂદ્ધ અને વ્યસ્ત-સમસ્તરૂપ જે વિધિ-નિષેધ ધર્મો, તેની કલ્પનાયુક્ત એવં **स्यात्** પદથી લક્ષિત એવા સાત પ્રકારના વચન-પ્રયોગોને સપ્તભંગી કહેવામાં આવે છે. સપ્તભંગી ( સાત ભાંગાઓ ) નાં નામો આ છેઃ—

१ स्यादस्ति ५ स्यादस्ति अवक्तव्यश्च
२ स्यान्नास्ति ६ स्यान्नास्ति अवक्तव्यश्च
३ स्यादस्ति नास्ति च ७ स्यादस्ति नास्ति अवक्तव्यश्च
४ स्यादवक्तव्यः

જેમ—स्यादस्त्येव मे माता वन्ध्या ।

મારી માતા વાંઝણી છે;

स्यान्नास्त्येव मे माता वन्ध्या ।

મારી માતા વાંઝણી નથી.

તથા—स्यादस्त्येव अग्निः शीतः ।

અગ્નિ શીતસ્પર્શવાળો છે,

स्यान्नास्त्येव अग्निः शीतः ।

અગ્નિ શીતસ્પર્શવાળો નથી.

એવં—स्यादस्त्येव पंचभूतात्मकजीवः ।

જીવ પાંચભૂતાત્મક છે,

स्यान्नास्त्येव पंचभूतात्मकजीवः ।

જીવ પાંચભૂતાત્મક નથી.

ઇત્યાદિ સ્થળોમાં, પ્રત્યક્ષાદિ પ્રમાણોથી વિરૂદ્ધ વાકયોની અંદર **अतिव्याप्ति** દોષ નિવારણને માટે પ્રત્યક્ષાદિ પ્રમાણોથી અવિરૂદ્ધ એવા સપ્તભંગીના લક્ષણની અંદર વિશેષણ આપવામાં આવેલું છે. કારણ કે શુદ્ધ લક્ષણ તેજ કહી શકાય, કે જેમાં **अतिव्याप्ति**, **अव्याप्ति** અને **असंभव**-એમાંનો એક પણ દોષ આવે નહિં. આ ત્રણ દોષોમાં—

**अतिव्याप्ति** દોષ તે લક્ષણમાં કહેવામાં આવે છે કે—જે લક્ષણ, લક્ષ્ય અને અલક્ષ્ય બન્નેની અંદર રહે. જેમ—'પરિણામી

હોય, તે જીવ કહેવાય.' આવું લક્ષણ કરવામાં **अतिव्याप्ति** દોષ આવે છે, કારણ કે—જીવને છોડી અલક્ષ્ય–જે પુદ્ગલ, તેમાં પણ આ લક્ષણ જાય છે, કેમકે પુદ્ગલ પણ પરિણામી હોય છે. માટે આ લક્ષણ ઠીક ન કહેવાય.

**अव्याप्ति** દોષ એ લક્ષણમાં કહેવામાં આવે છે કે—જે લક્ષણ, લક્ષ્યના એક ભાગમાં રહે; સર્વમાં ન રહે. જેમ—'કેવલજ્ઞાનવાળો હોય, તે જીવ કહેવાય.' આ લક્ષણ ભવસ્થ કેવલી (સયોગીકેવલી અને અયોગીકેવલી ) અને સિદ્ધના જીવોમાં પણ રહે છે, પરન્તુ છદ્મસ્થ જીવમાત્રમાં રહેતું નથી. અત એવ તે લક્ષણ **अव्याप्ति** દોષવાળું કહી શકાય.

**असंभव** દોષ એ લક્ષણમાં કહેવામાં આવે છે કે–જે લક્ષણ લક્ષ્યમાં બિલકુલ ન રહે. જેમ—'ચૈતન્યરહિત હોય, તે જીવ કહેવાય.' આ લક્ષણ કોઇ પણ જીવરૂપ લક્ષ્યની અંદર નહિં રહેતું હોવાથી, **असंभव** દોષવાળું કહેવાય છે, કારણ કે—ચૈતન્યરહિત તો કોઇ જીવ હોયજ નહિં.

અતએવ ઉપર્યુક્ત ત્રણે દોષોથી રહિત જે લક્ષણ હોય, તેજ શુદ્ધ લક્ષણ કહી શકાય—જેમ '**उपयोगवत्वं जीवस्य लक्षणम्**' ઉપયોગ વાળો હોય, તે જીવ કહેવાય.' આ લક્ષણમાં ઉપર્યુક્ત ત્રણ દોષો પૈકી એક પણ દોષ આવતો નથી.

આ પ્રસંગે એક એ વાત પણ કહેવી જરૂરની છે કે–સામાન્ય લક્ષણો બે પ્રકારનાં હોય છે–૧ **તત્સ્થ લક્ષણ** અને ૨ **અતત્સ્થલક્ષણ.**

**तत्स्थलक्षण** એ છે કે–જે લક્ષણ, લક્ષ્યની અંદર તેનું સ્વ-

રૂપભૂત હોઇ કરીને બીજાઓની વ્યાવૃત્તિ કરે; જેમ—' ઉપયોગવાળો જીવ કહેવાય,' ' ઉષ્ણ સ્પર્શવાળો અગ્નિ કહેવાય,' આ લક્ષણો જીવ અને અગ્નિની અંદર રહીનેજ બીજા અજીવાદિકની વ્યાવૃત્તિ કરે છે.

**अतत्स्थलक्षण** એ છે કે–જે લક્ષણ, લક્ષ્યમાં કાયમ નહિ રહી કરીને પણ લક્ષ્યને ઓળખાવે, અને બીજાથી વ્યાવૃત્તિ કરાવે. જેમ— **दंडी देवदत्तः** તથા **जटिलस्तपस्वी** અર્થાત્—' દેવદત્ત દંડવાળો છે,' ' જટાવાળો તપસ્વી છે.' આ લક્ષણો ' ઉપયોગ ' ની માફક લક્ષ્યમાં કાયમને માટે રહેતાં નથી, પરન્તુ લક્ષ્ય–દેવદત્ત અને તપસ્વી, તેની ઓળખાણ કરાવવા પૂર્વક અલક્ષ્ય–ભૂત–ચૈત્રાદિની વ્યાવૃત્તિ બરાબર કરાવે છે. માટે આવાં લક્ષણોને **अतत्स्थलक्षण** કહેવામાં આવે છે.

પ્રસંગોપાત્ત લક્ષણો સંબંધી આટલો ખુલાસો કર્યા પછી હવે આપણે પ્રસ્તુત વિષય ઉપર આવીએ—

આ બીજા પ્રકાશની શરૂઆતમાં **सप्तभंगी**નું જે લક્ષણ બતાવવામાં આવેલું છે, તેની અંદર ખાસ કરીને આ બે વિશેષણો તરફ વાચકોનું વધારે ધ્યાન ખેંચવામાં આવે છે—' **એક પદાર્થમાં રહેલા** ' અને ' સાત વાક્યનો સમુદાય. ' આ બન્ને વિશેષણો ખાસ કરીને વધારે ઉપયોગી છે. **घटोऽस्ति पटो नास्ति** ઘટ છે, પટ નથી. આવાં ભિન્ન ધર્મને બતાવનારાં વાક્યોમાં ' અતિવ્યાપ્તિ ' દોષ નિવારણને માટે ' **એક પદાર્થમાં રહેલા** ' એ વિશેષણ આપવામાં આવ્યું છે. અને **घटः स्यादस्ति स्यान्नास्ति** ' કથંચિત્ ઘટ છે, કથંચિત્ નથી, ' આવાં બે વાક્યોની અંદર લક્ષણના જવાથી ' અવ્યાપ્તિ ' દોષ નિવારવાને માટે ' **સાત વાક્યોનો સમુદાય** ' એ વિશેષણ આપવામાં આવ્યું

છે. આવી રીતે સપ્તભંગીના લક્ષણમાં આપેલાં બીજાં વિશેષણોની પણ સાર્થકતા સમજી લેવી.

હવે, આ સપ્તભંગીની અંદર, જે સાતપ્રકારના પ્રશ્નો ઉદ્ભવે છે, તેનું કારણ કેવળ સાત પ્રકારની જિજ્ઞાસા જ છે. સાત પ્રકારની જિજ્ઞાસા થવાનું કારણ કેવલ સાત પ્રકારના સંશયોજ છે. અને સાત પ્રકારના સંશયો થવાનું કારણ સંશયવિષયીભૂત સાત ધર્મોજ છે. તે સાત ધર્મો આ છે.

**१ कथंचित् सत्त्वं, २ कथंचिदसत्त्वं, ३ कथंचित् क्रमार्पितोभयं, ४ कथंचिदवक्तव्यं, ५ कथंचित् सत्त्वविशिष्टावक्तव्यत्वं, ६ कथंचिदसत्त्वविशिष्टावक्तव्यत्वं, ७ कथंचित् क्रमार्पितोभयविशिष्टावक्तव्यत्वं ।**

આ સાતે પ્રકારના ધર્મોને લઇને સાત પ્રકારના સંશયો કેવી રીતે થાય છે, તે જોઇએ—

**अत्र घटः स्यादस्त्येव नवा ?** આ ઠેકાણે ઘટ છે કે નહિં ? આ જે સંશય છે, તે કથંચિત **સત્ત્વ** અર્થાત્–કોઇ પ્રકારે અસ્તિત્વરૂપ ધર્મ અને સર્વથા **અસત્ત્વ** અર્થાત્–સર્વ પ્રકારથી નાસ્તિત્વરૂપ ધર્મને વિષય કરે છે. આવી રીતે જ્યાં જ્યાં સંશય થાય, ત્યાં ત્યાં ( તે સંશય, ) જાણવાની ઇચ્છારૂપ જિજ્ઞાસાને દૂર કરવાને માટેજ થાય છે. અને આ જિજ્ઞાસાના પરિણામે પ્રશ્નો ઉદ્ભવે છે. આ પ્રશ્નો કરવાની પ્રણાલી આ છે—

જે માણસ, સર્વથા ઘટથી અજાણ્યો હોય, તે, ઘટને જાણવાવાળા પાસેજ પ્રશ્ન કરે છે કે—' ઘટનું સ્વરૂપ કેવા પ્રકારનું હોય છે ? ' તેના ઉત્તરમાં ઘટનો જાણનાર પ્રામાણિક પુરૂષ કહે છે કે—" ઘટને ઓળખવાના બે પ્રકારો છે. જેની અંદર પાણીને ધારણ કરવાની ક્રિયા જોવામાં આવે, તે ઘટ કહેવાય. આ પ્રથમ પ્રકાર. અને જેનો આકાર કંબુગ્રીવાદિવાળો હોય, તે ઘટ કહેવાય "

આ પ્રથમ પ્રકાર અને જેનો આકાર કંબુગ્રીવાદિવાળો હોય, તે ઘટ કહેવાય. આ બીજો પ્રકાર છે.

આ ઉપરથી દરેકે સમજવાનું એ છે કે—જ્યાં સુધી સંશયને દૂર કરવાની જિજ્ઞાસા ન થાય ત્યાં સુધી પ્રશ્ન કરવોજ નકામો છે, અને જ્યાં સુધી પ્રશ્ન ન થાય ત્યાં સુધી ઉત્તર આપવા પ્રયત્ન કરવો, એ પણ અજાગલસ્તનની માફક વ્યર્થજ છે. કારણ કે જેને જિજ્ઞાસા નથી, તેની આગળ ઉત્તરરૂપે શબ્દોનો પ્રવાહ છોડવો એ એક પ્રકારની ઉન્મત્તતા નહિં તો બીજું શું ?

હવે **સંશયનું** શું લક્ષણ છે ? તે જોઇએ. કેટલાક લોકો કહે છે કે—' એક વસ્તુની અંદર નાના ધર્મો માનવા, એનું નામ **સંશય** છે. ' પરન્તુ તે ઠીક નથી. કારણ કે–આવી રીતે માનવાથી તો–દરેક પુરૂષની અંદર રહેલ પિતૃત્વ, પુત્રત્વ, ભ્રાતૃત્વ અને પિતૃવ્યત્વાદિ જુદા જુદા ધર્મોની માન્યતા પણ સંશયરૂપ થઇ જશે અને તે સંશયરૂપ થઇ જાય, તો પછી કોઇ પ્રકારનો વ્યવહારજ બની શકે નહિં. માટે એવા પ્રકારનું સંશયનું લક્ષણ ન માનતાં– " જ્યાં સામાન્ય ધર્મોની ઉપલબ્ધિ થતી હોય, અને વિશેષ ધર્મો જો કે ઉપલબ્ધ ન હોય, પરંતુ સ્મૃતિમાં તો અવશ્ય હોય, તેવા સ્થળમાં એક વસ્તુમાં વિરૂદ્ધ નાના ધર્મોના જ્ઞાનને **સંશય** કહેવામાં આવે છે." બીજા શબ્દોમાં કહીએ તો એક વસ્તુની અંદર અઘટિત-વિરૂદ્ધ ધર્મોનું જ્ઞાન થવું એજ **સંશય** છે. આનું સ્પષ્ટીકરણ **અનેકાન્તના** નિરૂપણ વખતે કરવાનું મુલતી રાખી પ્રસ્તુતમાં **ઘટઃ સ્યાદસ્ત્યેવ નવા** આ વાકયમાં સંશય કેવી રીતે ઉત્પન્ન થાય છે, તે તપાસીશું.

જ્યાં કોઇપણ પ્રકારથી અસ્તિત્વ વિદ્યમાન હોય, ત્યાં સર્વથા નાસ્તિત્વ હોય, એ મનાયજ કેમ ? કારણ કે કોઇપણ પ્રકારથી

અસ્તિત્વની સાથે સર્વથા નાસ્તિત્વનો વિરોધ સ્પષ્ટ માલૂમ પડે છે. આજ કારણથી સંશય ઉત્પન્ન થાય છે. અને તે સંશયને દૂર કરવા માટે પ્રયત્ન કરવો જોઇએ.

અહિં એ શંકા ઉપસ્થિત થાય છે કે—"પહેલાં બતાવેલ સપ્તભંગી તો ત્યારેજ માની શકાય, કે જ્યારે સંશયવિષયીભૂત સાત ધર્મો સિદ્ધ થતા હોય, પરંતુ તેમ તો થતું નથી. કારણ કે સાતથી અધિક ધર્મો પણ દૃષ્ટિગોચર થાય છે. જેમ—

**स्यादस्त्येव । स्यान्नास्त्येव । स्यादस्ति नास्ति च ।**

આ ત્રણભંગો પ્રથમ બતાવવામાં આવ્યા છે, તેની માફક

**स्यादस्त्येव स्यादस्ति नास्ति च । स्यान्नास्त्येव स्यादस्ति नास्ति च ।**

આ બે ભંગો અધિકતયા માનવા જોઇએ. આમાં ત્રણ તો પ્રથમની માફક છે, અને ચોથામાં બે **સત્ત્વ** અને એક **અસત્ત્વ** આ ત્રણ ધર્મો વિષયીભૂત છે. તેમ પાંચમામાં બે **અસત્ત્વ** અને **એક સત્ત્વ** આ ત્રણ ધર્મો વિષયીભૂત છે. આ પાંચ ભાંગાઓ અને **स्यादवक्तव्य** વિગેરે ચાર એમ જ્યારે કુલ નવ ભાંગા પણ સિદ્ધ થાય છે, તો પછી **सप्तभंगी** ન કહેતાં, તેને **नवभंगी** કેમ ન કહેવી જોઇએ ?"

પરંતુ આ શંકા વ્યાજબી નથી. કારણ કે—એકજ વસ્તુની અંદર એક ધર્મના આલંબનથી સ્વરૂપાદિચતુષ્ટયને લઇને બે **સત્ત્વ** અને પરસ્વરૂપાદિચતુષ્ટયને લઇને બે **અસત્ત્વને** રહેવાનો સંભવજ નથી. નિદાન સ્વસ્વરૂપથી **એકજ સત્ત્વ** અને પરસ્વરૂપથી **એકજ અસત્ત્વ** રહે છે. પરંતુ બન્નેને રહેવાનો અવકાશ નથી. કેવી રીતે ? જૂઓ—

જે ઘડો માટી, સુવર્ણ, ચાંદી કે કાષ્ઠ વિગેરે **જે દ્રવ્યથી** બનાવવામાં આવ્યો હોય, જે **આકાશપ્રદેશમાં** અવગાહીને રહેલો હોય, **જે કાલમાં** તેની સત્તા જે પર્યાયથી વિદ્યમાન હોય અને લાલ-પીળો કે **જે ભાવવર્ણ**વાળો તે હોય, તે ઘડામાં તેજ દ્રવ્યથી, તેજ આકાશ પ્રદેશરૂપ ક્ષેત્રથી, તેજ કાલથી અને તેજ ભાવથી-વર્ણથી એકજ સત્તા માનવામાં આવે છે, પરંતુ ભિન્ન ભિન્ન સત્તા માનવામાં આવતી નથી.

હવે જ્યારે, એક રૂપથી બે સત્તાઓ સિદ્ધ થતી નથી, ત્યારે એક રૂપથી બે અસત્તાઓ કેવી રીતે મનાય ? આમ યુક્તિપૂર્વક વિચાર કરતાં જણાય છે કે **स्यादस्त्येव स्यादस्ति नास्ति च** એ બે સત્ત્વવાળો ચોથો ભાંગો અને **स्यान्नास्त्येव स्यादस्ति नास्ति च** એ બે અસત્ત્વવાળો પાંચમો ભાંગો—આ બન્ને ભાંગાઓની કલ્પના વિચારયુક્ત નથી. માટે સાતથી વધારે એક પણ ભાંગો યુક્તિયુક્ત કહેવાશે નહિં. સુતરાં સાત ભાંગાજ સિદ્ધ થાય છે.

અહિં બીજી એક એ પણ શંકા ઉપસ્થિત થાય છે કે— " જ્યારે, બે સત્ત્વસહિત એક નાસ્તિત્વને અને બે અસત્ત્વસહિત એક અસ્તિત્વને જુદા જુદા ભાંગા તરીકે ગણવામાં આવતા નથી, ત્યારે એક અસ્તિત્વસહિત અવક્તવ્યને જુદા ભાંગા તરીકે કેવી રીતે ગણી શકાશે ? કારણ કે અસ્તિત્વ-નાસ્તિત્વરૂપ ઉભયનું નામજ અવક્તવ્ય છે. અને એકની અંદર બે સત્ત્વ તથા બે અસત્ત્વ રહે છે, એ તો માનવામાં આવતું નથી, તો પછી આનો નિર્વાહ કેવી રીતે થઇ શકશે ? "

આનો ઉત્તર આ છે—ઉપર્યુકત શંકામાં એમ જે કહેવામાં આવ્યું છે કે-' સાથે રહેલા અસ્તિત્વ-નાસ્તિત્વનું નામજ અવક્તવ્ય છે ' એમ નહિ, કિન્તુ એક સાથે પ્રધાનતાએ

સત્ત્વ-અસત્ત્વરૂપ ઉભયને પ્રતિપાદન કરવામાં 'અસ્તિ' 'નાસ્તિ' રૂપ પ્રત્યેક શબ્દનું સામર્થ્ય નહિં હોવાથી ધર્માન્તર તરીકે અવક્તવ્યપણાને પ્રતિપાદન કરવા માટે **अवक्तव्य** શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે અને જ્યારે અવક્તવ્યપણું ધર્માન્તરજ છે, ત્યારે પાંચમાની અંદર બે સત્ત્વની, છઠ્ઠાની અંદર બે અસત્ત્વની અને સાતમાની અંદર બે સત્ત્વ તથા બે અસત્ત્વની જે શંકા કરવી છે, તે અસ્થાનેજ છે. અર્થાત્ આ શંકાની જરૂરતજ રહેતી નથી.

આટલું કહ્યા પછી, હવે આપણે પ્રત્યેક ભાંગાનો સામાન્ય અર્થ તપાસીએ.

**પ્રથમ** ભાંગાની અંદર **सत्त्व** રૂપ ધર્મની પ્રધાનતા સમજવાની છે. તેમ તેની સાથે **असत्त्व** આદિ બીજા ધર્મોની ગૌણતા પણ અવશ્ય સમજવી જોઇએ. કિન્તુ અસત્ત્વાદિ ધર્મોનો બિલકુલ અભાવ છે, ગૌણરૂપે પણ રહેવાનો અવકાશ છેજ નહિં, એમ તો નજ સમજવું. કારણ કે એમ માનવાથી તો મિથ્યા—એકાન્તપક્ષ સિદ્ધ થાય છે.

**બીજા** ભંગની અંદર **असत्त्व** આદિની પ્રધાનતાએ સત્તા માનવી અને તેની સાથે **सत्त्व** આદિ ધર્મોની ગૌણતા સમજવાની છે. પરંતુ સત્ત્વાદિ ધર્મોનો બિલકુલ અભાવ તો નજ સમજવો.

**ત્રીજા** ભંગમાં ક્રમાર્પિત બન્ને ધર્મોની પ્રધાનતા અને પ્રત્યેક **सत्त्व-असत्त्व**ની ગૌણતા સમજવાની છે.

**ચોથામાં** **अवक्तव्यत्व** રૂપ ધર્માન્તરની પ્રધાનતા અને બીજા ધર્મોની ગૌણતા છે.

**પાંચમામાં** સત્ત્વસહિત અવકતવ્યત્વની પ્રધાનતા અને અન્ય-ધર્મોની ગૌણુતા રહેલી છે.

**છઠ્ઠા** ભંગમાં અસત્ત્વસહિત અવકતવ્યત્વની પ્રધાનતા સાથે અન્ય ધર્મોની ગોણુતા રહેલી છે.

**સાતમા** ભંગમાં ક્રમાર્પિત બન્નેની સાથે અવકતવ્યત્વની પ્રધાનતા અને બીજા ધર્મોની ગૌણુતા સમજવી જોઇએ.

આનું વિસ્તારથી વિવેચન આપણે આગળ કરીશું. અહિં એ શંકાને અવકાશ મળે છે—" **अवक्तव्यत्व** ને જો ધર્માન્તરરૂપે માનવામાં આવે, તો તેની માફક **वक्तव्यत्व** ને પણ ધર્માન્તરરૂપે માનવો પડશે અને એમ માનવા જશો તો—સપ્તભંગીપણું ઉડી જશે."

આ શંકામાં કંઇ મહત્ત્વ નથી, અવકતવ્યત્વની માફક વકત-વ્યત્વને જુદા ધર્મરૂપે નથી ગણાવવામાં આવેલ; એનું કારણ એ છે કે—વકતવ્યત્વનો અન્તર્ભાવ પ્રથમાદિ ભંગોની અંદરજ થઇ જાય છે. એટલે તેને પૃથક્ જણાવવાની જરૂર રહેતી નથી.

ઉપર પ્રમાણેના પરામર્શથી એ નિર્વિવાદ સિદ્ધ થાય છે કે સાતથી વધારે ભંગો થઇ શકતા નથી. પણ હજુ એ કહેવું રહી જાય છે કે-સાતથી ઓછા ભાંગા થઇ શકે કે નહિ ? આને માટે એ શંકા થઇ શકે છે કે—

" જ્યારે પ્રથમ ભાંગાની અપેક્ષાએ બીજા ભાંગામાં કંઇ પણ ભિન્નતા જોવામાં આવતી નથી, ત્યારે શા માટે તેને જુદો માનવો જોઇએ ? કારણ કે ઘટની અંદર સ્વરૂપથી જેને સત્ત્વ કહેવામાં આવે છે, તેનેજ પરરૂપથી અસત્ત્વ રૂપે માનવામાં આવે છે. અને જ્યારે સત્ત્વાસત્ત્વમાં કંઇ પણ ભિન્નતા જોવામાં આવતી

નથી, ત્યારે જુદા ભંગ તરીકે માનવાનું બીજું શું પ્રયોજન છે? અને આવી રીતે જ્યારે બીજા ભંગનીજ આવશ્યકતા નથી, ત્યારે મૂલભૂત બીજા ભંગની અવિદ્યમાનતામાં તે પછીના ભંગોની તો પ્રવૃત્તિએ કેવી રીતે થઇ શકે? ”

આનો ઉત્તર આ છે—ઉપરની શંકામાં પ્રથમભંગની અપેક્ષાએ બીજા ભંગની ભિન્નતા માનવામાં નથી આવી, પરંતુ તે ઠીક નથી. કારણ કે માટીના ઘડામાં **સત્ત્વનું** જે પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તે મૃત્તિકારૂપ દ્રવ્યની અપેક્ષાથી, નહિં કે પાષાણ યા કાષ્ઠાદિ દ્રવ્યની અપેક્ષાથી. એટલે કે માટીના ઘડાની અંદર તે રૂપે **સત્તા** માનવામાં આવેલી છે. કારણ કે ઘડો માટીનો છે. હવે પટાદિદ્રવ્યની અપેક્ષાએ ઘડામાં **અસત્ત્વ** રહેલ છે. કારણ કે–પટમાં રહેલી શરીરાચ્છાદનની ક્રિયા ઘડામાં બિલકુલ જોવામાં આવતી નથી. આજ કારણથી શરીરાચ્છાદનક્રિયારૂપ પરસ્વરૂપને લઇને **અસત્ત્વ** પણ તેજ ઘડામાં માનવામાં આવે છે. અને જો તે ઘડામાં પરસ્વરૂપને લઇને **અસત્ત્વ** માનવામાં ન આવે, અને સ્વરૂપની માફક **પરરૂપથી સત્ત્વજ** માનવામાં આવે, તો જેવી રીતે ઘડાથી જલધારણક્રિયા થાય છે, તેવી રીતે સમગ્રદાહ–પાચકાદિક્રિયાઓ પણ તેનાથી થવીજ જોઇએ. પરંતુ તેમ થતુંજ નથી. લોકવ્યવહારમાં પણ જોઇએ છીએ કે–જે માણસને જલધારણ કરવું હોય છે, તે ઘડાનીજ તપાસ કરે છે. અને શરીર ઢાંકવાનો અર્થી પુરૂષ કપડાની ગવેષણા કરે છે. ઘડાને ઇચ્છતો નથી. આથી સ્પષ્ટ સમજાય છે કે–ઘટનું કામ ઘટજ કરે છે અને પટનું કામ પટ કરે છે. માટે એક બીજાની સત્તા જો એક બીજામાં માની લેવામાં આવે, તો ઉપરના વ્યવહારનોજ ઉચ્છેદ થઇ જાય, અતઃ આ દોષથી મુકત થવાને માટે સ્વરૂપથી **સત્ત્વની** માફક પરરૂપથી **અસત્ત્વને** અવશ્ય જુદું માનવું જોઇએ.

આવી રીતે પરરૂપની સિદ્ધિ અન્યદર્શનકારોએ પણ માનેલી છે. પ્રથમ જૂઓ—બૌદ્ધોની માન્યતા. **બૌદ્ધો** હેતુમાં ત્રિરૂપતાને માને છે; જ્યારે **નૈયાયિકો** પંચરૂપતાને માને છે. આ ત્રિરૂપતા અને પંચરૂપતા પણ પરરૂપથી અસત્ત્વ માન્યા સિવાય બની શકે તેમ નથી. જૂઓ.-ત્રિરૂપતા અને પંચરૂપતાનો સંક્ષિપ્ત અર્થ આ છે.

બૌદ્ધો એક **પક્ષસત્ત્વ**, બીજું **સપક્ષસત્ત્વ** અને ત્રીજું **વિપક્ષાસત્ત્વ**. આ ત્રણરૂપો હેતુની અંદર માને છે. આ ત્રણ ઉપરાન્ત **અબાધિતત્ત્વ** અને **અસત્પ્રતિપક્ષત્ત્વ** આ બે મળી કુલ પાંચ રૂપો નૈયાયિકો માને છે. આ પાંચેના ટૂંક અર્થ જોઇએ—

**पक्षसत्त्व**—ધર્મિની અંદર હેતુનું જે વિદ્યમાનપણું, તેનું નામ **पक्षसत्त्व** છે.

**सपक्षसत्त्व**—સાધ્યના નિશ્ચયવાળા ધર્મિમાં હેતુનું રહેવાપણું, તેનું નામ છે **सपक्षसत्त्व**.

**विपक्षासत्त्व**—સાધ્યના અભાવવાળા ધર્મિની અંદર હેતુનું નહિ રહેવાપણું તેનું નામ **विपक्षासत्त्व** છે.

ઉપર્યુક્ત અર્થોને ઉદાહરણોદ્વારા લગાર વિશેષ સ્પષ્ટપણે જોઇએ.

જેમ **वनस्पतयः सचेतनाः, प्राणादिमत्त्वात्, यथा मनुष्याः।** તથા **ये सचेतना न भवन्ति ते प्राणादिमन्तो न भवन्ति, यथा पुद्गलाः।**

આનો અર્થ આ છે—વનસ્પતિ સચેતન હોય છે, કારણ કે તે પ્રાણદિ સહિત છે. અને જે જે પ્રાણાદિવાળાં હોય છે, તે

તે ચૈતન્યવાળાં હોય છે. જેમ મનુષ્યો. તથા જેમાં ચૈતન્ય ન હોય તેમાં પ્રાણાદિ પણ ન હોય, જેમ પુદ્ગલો. પરન્તુ વનસ્પતિની અંદર તો તેમ જોવામાં આવતું નથી, માટે અવશ્ય ચૈતન્ય માનવું જોઇએ.

ઉપર્યુક્ત અનુમાનમાં વનસ્પતિને **પક્ષ** અર્થાત્ **ધર્મી** તરીકે માનવામાં આવેલ છે; સચેતનત્વને **સાધ્ય** બનાવેલ છે; અને તેજ સચેતનત્વરૂપ સાધ્યના નિશ્ચયવાળા ધર્મીરૂપી મનુષ્યને **સપક્ષ** તરીકે બતાવેલ છે. હવે આ સપક્ષ મનુષ્યની અંદર પ્રાણાદિમત્ત્વરૂપ હેતુનું રહેવાપણું હોવાથી હેતુમાં **સત્ત્વ** માનવામાં આવે છે. અને સાધ્ય જે **સચેતન**, તેના અભાવના નિશ્ચયવાળા ધર્મી-પુદ્ગલમાં પ્રાણાદિમત્ત્વ રૂપ હેતુનું નહિ રહેવાપણું હોવાથી **અસત્ત્વ** માનવામાં આવે છે.

આ ઉપરથી એ નિશ્ચય થાય છે કે—હેતુની અંદર ત્રિરૂપતાને માનવાવાળાઓને પણ સપક્ષ-વિપક્ષદ્વારા સત્ત્વ-અસત્ત્વ તો માનવુંજ પડશે. બીજું એ પણ છે કે—જેમ પરરૂપ જે જડપણું, તે રૂપથી પ્રાણાદિમત્ હેતુનું મનુષ્યમાં **અસત્ત્વ** છે, તેવીજ રીતે સ્વરૂપ જે ચૈતન્ય, તેથી પણ પ્રાણાદિમત્ હેતુનું મનુષ્યની અંદર જો **અસત્ત્વ** માનવામાં આવે, તો જગત્માંથી સચેતન પદાર્થનો ઉચ્છેદજ થઇ જાય. માટે પરરૂપની માફક સ્વરૂપથી અસત્ત્વ કદાપિ માની શકાય તેમ નથી. આવીજ રીતે જેમ સ્વરૂપથી જે ચૈતન્ય છે, તેની માફક પરરૂપથી જે જડપણું, તેથી પણ જો પ્રાણાદિમત્ હેતુનું સત્ત્વ માનવામાં આવે, તો જગદ્પ્રસિદ્ધ જડ વ્યવહારનોજ ઉચ્છેદ થઇ જાય. માટે સ્વરૂપથી સત્ત્વને અને પરરૂપથી અસત્ત્વને અવશ્ય ભિન્ન માનવું જોઇએ.

આવી રીતે હેતુની અંદર પંચરૂપતાને માનવાવાળાઓએ પણ ઉપર્યુક્ત હકીકત મનમાં ધારણ કરવી જોઇએ. અન્યથા પંચ-રૂપતા બની શકેજ નહિં. આ પંચરૂપતામાં ત્રિરૂપતા તો આપણે ઉપર જોઇ ગયા, હવે ચોથું રૂપ તપાસીએ—

ચોથું રૂપ એને કહેવામાં આવે છે કે—જે હેતુની અંદર અ-બાધિતપણું હોય. જેમ, અગ્નિ પોતે દ્રવ્ય છે. અનુષ્ણપણું હો-વાથી. અહિં અનુષ્ણપણારૂપ હેતુનું અગ્નિમાં પ્રત્યક્ષ બાધિતપણું હોવાથી તે હેતુ અબાધિત કહી શકાય નહિં.

પાંચમું રૂપ એ છે કે—હેતુના સાધ્યના અભાવનો સાધક બીજો હેતુ વિદ્યમાન હોય.

આ પંચરૂપતા પણ હેતુની અંદર સ્વરૂપથી સત્ત્વ અને પર-રૂપથી અસત્ત્વ માન્યા સિવાય ઘટી શકેજ નહિં.

હવે—બૌદ્ધો પરરૂપથી અસત્ત્વનું પણ ખંડન કરી શકે તેમ નથી. જૂઓ—બૌદ્ધો વસ્તુનું સ્વરૂપ ઇતરવ્યાવૃત્તિરૂપ માને છે. જેમ ઘટશબ્દ વાચ્ય અર્થ, એ જલધારણની ક્રિયા કરવાવાળો પદાર્થ છે. તેનાથી બીજા પટાદિ પદાર્થોનું પ્રતિપાદન ન કરવું, એજ ઘટ શબ્દનો અર્થ છે.

આનો ભાવાર્થ આ છે—ઘટ પદાર્થથી બીજા પદાર્થોમાં રહેલા સ્વરૂપને ઘટની અંદર ન માનવું, એનું નામજ ઇતરવ્યા-વૃત્તિ છે. હવે આ પ્રમાણેની ઇતરવ્યાવૃત્તિજ, પરરૂપથી અસત્ત્વનું પ્રતિપાદન કરે છે.

વળી જેઓ-વ્યધિકરણધર્માવચ્છિન્નભાવે અર્થાત-પટપણાને

લઇને ઘટની અંદર ઘડાનો અભાવ માને છે, તે નૈયાયિકો પણ પરરૂપથી અસત્ત્વને માનવામાં લગારે સંકોચ કરી શકે તેમ નથી.

આવી રીતે વિચાર કરતાં જ્યારે દરેક દર્શનકારો પરરૂપથી અસત્ત્વ માને છે, તો પછી પ્રમાણપ્રસિદ્ધ પદાર્થને માનવાવાળા જૈનો ઉપર જે લોકો આક્ષેપ કરતા હોય, તેઓ ખરેખર પોતાનાજ પક્ષનો વિનાશ કરે છે, એમ કહીએ તો કંઇ અત્યુક્તિ જેવું નથી, કારણ કે–પરરૂપથી જેમ જૈનો અસત્ત્વ માને છે, તેમ પરરૂપથી તેઓ પોતે પણ અસત્ત્વ માને છે. સુતરાં ઉપર બતાવેલ યુક્તિ અને પ્રમાણપ્રસિદ્ધ સ્વરૂપથી સત્ત્વને પ્રતિપાદન કરવાવાળો **પ્રથમ ભંગ**, અને પરરૂપથી અસત્ત્વને પ્રતિપાદન કરવાવાળો **બીજો ભંગ**–એમ બન્ને ભંગો જુદી જુદી રીતે માનવા જોઇએ.

હવે એ જાણવું જોઇએ કે–પ્રથમ ભંગમાં પ્રતિપાદિત કરેલ **सत्त्व** અને બીજા ભંગમાં પ્રતિપાદિત કરેલ **असत्त्व**નો અર્થ શો છે ?

**सत्त्व** એટલે **वृत्तिमत्त्व** । અર્થાત્—પદાર્થમાં રહેલ **सत्ता** નામના ધર્મનું નામજ **सत्त्व** છે. જેમ **भूतले घटोऽस्ति** અર્થાત્ ભૂતલમાં ઘટ છે. અહિં ભૂતલપ્રદર્શિત–વૃત્તિપણારૂપ સત્ત્વ ઘટની અંદર રહેલ છે.

હવે **असत्त्व**નો અર્થ થાય છે-**अभावप्रतियोगी** । જેમ **भूतले घटो नास्ति** અહિં આપણને એવો બોધ થાય છે કે–ભૂતલવૃત્તિ જે ઘટનો અભાવ, તેનો પ્રતિયોગીભૂત ઘટ છે. તથા આવા પ્રકારના સત્ત્વાસત્ત્વરૂપ અર્થથી એમ પણ જાણવામાં આવે છે કે–સત્ત્વ–અસત્ત્વની અંદર સ્વરૂપથી પણ ભિન્નતા રહેલી છે.

આવી રીતે જ્યારે પ્રથમના બે ભંગોમાં સ્વરૂપથી ભિન્નતા સિદ્ધ થાય છે, ત્યારે એ શંકાને અવકાશ અવશ્ય મળે છે કે— " ત્રીજો ભંગ શા માટે જુદો માનવો જોઇએ ? કારણ કે-પ્રત્યેક સત્ત્વ અને અસત્ત્વની અપેક્ષાથી ક્રમિક સત્ત્વાસત્ત્વમાં કોઇપણ રીતે ભિન્નતા જોવામાં આવતી નથી. જેમ, પ્રત્યેક ઘટ તથા પટની અપેક્ષાથી ઘટ–પટરૂપ ઉભયમાં ભિન્નતા પૃથક્પણે જોવામાં આવતી નથી. તેમજ આ ઠેકાણે પ્રત્યેક સત્ત્વ–અસત્ત્વની અપેક્ષાથી ક્રમાર્પિત સત્ત્વ અસત્ત્વરૂપ ઉભયમાં પણ ભિન્નતા માનવી જોઇએ નહિં. "

આના ઉત્તરમાં જાણવું જોઇએ કે-પ્રત્યેકની અપેક્ષાથી ક્રમાર્પિત ઉભયમાં ભિન્નતા અવશ્ય માનવી જોઇએ. એ પ્રમાણે જો પૃથક્ માનવામાં ન આવે, તો અનેક દોષાપત્તિઓ પણ સહન કરવી પડશે. જેમ, પ્રત્યેક **વ**કાર અને **ન**કારની અપેક્ષાથી **વન** પદ ભિન્ન તરીકે માનવામાં આવે છે. અથવા પ્રત્યેક **ઘ**કાર અને **ટ**કારની અપેક્ષાથી **ઘટ** પદ તદ્દન પૃથક્ માનવામાં આવે છે. તેવીજ રીતે આ ઠેકાણે પણ પ્રત્યેક **સત્ત્વ અ**સત્ત્વની અપેક્ષાથી ક્રમાર્પિત **સત્ત્વ અ**સત્ત્વરૂપ ઉભયને પણ અવશ્ય પૃથક્ માનવું જોઇએ. અને જો એમ માનવામાં ન આવે, તો **વન** શબ્દવાચ્ય અરણ્યરૂપ અર્થ કેવલ **વ**કારના ઉચ્ચારણથી નિકળવો જોઇએ. તથા **ઘટ** શબ્દવાચ્ય ઘડારૂપ અર્થનો બોધ કેવલ **ઘ**કારના ઉચ્ચારણથી થવો જોઇએ. અને જો એમ થાય, તો **વન** શબ્દમાંનો **ન**કાર અને **ઘટ** શબ્દમાંનો **ટ**કાર નકામા થઇ પડશે. અર્થાત્ તેનુ ઉચ્ચારણજ કરવું નકામું થશે.

બીજું પ્રત્યેક ઘટ–પટની અપેક્ષાથી ઘટ–પટરૂપ ઉભયને અભિન્ન માનવામાં દોષાન્તરનો પણ સંભવ રહે છે. કેમકે–'ઘટ'

પદના ઉચ્ચારણમાત્રથી ઘટ–પટરૂપ ઉભયનો બોધ માનવામાં આવે, તો જે મનુષ્યને તે બન્ને વસ્તુ (ઘટ–પટ) ની જરૂરત હોય, તેને તો માત્ર 'ઘટ'નું ઉચ્ચારણ કરવાથીજ કામ સરવું જોઇએ. અને પટ પદનું ઉચ્ચારણ નિષ્ફળ નિવડવું જોઇએ. તેમ પટ શબ્દના ઉચ્ચારણ માત્રથી જેને ઘટ–પટ બન્નેની જરૂરત હોય, તેને બન્નેનો બોધ થવો જોઇએ. પણ તેમ થતું નથી અને બન્નેનું ઉચ્ચારણ કરવું પડે છે. એવીજ રીતે પ્રકૃતમાં પણ પ્રત્યેક સત્ત્વ અને અસત્ત્વની અપેક્ષાથી ક્રમાર્પિત સત્ત્વાસત્ત્વરૂપ ઉભયને અવશ્ય ભિન્ન માનવા જોઇએ. અન્યથા, કેવલ **अस्ति** પદના ઉચ્ચારણ માત્રથીજ સત્ત્વાસત્ત્વરૂપ ઉભયનો બોધ થવાની આપત્તિ આવી પડે છે. અને તેમ થવાથી **नास्ति** પદનું ઉચ્ચારણ પણ નકામું થઇ પડશે. તેમ કેવલ **नास्ति** પદના ઉચ્ચારણ માત્રથી સત્ત્વાસત્ત્વરૂપ ઉભયનો બોધ થવાની આપત્તિ આવી પડશે. અતએવ આવા દોષોથી બચવાને માટે એકજ ઉપાય છે. અને તે એ કે–પ્રત્યેક સત્ત્વાસત્ત્વની અપેક્ષાથી ક્રમાર્પિત સત્ત્વાસત્ત્વરૂપ ત્રીજા ભાંગાને પૃથક્ રીતે માનવો જોઇએ.

હવે આ વાત આપણે લૌકિક દૃષ્ટાન્તદ્વારા તપાસીએ.

જેમ પ્રત્યેક મોતીની અપેક્ષાથી મોતીની માળા અલગ વસ્તુ-રૂપે મનાય છે અને પ્રત્યેક પુષ્પની અપેક્ષાથી પુષ્પની માળા જુદી રીતે અનુભવવામાં આવે છે, તેવીજ રીતે અહિં પણ પ્રત્યેકની અપેક્ષાથી ક્રમાર્પિતસત્ત્વાસત્ત્વરૂપ ઉભયને અવશ્ય અલગ માનવું જોઇએ.

હવે ચોથા ભાંગા સંબંધી વિચાર કરીએ.

અહિં પ્રારંભમાં એ શંકા ઉભી થાય છે કે—"ક્રમાર્પિત સત્ત્વાસત્ત્વરૂપ ઉભયને પ્રતિપાદન કરવાવાળા ત્રીજા ભાંગાની અપેક્ષાથી

ચોથા ભાંગામાં શી વિશેષતા રહેલી છે કે—જેથી ચોથો ભાંગો અલગ માનવામાં આવે ? કદાચિત્ એમ કહેવામાં આવે કે–ક્રમાક્રમ-પણાને લઇને વિશેષતા રહેલી છે, માટે જુદો માનવો જોઇએ, એ પણ નકામું છે. કારણ કે–ક્રમાક્રમપણું તો શબ્દમાં રહેલું છે. તે અર્થમાં કેવી રીતે આવી શકે ? માટે આ યુકિત પણ નકામી છે. બીજું ઘટાદિની અંદર ક્રમાર્પિતસત્ત્વાસત્ત્વરૂપ ઉભય પૃથક્ છે. તેમ સહાર્પિત સત્ત્વાસત્ત્વરૂપ ઉભય પણ ભિન્ન છે. આવો અનુભવ તો કોઇને પણ થતો જણાતો નથી. અને જયારે અનુભવ પ્રમાણ તથા યુકિતપ્રમાણ–એ બેમાંથી એક પણ પ્રમાણથી સિદ્ધ થતું નથી ત્યારે ત્રીજાની અપેક્ષાથી ચોથાને શા માટે પૃથક્ માનવો જોઇએ વળી આ પણ કથન યુકિતયુકત નથી કે—ત્રીજા ભાંગાથી સત્ત્વ સહિત અસત્ત્વ પ્રકારક બોધ થાય છે, અને ચોથા ભાંગાથી સત્ત્વા-સત્ત્વરૂપ ઉભય પ્રકારને બોધ થાય છે આવી રીતે બોધની વિલ-ક્ષણતાને લઇને ત્રીજાની અપેક્ષાથી ચોથાને ભિન્ન માનવામાં આવતો હોય, તો તે પણ બાળકને સમજાવવા જેવુંજ છે. કારણકે આવી રીતે જો બોધની વિલક્ષણતાને લઇને ભિન્નતા માનવામાં આવે, તો તો **સપ્તભંગી**ના બદલે **નવભંગી** માનવી પડશે કેમકે ત્રીજા વાકયથી જેમ સત્ત્વસહિત અસત્ત્વ પ્રકારક બોધ થાય છે, તેમજ અસત્ત્વસહિત સત્ત્વ પ્રકારક બોધ થવાનો પણ સંભવ રહે છે. તથા સાતમા વાકયથી પણ જેમ સત્ત્વાસત્ત્વ–ઉભયસહિત અવકતવ્યત્વપ્રકારક બોધ થાય છે, તેમ અસત્ત્વસત્ત્વ–ઉભય સહિતઅવકતવ્યત્વ પ્રકારક બોધનો સંભવ રહે છે. એટલે એમ બે ભંગો વધવાથી નવભંગીની આપત્તિ આવી મળશે. પરિણામ એ આવ્યું કે બોધની વિલક્ષણતાને લઇને જ્યારે ત્રીજા અને ચોથા ભાંગાની એકતાનું નિરાકારણ કરવા ગયા, ત્યારે સાતને બદલે નવ ભંગની આપત્તિ આવી પડી.”

આ ઉપરની બધી શંકાઓનું નિરાકરણ આ પ્રમાણે છે:—

ત્રીજા વાકયથી **સત્ત્વાસત્ત્વરૂપ** ઉભયનું પ્રધાનતયા પ્રતિપાદન કરવામાં આવ્યું છે અને ચોથા વાકયથી અવકતવ્યરૂપ ધર્માન્તરનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. કારણકે—અવકતવ્યત્વપણું સત્ત્વાસત્ત્વરૂપ ઉભયથી વિલક્ષણસ્વભાવવાળું છે. અતએવ કોઇપણ દોષનો અવકાશજ રહેતો નથી. આ વાતને લગાર વધારે સ્પષ્ટપણે જોઇએ.

**अस्ति नस्ति**—એ પ્રત્યેક શબ્દવડે એક કાલમાં **સત્ત્વ** અને **અસત્ત્વરૂપ** ઉભયને પ્રતિપાદન કરવામાં સામર્થ્યવાળા નથી. અર્થાત્ ઉભયને પ્રતિપાદન કરવાની પ્રત્યેક શબ્દની શક્તિ નથી, કારણ કે **अस्ति** શબ્દ, પ્રધાનતાથી કેવલ **સત્ત્વ** અર્થનેજ પ્રતિપાદન કરે છે કિન્તુ **અસત્ત્વ** અર્થને પ્રતિપાદન કરતો નથી. આમ હોવા છતાં જો એમજ માનવામાં આવે, કે-' **अस्ति** શબ્દમાંજ **સત્ત્વાસત્ત્વરૂપ** બન્ને અર્થનું પ્રતિપાદન કરવાની શકિત છે, ત્યારે તો **नास्ति** શબ્દનો પ્રયોગજ નકામો છે. અને **नास्ति** શબ્દનો પ્રયોગજ નકામો થાય, એતો કોઇને પણ ઇષ્ટ નથી. કારણકે તેના વિના સંસારનો વ્યવહારજ ચાલે તેમ નથી.

આવીજ રીતે **नास्ति** શબ્દથી પણ કેવલ **અસત્ત્વનુંજ** પ્રતિપાદન થઇ શકે છે. નહિં કે સત્ત્વનું. અને જો તેજ **नास्ति** શબ્દથી **અસત્ત્વ** અને **સત્ત્વ** બન્નેનું પ્રતિપાદન કરવામાં આવે, તો **अस्ति** શબ્દનો પ્રયોગજ નકામો થઇ પડે. માટે એક કાલમાં સત્ત્વાસત્ત્વરૂપ સહાર્પિત ઉભયને પ્રતિપાદન કરવાની બીજા કોઇ પણ શબ્દમાં શકિત નહિ હોવાને લીધેજ **अवक्तव्य** શબ્દથી **અવકતવ્યપણે** ઉભયનું પ્રતિપાદન કરવામાં આવે છે. જેમ—**સૂર્ય** શબ્દથી કેવલ **સૂર્ય** અર્થનુંજ પ્રતિપાદન થાય છે, નહિં કે—**ચંદ્રનું**.

તેમ **ચંદ્ર** શબ્દથી કેવલ **ચંદ્રનુંજ** પ્રતિપાદન થાય છે, નહિં કે **સૂર્યનું**. કારણકે-ઉભય અર્થને પ્રતિપાદન કરવામાં સૂર્ય-ચંદ્રરૂપ પ્રત્યેક શબ્દમાં સામર્થ્ય છેજ નહિં. ત્યારે તે બન્નેનું એક કાલમાં પ્રધાનતાથી પ્રતિપાદન કરવા માટે તે બે શબ્દોથી વિલક્ષણ **પુષ્પદન્ત** શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે, આવીજ રીતે **સત્ત્વ**-અસત્ત્વને એકજ કાલમાં સહાર્પિત ઉભયને પ્રધાનતાથી પ્રતિપાદન કરવા માટે ઉપર કહેવા પ્રમાણે **अवक्तव्य** શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

વળી, એ પણ જાણવું જરૂરનું છે કે-પદાર્થનું કેવલ **સત્ત્વજ** સ્વરૂપ છે, એવો એકાન્ત નિયમ નથી. કારણ કે-સ્વરૂપથી સત્ત્વની માફક, પરરૂપથી **અસત્ત્વ** પણ પૃથક્પણે દૃષ્ટિગોચર થાય છે. જો એમ ન માનવામાં આવે, તો—જેમ ઘટનું સ્વરૂપ જલધારણ કરવાપણું હોવાથી તેવું સ્વરૂપ જ્યાં દેખવામાં આવે, ત્યાં ઘટની સત્તા માનવામાં આવે છે. તેવીજ રીતે પટની, કે જેનું સ્વરૂપ શરીર ઢાંકવાની ક્રિયા કરવાપણું છે, તેની સત્તા પણ ઘટમાંજ માનવી પડશે. કારણ કે—વસ્તુનું સ્વરૂપ તો કેવળ **સત્ત્વજ** માનવામાં આવ્યું. પણ ધ્યાનમાં રાખવું જોઇએ કે—આવી રીતે કોઇ માનતું નથી, અને માની શકાય તેમ પણ નથી, કારણ કે—એ માનવાથી તો ઘટથી પટ ભિન્ન છે, એવા વ્યવહારનોજ લોપ થઇ થઇ જાય. આ દોષથી મુક્ત થવાને માટે પણ સ્વરૂપથી સત્ત્વની માફક પરરૂપથી અસત્ત્વને પણ કથંચિત્ ભિન્ન માનવું જોઇએ.

વળી એક એ પણ વાત છે કે **સત્ત્વ**, એ કેવલ વસ્તુનું સ્વરૂપ નથી. કેમકે પરરૂપથી **અસત્ત્વ**ની માફક સ્વરૂપથી **સત્ત્વ** પણ કથંચિત્ ભિન્નપણે જોવામાં આવે છે.

આવીજ રીતે પ્રત્યેક **સત્ત્વ** અને **અસત્ત્વ**ની અપેક્ષાથી

સત્ત્વાસત્ત્વરૂપ ઉભયને પણ કથંચિત્ ભિન્ન માનવું જોઇએ. આ વાતનું પ્રતિપાદન પહેલાં સ્પષ્ટપણે કરવામાં આવ્યું છે, એટલે પુનરૂક્તિના દોષમાં ઉતરવાની જરૂર નથી.

તથા ઉભયથી વિલક્ષણ ધર્માન્તરરૂપ વસ્તુનું સ્વરૂપ માનવું જોઇએ. જેમ બદામ, સાકર, ગુલાબનાં ફુલ, વરીયાળી, કાળાં મરી, ઇલાયચી, વિગેરે અનેક વસ્તુના સમુદાયથી જે ઠંડાઇ બનાવવામાં આવે છે, તેની અંદર પ્રત્યેક વસ્તુ હોવા છતાં પણ સર્વથી વિલક્ષણ જાત્યન્તર ( ઠંડાઇ ) ના નામથી વ્યવહાર કરવામાં આવે છે. તેવીજ રીતે પ્રકૃતમાં પણ સત્ત્વાસત્ત્વરૂપ ઉભયથી વિલક્ષણ જાત્યન્તરરૂપ વસ્તુના સ્વરૂપને અવકતવ્ય શબ્દથી વ્યવહાર કરવામાં આવે છે.

બીજું કેવલ જાત્યન્તરપણું પણ વસ્તુનું સ્વરૂપ નથી. કેમ કે– તેજ ઠંડાઇની અંદર બદામ–સાકર વિગેરે પ્રત્યેક વસ્તુનો રસનાદ્વારા અનુભવ થવાથી એક એક વસ્તુ પણ અલગ માનવી જોઇએ. એવી રીતે અવક્તવ્યરૂપ જાત્યન્તરની માફક કથંચિત્ સત્ત્વ અને કથંચિત અસત્ત્વને પણ પૃથક્ માનવું જોઇએ.

આવા પ્રકારની શૈલીથી ઉપર બતાવેલી દરેક શંકાનું સમાધાન થઇ જાય છે. પ્રસ્તુતમાં ઉપર્યુક્ત સાત ધર્મોની સિદ્ધિ થવાથી સંશયો પણ સાતજ છે. એ વાત નિર્વિવાદ સિદ્ધ થાય છે. અને જ્યારે સંશયો સાત સિદ્ધ થાય છે, ત્યારે તેનું નિરાકરણ કરવામાં કારણભૂત જિજ્ઞાસાઓ પણ સાતજ છે. અને જિજ્ઞાસાઓ સાત પ્રકારની હોવાથી તેને દૂર કરવાના કારણભૂત પ્રશ્નો સાતજ ઉપસ્થિત થાય છે અને જ્યારે પ્રશ્નો સાત થાય, ત્યારે તેના ઉત્તરો પણ સાત પ્રકારેજ આપી શકાય. બસ આનું નામજ સપ્તભંગી છે.

## इति द्वितीयः प्रकाशः

# ત્રીજો પ્રકાશ.

આ પ્રકાશની અંદર એ જોવાઇ ગયું છે કે–ભાંગાઓ સાતજ હોઇ શકે, ન્યૂનાધિક નહિ. અને તેને માટે જે લોકો ન્યૂનાધિક બતાવે છે, તેનો ઉત્તર પણ યુક્તિપુરઃસર આપવામાં આવેલ છે. હવે ત્રીજા પ્રકાશમાં એ જોઇએ કે—સપ્તભંગી કેવા સ્વરૂપવાળી છે ?

ઉપર જે **સપ્તભંગીનું** સમર્થન કરવામાં આવ્યું છે, તે સપ્તભંગીના દરેક ભાંગાઓ **સકલાદેશ** અને **વિકલાદેશ** સ્વરૂપ છે. તેમાં **સ**કલાદેશસ્વરૂપ સપ્તભંગીનું નામ **પ્રમાણ સપ્તભંગી** રાખવામાં આવેલ છે, અને વિકલાદેશસ્વરૂપ સપ્તભંગીનું નામ **નયસપ્તભંગી** રાખ્યું છે.

હવે આપણે એ તપાસીએ કે–**સ**કલાદેશ અને વિકલાદેશ કોને કહેવામાં આવે છે.

**સકલાદેશ.** આ સકલાદેશ અને વિકલાદેશનું લક્ષણ **स्याद्वादरत्नाकर** ગ્રંથના કર્ત્તા ભગવાન્ **વાદિદેવસૂરિ** આ પ્રમાણે બતાવે છે—“**प्रमाणप्रतिपन्नानन्तधर्मात्मकवस्तुनः कालादिभिरभेदवृत्तिप्राधान्यादभेदोपचाराद् वा यौगपद्येन प्रतिपादकं वचः सकलादेशः । तद् विपरीतो विकलादेशः ।**” અર્થાત્—“ પ્રમાણો વડે સિદ્ધ કરેલ અનન્તધર્મવાળી વસ્તુના કોઇ પણ એક ધર્મને કાલાદિ આઠ-

ની સાથે અભેદની મુખ્યતાને લઇને અર્થાત્ દ્રવ્યાર્થિક નયનો આશ્રય કરીને અથવા ધર્મ-ધર્મિના અભેદની મુખ્યતાના અવલંબનથી કિંવા કથંચિત્ ભિન્ન ધર્મ-ધર્મિની અંદર પણ અભેદનો ઉપચાર કરવાથી અભેદ રૂપે એક કાલમાં પ્રતિપાદન કરવાવાળું જે વાક્ય હોય, તે **સકલાદેશ** કહેવાય છે"

**વિકલાદેશ.** "પ્રમાણસિદ્ધ અનન્તધર્મવાળી વસ્તુના કોઇ પણ એક ધર્મને કાલાદિ આઠની સાથે ભેદવૃત્તિની પ્રધાનતાને લઇને અર્થાત્ પર્યાયાર્થિક નયનો આશ્રય કરવાથી અથવા ધર્મ-ધર્મિની અંદર કથંચિત્ ભેદ માનવાથી કિંવા ભેદનો ઉપચાર કરવાથી અનુક્રમે પ્રતિપાદન કરવાવાળું જે વાક્ય હોય, તેનું નામ **વિકલાદેશ** છે."

ઉપર્યુક્ત **સકલાદેશ** અને **વિકલાદેશનાં** લક્ષણોમાં 'ક્રમ' 'યૌગપદ્ય' 'કાલાદિ આઠ' વિગેરે જે શબ્દો બતાવવામાં આવેલા છે, તેનું સંક્ષેપમાં સ્વરૂપ તપાસીએ.

**क्रम—यौगपद्य.** જ્યારે **સત્ત્વ** તથા **અસત્ત્વાદિ** ધર્મોને કાલાદિની સાથે ભિન્નતા બતાવવાની ચાહના થાય, ત્યારે **अस्तित्वादि** રૂપ એક શબ્દનું **नास्तित्वादि** અનેક ધર્મોનો બોધ કરવામાં સામર્થ્ય ન હોવાને લીધે તેને ક્રમથી જે કહેવામાં આવે, તેનું નામજ **ક્રમ** છે. જ્યારે તેજ વસ્તુના **सत्त्वासत्त्वादि** ધર્મોને કાલાદિની સાથે અભેદ રૂપે પ્રતિપાદન કરવાની ઇચ્છા થાય, ત્યારે એકજ **अस्ति** શબ્દ વડે **सत्त्वादि** રૂપ એક ધર્મના બોધન રૂપે તદ્રૂપતાને પ્રાપ્ત થયેલા જે સકલ ધર્મો, તેના સ્વરૂપનું પ્રતિપાદન કરવાનો સંભવ હોવાથી **યૌગપદ્ય** કહેવામાં આવે છે.

**कालादि आठ.** કાલાદિ આઠનાં નામો આ છે—કાલ,

આત્મસ્વરૂપ સંબંધ, સંસર્ગ, ઉપકાર, ગુણીદેશ, અર્થ અને શબ્દ. **સ્યાદ્વાદરત્નાકર** નામના ગ્રંથમાં પણ આજ પ્રમાણે કાલાદિ આઠનાં નામો આપવામાં આવ્યાં છેઃ—

**" कालात्मरूपसंबन्धाः संसर्गोपक्रिये तथा ।**
**गुणिदेशार्थशब्दाश्चेत्यष्टौ कालादयः स्मृताः " ॥**

આ કાલાદિ આઠની સાથે પૂર્વોક્ત વસ્તુ ધર્મોની **અભેદવૃત્તિ** અને **ભેદવૃત્તિ** કેવી રીતે થાય છે, તે હવે જોઇએ.

૧ **स्यादस्त्येव घटः**—જ્યાં સુધી જે ઘડાની અંદર **अस्तित्त्व** છે, ત્યાં સુધી તે ઘડામાં બીજા અનન્ત ધર્મોનું વિદ્યમાન પણું રહેલું છે, અતએવ એકજ કાલમાં એકજ અધિકરણમાં તે ધર્મોનું વિદ્યમાન પણું હોવાથી, **કાલને** લઇને **ધર્મોની** અભેદવૃત્તિ માનવામાં આવે છે.

૨ જેમ **अस्तित्त्व** ઘટાદિ વસ્તુના ગુણસ્વરૂપ છે, તેવીજ રીતે બીજા અનન્ત ધર્મો પણ ઘટાદિ વસ્તુના ગુણસ્વરૂપ હોવાથી **સ્વરૂપને** લઇને અભેદવૃત્તિ કહેવામાં આવે છે

૩ જેમ કથંચિત્ તાદાત્મ્યલક્ષણ સંબંધ **अस्तित्त्वनी** સાથે છે, તેવીજ રીતે તેજ તાદાત્મ્ય લક્ષણસંબંધ બીજા અનન્ત ધર્મોની સાથે પણ હોવાથી **સંબંધને** લઇને અભેદવૃત્તિ કહેવામાં આવે છે.

૪ જે વસ્તુના સ્વરૂપની સાથે **अस्ति** પણાનો જે સંસર્ગ છે, તે વસ્તુના સ્વરૂપની સાથે તેના **અનન્ત** ધર્મોનો પણ તેજ **સંસર્ગ** છે. માટે **સંસર્ગને** લઇને અભેદવૃત્તિ કહેવામાં આવે છે.

અહિં એક શંકાને અવકાશ મળે છે. અને તે એ કે-સંસર્ગ અને સંબંધ એ બે જુદા કેમ બતાવવામાં આવ્યા ? 'કારણ કે એ બેનો અર્થ તો એકજ છે.' આનો ઉત્તર એ છે કે-સંસર્ગ અને સંબંધમાં કંઇક વિશેષતા રહેલી છે. એટલે કે કથંચિત્ તાદાત્મ્ય લક્ષણ **સંબંધ**ની અંદર અભેદની પ્રધાનતા અને ભેદની ગૌણતા છે. અને **સંસર્ગ**ની અંદર ભેદની પ્રધાનતા અને અભેદની ગૌણતા સમજવાની છે. આટલાજ કારણથી **સંસર્ગ** અને **સંબંધ** એ બેને જુદા બતાવવામાં આવેલા છે.

૫ **घटोस्ति** એવા જ્ઞાનની અંદર **अस्तित्त्व** પ્રકાર છે, અને ઘટ વિશેષ્ય છે. આવું જ્ઞાન ઉત્પન્ન કરાવવાનો ઉપકાર જેમ **अस्तित्व** કરી શકે છે, તેવીજ રીતે બીજા અનન્ત ધર્મોમાં પણ તેવોજ ઉપકાર કરવાપણું હોવાથી અર્થાત્ **ઉપકાર**ને લઇને અભેદવૃત્તિ માનવામાં આવે છે.

૬ ઘડાની અંદર જે અંશને લઇને **अस्तित्त्व** રહેલ છે, તેજ અંશને લઇને **नास्तित्वादि** બીજા ધર્મો પણ રહેલા છે. પરન્તુ એમ ન સમજવું કે–ઘડાના કંઠ દેશને લઇને અસ્તિત્વ છે અને પૃષ્ટદેશમાં નાસ્તિત્વાદિ બીજા ધર્મો રહેલા છે. આ **ગુણિદેશ**ને લઇને અભેદવૃત્તિ સમજવી.

૭ જે ઘટદ્રવ્ય રૂપ અર્થ અસ્તિત્વરૂપ ધર્મનો આધાર છે, તેજ ઘટદ્રવ્યરૂપ **અર્થ**, નાસ્તિત્વાદિ બીજા અનન્ત ધર્મોનો પણ આધાર હોવાથી **અર્થ**ની સાથે અભેદવૃત્તિ સમજવી.

૮ જે **अस्ति** શબ્દ, અસ્તિત્વરૂપ ધર્મવાળી વસ્તુનો વાચક છે, તેજ **अस्ति** શબ્દ બીજા અનન્ત ધર્મવાળી વસ્તુનો પણ વાચક હોવાથી **શબ્દ**ની સાથે અભેદવૃત્તિ સમજવી.

આ ઠેકાણે એટલું ધ્યાનમાં રાખવું જરૂરનું છે કે—ઉપર્યુક્ત કાલાદિ આઠની સાથે જેમ પર્યાયાર્થિક નયની ગૌણતા અને દ્રવ્યાર્થિક નયની મુખ્યતાને લઇને **અભેદવૃત્તિ** પ્રતિપાદન કરવામાં આવી છે, તેવીજ રીતે દ્રવ્યાર્થિક નયની ગૌણતા અને પર્યાયાર્થિક નયની મુખ્યતાને લઇને પણ અભેદવૃત્તિ સમજવાની નથી, કિન્તુ ભેદવૃત્તિજ સમજવાની છે. આ **ભેદવૃત્તિ** કાલાદિ આઠની સાથે કેવી રીતે રહેલી છે, તે જોઇએ.

૧ એક **કાલ**માં એકજ ઠેકાણે પરસ્પર વિરૂદ્ધ એવા નાના ગુણોને રહેવાનો સંભવ નથી; કારણ કે-પર્યાયાર્થિકના મતમાં તો પ્રત્યેક સમયની અંદર વસ્તુના પર્યાયો બદલાતા જાય છે અને જ્યારે પર્યાયો બદલાય છે, ત્યારે ધર્મની ભિન્નતાને લઇને ધર્મીમાં ભિન્નતા હોય, એ તો દેખીતી વાતજ છે. વળી એક કાલમાં વિરૂદ્ધ ગુણોનું એક ઠેકાણે રહેવાપણું માનવાથી જેટલા ગુણોનો આશ્રય તે દ્રવ્ય હોય, તેટલાજ પ્રકારથી તે દ્રવ્યમાં ભિન્નતા સમજવી જોઇએ. તે સિવાય વળી, ધર્મના ભેદથી ધર્મીને ભિન્ન-માનવાવાળા પર્યાયાર્થિકના મતમાં **કાલ**ની સાથે અભેદવૃત્તિ હોયજ ક્યાંથી ? અર્થાત ભેદવૃત્તિજ હોય છે.

૨ પર્યાયાર્થિકનય પ્રમાણે ભિન્ન ભિન્ન ગુણોની અંદર પણ સ્વરૂપ તો ભિન્નભિન્ન રૂપેજ રહેલું છે; એટલે તે ગુણોનું એકજ રૂપ તો માની શકાય નહિ. અને જો માનવા જઇએ, તો ગુણો ભિન્ન છે, એમ ન કહી શકાય; કારણ કે સ્વરૂપની ભિન્નતાને લઇને ગુણોની પણ ભિન્નતા માનવીજ જોઇએ. અને જ્યારે સ્વરૂપ ભિન્ન હોય, ત્યારે તેમાં અભેદવૃત્તિનો સંભવજ નથી. અર્થાત્ **આત્મસ્વરૂપ**ની સાથે પણ ભેદવૃત્તિ છે.

સંબંધ પણ સંબંધિવસ્તુના ભેદને ભિન્ન ભિન્ન રીતે જોવામાં આવે છે. જેમ દંડના સંબંધથી દેવદત્ત ( કોઇપણ મનુષ્ય ) દંડી કહેવાય છે. છત્રના સંબંધથી વિદ્યાકુમાર ( કોઇપણ મનુષ્ય ) છત્રી કહેવાય છે, શિખાના સંબંધથી વિદ્યાપતિ ( કોઇપણ માણસ ) શિખી કહેવાય છે. તેમ ધનના સંબંધથી મનુષ્ય ધની કહેવાય છે. અહિં જોવાનું એ છે કે–જેમ દંડના સંબંધથી છત્ર, શિખા અને ધન વિગેરેના સંબંધો ભિન્ન છે, તેવીજ રીતે પ્રકૃતમાં **ઘટોઽસ્તિ** અહીં સત્તાવાળા ઘટના **સત્ત્વના** સંબંધથી અસત્તાવાળા ઘટના **અસત્ત્વ**નો સંબંધ પણ ભિન્નજ છે. અર્થાત્–કથંચિત્ સત્ત્વવાળા ઘટના અસ્તિત્વના સંબંધથી કથંચિત્ અસત્ત્વવાળા ઘટના નાસ્તિત્વનો સંબંધ જુદોજ છે. અને જ્યારે સંબંધ ભિન્ન હોય, ત્યારે તેની અંદર અભેદવૃત્તિ પર્યાયાર્થિકના મતમાં હોઇજ કેવી રીતે શકે ? અતએવ આ નયના મત પ્રમાણે **સંબંધ**થી પણ ભેદવૃત્તિજ છે.

૪ સંસર્ગ પણ સંસર્ગિઓના ભેદને લઇને ભિન્ન ભિન્ન માનવામાં આવે છે. એમ હોવા છતાં પણ જો ભિન્ન ભિન્ન **સંસર્ગ**નો એકજ સંસર્ગી માનવામાં આવે, તો સંસર્ગીના ભેદનો જે અનુભવ થાય છે, તે થવો જોઇએ નહિં, અર્થાત્ તેનો લોપ થશે, માટે સંસર્ગથી પણ ભેદવૃત્તિ ભેદનયના મત પ્રમાણે અવશ્ય માનવી જોઇએ.

૫ ઉપકારથી પણ પર્યાયાર્થિક નયના મત પ્રમાણે અભેદવૃત્તિ માની શકાય તેમ નથી. કેમકે—અનેક ગુણોદ્વારા કરાતા ઉપકારનું પણ અનેકપણું હોવાથી અનેક ઉપકારીઓ વડે કરાતા ઉપકારની અંદર ઐક્ય–અભેદવૃત્તિ માનવી, એ પણ યુક્તિવિરૂદ્ધજ કહેવાય. માટે ઉપકારથી પણ અભેદવૃત્તિ ન માનતાં **ભેદવૃત્તિ** માનવી જોઇએ.

૬ ગુણિદેશની પણ પ્રત્યેક ગુણોની સાથે ભિન્નતા રહેલી છે. અને જો ભિન્નાર્થ ગુણોની પણ અભેદવૃત્તિ માનવામાં આવે, તો ગુણીદેશમાં પણ અભેદનો પ્રસંગ આવી જાય, માટે **ગુણીદેશની** સાથે પણ અભેદવૃત્તિ ન માનતાં ભેદવૃત્તિજ માનવી જોઇએ.

૭ નાના ધર્મોના આધારભૂત અર્થનું પણ નાનાપણું માનવું જોઇએ. એમ છતાં પણ જો ન માનવામાં આવે, તો નાનાગુણોના આધારભૂત અર્થમાં ઐક્ય આવવાથી ગુણોમાં પણ ઐક્યનો પ્રસંગ પર્યાયાર્થિકનયના મત પ્રમાણે આવવાનો. માટે ગુણોની ભિન્નતાને લઇને આશ્રયીભૂત **અર્થ**માં પણ ભિન્નતા માનવી જોઇએ.

૮ શબ્દો પણ અર્થના ભેદને લઇને ભિન્ન રૂપે માનવામાં આવે છે અને જો અર્થના ભેદથી શબ્દને ભિન્ન ન માનવામાં આવે, તો સર્વગુણોની વાચકતા એકજ શબ્દમાં આવવાનો સંભવ રહે છે તેની સાથે બીજા શબ્દોની નિષ્ફળતા પણ થઇ જશે. માટે **અર્થના** ભેદથી શબ્દ પણ અવશ્ય ભિન્નજ માનવો જોઇએ.

ઉપર પ્રમાણે પ્રતિપાદન કરવાથી એ વાત સિદ્ધ થઇ કે–એક વસ્તુની અંદર પર્યાયાર્થિકનયના મત પ્રમાણે અસ્તિત્વાદિ ધર્મોનો મુખ્યતયા અભેદનો સંભવ ન હોવાથી કાલાદિ આઠની સાથે ભિન્ન એવા અસ્તિત્વાદિ ગુણોની પણ ઉપચારથી અભેદવૃત્તિ માનવી જોઇએ. તેમ ભેદવૃત્તિનો આશ્રય કરવાથી કાલાદિ આઠની સાથે અસ્તિત્વાદિગુણોને પર્યાયાર્થિકનયના મત પ્રમાણે મુખ્યતયા ભેદવૃત્ત માનવી અને **ક્રમ** કહેવામાં આવે છે.

હવે લક્ષણોદ્વારા પ્રત્યેક ભંગોનું સ્વરૂપ તપાસીએ—

**"स्यादस्त्येव सर्वमिति सदंशकल्पनाविभजनेन प्रथमोः भंग ऽ।"**

આ લક્ષણમાં '**स्याद्**' અવ્યય અને કાન્ત અર્થનો ઘોતક છે—અનેક ધર્મનો પ્રકાશક છે. ઉપર્યુક્ત લક્ષણનો અર્થ આ છે—

કથંચિત્ સ્વદ્રવ્ય–ક્ષેત્ર-કાલ–ભાવરૂપે સદંશ ( વિધિઅંશ ) નું પ્રધાનતાથી અને બીજા નિષેધઅંશનું ગૌણતાથી પ્રતિપાદન કરવું. અર્થાત્ નિષેધઅંશમાં ઉદાસીનતા ધારણ કરવી, પરન્તુ તેનું એવું ખંડન ન કરવું કે-વિધિ સિવાય બીજા નિષેધ વિગેરે છે જ નહિં.

પ્રથમ ભંગનો આ શબ્દાર્થ છે. આનો પરમાર્થ જોવા જઇએ તો એજ હોઇ શકે કે—બીજા ધર્મોનો નિષેધ નહિ કરતાં કથંચિત્ સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ રૂપ ચતુષ્ટય વડે વિધિઅંશનું પ્રતિપાદન કરવું. આ લક્ષણનો ટૂંકો આકાર કરીએ તો માત્ર એટલોજ બને છે કે—**स्यादस्येव घटः** અર્થાત્ કથંચિત્ ઘટ વિદ્યમાન છે.

બીજા ભંગનું લક્ષણ આ પ્રમાણે છે—

**"स्यान्नास्त्येव सर्वमिति पर्युदासकल्पनाविभजनेन द्वितीयो भंगः"**

અર્થાત્-કથંચિત્ પરદ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવરૂપે અસંદશ (નિષેધઅંશ)નું પ્રતિપાદન કરવું, અને બીજા સદંશાદિ( વિધિઅંશાદિ ) નું ગૌણતયા પ્રતિપાદન કરવું, ( વિધિ આદિ અંશમાં ઉદાસીનતા ધારણ કરવી, પરન્તુ ખંડન કરવું નહિં ) તે બીજો ભંગ છે.

આનો ભાવાર્થ એ છે કે—અન્યાવધિ આદિ ધર્મનો નિષેધ ન કરતાં, કથંચિત્ પરદ્રવ્યાદિ ચતુષ્ટય વડે નિષેધઅંશનું પ્રધાનતાથી પ્રતિપાદન કરવું, તે.

આનો ટૂંકો આકાર બનાવીએ તો આ પ્રમાણે બને છે—'**स्यान्नास्त्येव घटः**' અર્થાત્ કથંચિત્ ઘટ વિદ્યમાન નથી.

અહિં પ્રથમ વાકયમાં જે **घट** શબ્દ આપવામાં આવેલો છે, તે દ્રવ્યરૂપ અર્થને કહે છે. કેમકે તે વિશેષ્યપદ છે. વળી અહિં **अस्ति** પદ ગુણવાચક છે, કારણ કે તે વિશેષણ છે.

અહિં કેટલાકોનું એમ પણ કહેવું થાય છે કે—" કેવલ દ્રવ્યની અંદર વિશેષ્યતા હોય, એવો એકાન્ત નિયમ નથી, કારણ કે—ગુણોની અંદર પણ વિશેષ્યતા જોવામાં આવે છે. જેમ **घटस्य रूपं, फलस्य माधुर्यं, पुष्पस्य गन्धः, जलस्य स्पर्शः, वायोः शैत्यं** આવાં અનેક સ્થળોમાં ગુણોની પણ વિશેષ્યતા જોવામાં આવે છે. એટલે એ નિયમ તો ન જ રહ્યો કે—કેવલ દ્રવ્યમાંજ વિશેષ્યતા હોય. "

આ શંકા દૂર કરવાને માટે એવો નિયમ બાંધવામાં આવે છે કે, જયાં સમાન વિભકિતવાળાં વાકયો હોય, ત્યાં દ્રવ્યની વિશેષ્યતા સમજવી, અને ગુણની વિશેષણતા સમજવી. જેમ **नीलमुत्पन्नम्, शुक्लः पटः, सुरभिर्वायुः** વિગેરે આવાં સ્થળોમાં દ્રવ્યની વિશેષ્યતા અને ગુણની વિશેષણતા સમજવાની છે, પરન્તુ પહેલાં કહેવા પ્રમાણે જયાં ભિન્ન વિભકિતવાળાં પદો હોય, ત્યાં આ નિયમ સમજવાનો નથી.

હવે **स्यादस्त्येव सर्वं** આ લક્ષણવાળા વાકયમાં જે **एव** કાર શબ્દ આપવામાં આવેલ છે, તેનું ફલ તપાસીએ.

સ્વરૂપાદિ વડે જેમ અસ્તિપણું છે, નાસ્તિ પણું પણ તેવીજ રીતે છે. આવા અનિષ્ટ અર્થથી બચવાની ખાતર **एव** કારનો પ્રયોગ કરવામાં આવે છે. આથી એ અર્થ સૂચન કરવામાં આવે છે કે–સ્વરૂપથી ઘટની અંદર અસ્તિપણું છે, અને પરરૂપથી નાસ્તિપણું છે, કિન્તુ સ્વરૂપથી નાસ્તિપણું નથી. આવા પ્રકારનું અવધારણ **एव**કાર બતાવી આપે છે. એવો એક નિયમ છે કે—

" **वाक्येऽवधारणं तावदनिष्टार्थनिवृत्तये ।**
**कर्त्तव्यमन्यथानुक्तसमत्वात् तस्य कुत्रचित् ॥**

અર્થાત્—અનિષ્ટ અર્થની નિવૃત્તિને માટે વાક્યની અંદર અવધારણ કરવું જોઇએ. અન્યથા તો ઇષ્ટ અર્થની પણ પ્રતીતિ કોઇ ઠેકાણે થઇ શકશે નહિં.

આ સ્થળે વળી એક બીજી શંકાને અવકાશ મળે છે–" જે શબ્દના ઘણા અર્થો થતા હોય, તે ઠેકાણે **एव**કાર મૂકવાથી પણ અનિષ્ટ અર્થની નિવૃત્તિ થતી નથી. જેમકે–**गौरेवाऽस्ति, सिन्धवमेवानय** આવા સ્થળમાં **ગો** શબ્દ અને **સિન્ધવ** શબ્દના અનેક અર્થો થતા હોવાથી અવધારણાર્થક **एव** શબ્દનો પ્રયોગ કરવાથી પણ અનિષ્ટ અર્થની નિર્વૃત્તિ તો નથીજ થતી. વળી **गामानय** ગાયને લાવો, આવા સ્થળમાં **एव** શબ્દના પ્રયોગ સિવાય પણ અનિષ્ટ અર્થની નિવૃત્તિ થઇ જાય છે. આથી એવો તો નિયમ નજ રહ્યો કે–અવધારણવાચક **एव**કાર શબ્દથીજ અન્ય અર્થની નિર્વૃત્તિ થાય છે. બીજું એ પણ છે કે જે **એવ**કાર અન્ય અર્થની નિવૃત્તિ કરે છે, તે **એવ**કાર બીજા **એવ**કારની અપેક્ષા રાખે છે યા નહિં ? જો બીજા **એવ**કારની અપેક્ષા રાખી પહેલા **એવ**કારને અર્થની નિવૃતિ કરતો માનશો, તો અનવસ્થા દોષ ઉપ-

સ્થિત થશે. કેમકે જેવી રીતે પ્રથમ **એવ**કારને બીજા **એવ**કારની અપેક્ષા રાખવી પડી, તેવી રીતે બીજા **એવ**કારને પણ અનિષ્ટ અર્થની નિવૃત્તિ કરવામાં જરૂર ત્રીજા **એવ**કારની અપેક્ષા રાખવી પડશે. ત્રીજાએ ચોથાની. એમ અંતે કોઇપણ સ્થળે વિશ્રાન્તિ નહિ મળે. બીજા પક્ષમાં એટલે બીજા **એવ**કારની અપેક્ષા રાખ્યા વિના અનિષ્ટ અર્થની નિવૃત્તિ કરતો માનવામાં અવધારણ અર્થના વાચક એવકારના પ્રયોગની નિષ્ફળતા થઇ જવાની. જેમ પ્રથમના એવ-કારનો પ્રયોગ બીજા એવકારની અપેક્ષા વિના પણ પ્રકરણને લઇને અન્ય અર્થની વ્યાવૃત્તિ કરાવે છે, તેવીજ રીતે દરેક શબ્દના પ્રયોગો પણ ભોજનાદિ પ્રકરણને લઇને અન્ય અર્થની વ્યાવૃત્તિ કરાવી શકે છે. એથી કરી અન્ય અર્થની નિવૃત્તિ માટે એવકારનો પ્રયોગ કરવો બિલકુલ નકામો છે. આ ઠેકાણે જણાવવાનું એ છે કે શાસ્ત્રમર્યાદાનો ભંગરૂપ વિરોધ દોષ આવવાથી **એવ**કારનો પ્રયોગ તેના રક્ષણ માટે સમજવો. જે શબ્દો અનવધારિત સ્વાર્થ માત્રમાં સંકેત રૂપે બતાવવામાં આવેલા છે તે શબ્દો અર્થના અવધારણની વિવક્ષાના વશથી **એવ**કારની અપેક્ષા રાખે છે. જેમ **ચ**કાર સમુચ્ચયાદિ અર્થનો જ્ઞાપક હોય છે તેમજ **એવ**કાર અવ-ધારણાર્થનો જ્ઞાપક હોય છે.

જેમકે કોઇ સ્થળે ઘણી વસ્તુઓ એકત્ર પડેલી હોય, તેમાંથી એકલા ઘટનેજ મંગાવવો હોય. બીજી વસ્તુની બિલકુલ અપેક્ષા ન જ હોય તો તેવા સ્થળમાં **घटमेवानय** એ વાક્યોચ્ચારણથી તે વસ્તુના સમૂહમાંથી એક માત્ર ઘટનેજ લાવવો એવો બોધ થાય છે. પરંતુ જે શબ્દો અવધારણ અર્થ માત્રમાં સંકેત રૂપે નિમાયેલા હોય તે શબ્દો અવધારણ અર્થના બોધકથવામાં એવ-કારની અપેક્ષા બિલકુલ કરતા નથી. જેમ સમુચ્ચય અર્થને જણાવવા માટે સંકેત રૂપે મૂકેલો '**ચ**' શબ્દ બીજા '**ચ**' કારની

અપેક્ષા વિના પણ સમુચ્ચય અર્થને જણાવે છે. તેમજ અહિં પણ અવધારણ અર્થમાં સંકેત તરીકે બતાવવામાં આવેલો 'એવ' શબ્દ બીજા એવકારની અપેક્ષા વિના પણ અવધારણ અર્થને જણાવવામાં શકિતમાન્ થાય છે. એવો કાંઇ નિયમ નથી કે-નિપાતો કેવળ અર્થના દ્યોતકજ હોય. વાચક હોય જ નહિ. પરંતુ નિપાતો દ્યોતક અને વાચક બન્ને હોય છે. આ બન્ને પક્ષોને કલિકાલસર્વજ્ઞ ભગવાન્ **હેમચન્દ્રાચાર્યે** સ્વકૃત **શબ્દાનુશાસનમાં** સારી રીતે સિદ્ધ કરી આપ્યા છે.

હવે બૌદ્ધો કહે છે કે—દરેક શબ્દો ઇતર અર્થની વ્યવૃત્તિનાજ વાચક છે. અર્થાત્ દરેકે દરેક શબ્દો હમેશાં અન્ય વ્યાવૃત્તિ અર્થ માત્રમાંજ શકત છે.

જેમ, ઘટ શબ્દ તેનાથી ઇતર જે પટાદિ તેનું પ્રતિપાદન ન કરતાં તેનાથી ઇતર વ્યાવૃત્તિ રૂપ અર્થનુંજ પ્રતિપાદન કરવામાં આવે છે. સ્વાર્થનુંજ પ્રતિપાદન અને પરાર્થનું વ્યાવર્ત્તન કરે છે. જ્યારે શબ્દોની આવાજ પ્રકારની સ્વાભાવિક શકિત છે, ત્યારે **એવ**કારના પ્રયોગ વિના પણ દરેક શબ્દો પોતેજ અન્ય અર્થનું વ્યાવર્ત્તન કેમ ન કરે. અતએવ બીજાના વ્યાવર્ત્તન રૂપ અવધારણ અર્થને બોધ કરાવવા માટે **એવ**કારનો પ્રયોગ કરવો અસ્થાને છે. એ પ્રકારનું એઓનું કથન પણ યુકિતસંગત નથી.

તેઓએ વિચારવું જોઇએ કે-ઘટાદિ શબ્દોના શ્રવણ માત્રમાંજ સાંભળનારના મનોમંદિરની અંદર અન્યવ્યાવૃત્તિ અર્થનું સ્ફુરણ શું તરતજ થાય છે ? તે વખતે તો તેને તેવું સ્ફુરણ બિલકુલ ન થતાં જલધારણની ક્રિયા કરવાવાળા અને કંબુ–ગ્રીવાદિ આકાર વાળા પદાર્થનુંજ માત્ર ભાન થતું જણાય છે. છતાં પણ ઘટાદિ શબ્દોથી જલધારણ ક્રિયા કરવાવાળા પદાર્થનો જેવા પ્રકારે

અનુભવ થાય છે તેવા અનુભવને તેઓ ન માને તો અહિં પણ અનવસ્થા દોષ આવી રહેવાનો.

જેમ ઘટાદિ શબ્દથી ઇતરવ્યાવૃત્તિ રૂપ અર્થની ઉપસ્થિતિ તેઓ માને છે, તેમ ઇતરવ્યાવૃત્તિ શબ્દથી પણ અન્યવ્યાવૃત્તિ અર્થની ઉપસ્થિતિ પણ તેમણે માનવી પડશે. તે અન્ય વ્યાવૃત્તિ અર્થની ઉપસ્થિતિ પણ ઇતરવ્યાવૃત્યર્થનોજ બોધ કરાવશે. તે પણ બીજી ઇતરવ્યાવૃત્તિ. એમ કયાંય પણ મર્યાદા યુકત નહિ થઇ શકે.

અતએવ તેઓએ પણ " અનિષ્ટાર્થની નિવૃત્તિ માટે વાકયની અંદર અવધારણ-અર્થનો દ્યોતક ' **એવ** ' શબ્દ જરૂર પ્રયોગમાં લાવવો **જોઇએ.**

ઉપર્યુકત **એવ** શબ્દ ત્રણ પ્રકારે અવધારણ અર્થને બતાવે છે-અયોગવ્યવચ્છેદક, અન્યયોગવ્યવછેદક અને અત્યન્તાયોગ-વ્યવચ્છેદક.

( ૧ ) **અયોગવ્યવચ્છેદક**—જેનો વિશેષણની સાથે **સંબંધ** હોય તે.

( ૨ ) **અન્યયોગવ્યવચ્છેદક—જેનો વિશેષ્યની સાથે સંબંધ** હોય તે.

( ૩ ) **અત્યન્તાયોજવ્યવચ્છેદક**—જેનો ક્રિયાની **સાથે** સંબંધ હોય તે.

લક્ષણ દ્વારા ત્રણે **એવ**કારનું સ્વરૂપ--

ઉદ્દેશ્યતાવચ્છેદક ધર્મના અધિકરણમાં રહેલા અભાવનું અપ્રતિયોગીપણું તે અયોગવ્યવચ્છેદકનું સામાન્ય રીતિએ લક્ષણ

જાણવું. દૃષ્ટાન્ત તરીકે-' **शङ्खःपाण्डुर+एवेति** ' આ ઠેકાણે શંખને ઉદ્દેશ્યરૂપ પદાર્થ સમજવો. અને તે શંખરૂપ ઉદ્દેશ્ય પદાર્થનો અવચ્છેદક રૂપ ધર્મ શંખત્વ નામનો જાણવો. તે ધર્મનું અધિકરણ શંખ છે, તેની અંદર પાંડુરપણાનો યાને શ્વેતપણાનો અભાવ બિલકુલ નહિં જ આવે; કેમકે શંખ પોતેજ શ્વેત છે. તેમાં અભાવ આવશે શ્વેતથી ઇતર નીલાદિનો. માટે તેનો પ્રતિયોગી[1] પણ તેજ નીલાદિ થયો.

અયોગવ્યવચ્છેદકનો સારાર્થ એ કે--જે પદાર્થની સાથે જે એવકાર સંબંધ રાખતો હોય, તે પદાર્થની અંદર રહેલી જે અયોગ્યતા તેને તે દૂર કરે. જેમ શંખની અંદર રહેલી શ્વેતપણાની જે અયોગ્યતા તેને પાંડર પાસે રહેલા એવ શબ્દે તદ્દન દૂર કરી તેમજ.

અન્યયોગ–વિશેષ્યથી ભિન્ન જે પદાર્થ હોય તેની સાથે તાદાત્મ્યને ધારણ કરવું, તેજ અન્યયોગવ્યવચ્છેદકનું કાર્ય છે. ઉદાહરણ તરીકે-" **पार्थ एव धनुर्धरः** " અર્જુનજ ધનુર્ધર છે. આ ઠેકાણે વિશેષ્ય જે અર્જુન તેથી ભિન્ન દુર્યોધનાદિ તેની સાથે ધનુર્ધરપણાના તાદાત્મ્યને ' **એવ** ' પદ દૂર કરાવે છે. અર્થાત્ અર્જુનની અંદરજ ધનુર્ધરપણું છે. બીજામાં છે જ નહિ. એ પ્રકારનો અર્થ ' પાર્થ ' શબ્દ પાસે મૂકેલ ' **एव** ' શબ્દે પ્રદર્શિત કરી બીજામાં રહેલો જે ધનુર્ધરપણાનો યોગ તે હઠાવી દીધો.

---

અત્યન્તા યોગ વ્યવચ્છેદઃ--

૧. જેનો અભાવ હોય તે પ્રતિયોગી. અને જેનો અભાવ ન હોય તે અપ્રતિયોગી. માટે આ ઠેકાણે અપ્રતિયોગિપણું પાંડુરપણામાં સમજવું.

ઉદ્દેશ્યભૂત પદાર્થની અંદર રહેલ ધર્મનો વ્યાપક જે અભાવ તેનું અપ્રતિયોગીપણું તેજ અત્યન્તાયોગવ્યવચ્છેદનું લક્ષણ જાણવું. જેમકે '**नीलं सरोजं भवत्येव**' આ ઠેકાણે ઉદ્દેશ્ય ભૂત પદાર્થ કમળ છે. તેમાં રહેલો સરોજત્વ રૂપ જે ધર્મ, તેનો વ્યાપક અભાવ જે નીલતાદાત્મ્યનો અભાવ તે તો બિલકુલ નજ હોઇ શકે, કેમકે કમળની અંદર કેટલાંક કમળો નીલાં પણ હોય છે. પરંતુ તેમાં અભાવ તો આવશે પટતાદાત્મ્યનો અને તેજ તેનો પ્રતિયોગી પણ બનશે. અપ્રતિયોગી નીલતાદાત્મ્યની અંદર આવશે.

તાત્પર્ય કે—જ્યાં સુધી કોઇ પણ એક કમળમાં નીલપણું હોય ત્યાં સુધી કમળસામાન્યની અંદર નીલતાદાત્મ્ય નહિ આવી શકે, એમ કેવી રીતે કહેવાય. પીતતાદાત્મ્યપણું નહિ આવે એમ કહેવામાં તો અડચણ નથી. કેમકે '**भवति**' એ ક્રિયાની પાસે રહેલા '**એવ**' કારે સરોજની અંદરની નીલપણાની અત્યન્ત અયોગ્યતાને દૂર કરાવી.

અહિં વિચારવા જેવું એ છે કે-'**घटः स्यादस्त्येव**' '**जीवः स्यादस्त्येव**' ઇત્યાદિ વાકયોની અંદર ક્રિયાની આગળ 'એવ' કાર હોવાથી અત્યન્તાયોગવ્યવચ્છેદ અર્થનો બોધ થવો જોઇએ. અને એમ બોધ થવામાં અહિં ઘણા દોષોનો સંભવ રહે છે. '**नीलं सरोजं भवत्येव**' એ વાકય કોઇ એક રક્તાદિ કમળોમાં નીલપણું ન હોવા છતાં જેમ '**नीलं कमलं भवत्येव**' એવા પ્રયોગો થાય છે. તેમજ કોઇ એક ઘટની અંદર અસ્તિપણું ન હોવા છતાં પણ '**घटः स्यादस्त्येव**' એવો પ્રયોગ થવો જોઇએ. પરંતુ એવી રીતે તો કોઇ પ્રયોગ કરતું નથી, કેમકે અસ્તિપણું તો દરેક ઘટમાં વિદ્યમાન છે. જેમાં અસ્તિપણું ન હોય

તે તો વસ્તુજ ન કહેવાય. જેમ 'વંધ્યાનો પુત્ર, આકાશ પુષ્પ, સસલાનું શિંગડું' એનું અસ્તિપણું નથી તો તે વસ્તુ પણ નથી. આવી રીતે અત્યન્તયોગવ્યવચ્છેદના લક્ષણની અંદર શંકાનો અવસર ન લાવવો જોઇએ. કારણ કે **घटः स्यादस्त्येव** આ ઠેકાણે ક્રિયાની સાથે **એવ**કારનો સંબંધ હોવાથી અત્યન્તાયોગ-વ્યવચ્છેદ અર્થ માનવો જોઇએ. પરંતુ તેમ ન કરતાં અહિંઆ એ પ્રકારનો અર્થ અયોગવ્યવચ્છેદ રૂપ માનવો.

જેમકે '**ज्ञानमर्थं गृह्णात्येव**' ઇત્યાદિ સ્થળોમાં ક્રિયાની સાથે '**એવ**' શબ્દનો પ્રયોગ હોવા છતાં પણ અયોગવ્યવછેદ-રૂપ અર્થ માનવામા આવેલો છે. તેવી રીતે જ્ઞાનત્વના અધિકરણ જ્ઞાનની અંદર અર્થગ્રાહકપણાનો અત્યન્ત અભાવ નથી. કિન્તુ જડ-પણાનો અત્યન્ત અભાવ છે. તેનો પ્રતિયોગિ 'જડત્વ' બનશે. અને અપ્રતિયોગિપણું અર્થગ્રાહકપણામાં આવશે. આ ઠેકાણે અયોગવ્યવચ્છેદનું લક્ષણ ઘટવાથી જેમ આ **એવ** શબ્દને અયોગ-વ્યવચ્છેદક માનવામાં આવ્યો. તેમજ પ્રકૃતમાં પણ ઘટત્વના અધિ-કરણ ઘટમાં અસ્તિપણાનો અત્યન્તાભાવ બિલકુલ નહિ આવી શકે. કિંતુ પટાદિનો અત્યન્ત અભાવ આવશે. તેનો પ્રતિયોગી પટાદિ થશે. અને અપ્રતિયોગિ પણું અસ્તિત્વમાં આવવાથી સંપૂર્ણ લક્ષણ ઘટી ગયું સમજવું.

અહિં કોઇ કદાચ એમ શંકા કરે કે—ઘટના અંદર અસ્તિ-પણાનો પણ અભાવ વિદ્યમાન છે. કેમકે અસ્તિત્વનો અભાવ નાસ્તિ-ત્વ રૂપ છે અને તે નાસ્તિત્વ તો ઘટની અંદર પરદ્રવ્યાદિચતુષ્ટ-યને લઇને રહેલું છે. અને જ્યારે અસ્તિત્વના અભાવરૂપ નાસ્તિત્વ ઘટની અંદર વિદ્યમાન છે. ત્યારે તેનું પ્રતિયોગિપણું અસ્તિત્વની અંદર આવવાથી અયોગવ્યવચ્છેદનું લક્ષણ અવ્યાપ્તિ દોષવાળું થયું."

ઉત્તર—પ્રતિયોગિવ્યધિકરણ એવું વિશેષણ અભાવમાં આપવું અને તેમ કરવાથી અસ્તિત્વનો અભાવ જે નાસ્તિત્વ, તે પ્રતિયોગિવ્યધિકરણ નહિ બને; કેમકે નાસ્તિત્વરૂપ અભાવનો પ્રતિયોગી જે અસ્તિત્વ ધર્મ તે પણ સ્વદ્રવ્યાદિચતુષ્ટયને લઇને ઘટની અંદર રહેલ છે અને જ્યારે અસ્તિત્વરૂપ પ્રતિયોગી તથા નાસ્તિત્વરૂપ અભાવ બન્ને ઘટની અંદર સ્વપર દ્રવ્યાદિ ચતુષ્ટયને લઇને રહેલ છે; ત્યારે નાસ્તિત્વરૂપ અભાવ પ્રતિયોગિવ્યધિકરણ કેવી રીતે કહી શકાય ? કિન્તુ કહેવાતા પટનો અભાવજ પ્રતિયોગિવ્યધિકરણ તરીકે મનાય. તે અભાવનો પ્રતિયોગિ પણ પટ બની શકે અને અપ્રતિયોગિપણું અસ્તિત્વની અંદર રહી શકે એમ સમજવું. આ પ્રકારે કોઇપણ દોષનો અવકાશ રહેવાનોજ નહિં.

**સ્યાત્** શબ્દ ઉપર વિચાર—

'સ્યાત્' શબ્દના અનેકાન્ત વિધિ વિચારાદિમાં ઘણા અર્થો હોવા છતાં પણ વિવક્ષાના વશથી અનેકાન્ત રૂપ અર્થ આ ઠેકાણે સ્યાત્ શબ્દનો રાખવામાં આવે છે. અનેકાન્ત એટલે અનેક ધર્મ સ્વરૂપપણું અને અન્ત શબ્દનો અભેદ અર્થ કરવામાં આવે છે. તે અભેદનો અન્વય ઘટાદિ અર્થની સાથે કરવો. તેજ બતાવવામાં આવે છે. અનેક ધર્મવાળો ઘટ પૂર્વોક્ત પ્રકારના અસ્તિત્વવાળો છે.

અહિં કોઇ પ્રશ્ન કરે કે-**સ્યાત્** શબ્દથીજ જ્યારે **અનેકાન્ત** અર્થનો બોધ થાય છે ત્યારે અસ્તિ વિગેરે શબ્દો નિરર્થક છે. કેમકે **અસ્તિ** શબ્દપ્રતિપાદ્ય જે સત્ત્વરૂપ અર્થ, તેનો પણ બોધ જ્યારે સ્યાત્ શબ્દથીજ થાય છે ત્યારે 'અસ્તિ' શબ્દનો પ્રયોગ કરવોજ નકામો છે. એ પ્રશ્નનો ઉત્તર:—

જો કે સ્યાત્ શબ્દથી સામાન્યરૂપે અનેકાન્તપણાવડે કરીને અસ્તિત્વરૂપ અર્થનો બોધ થઇ શકે છે તો પણ વિશેષરૂપથી અસ્તિત્વરૂપે અસ્તિત્વના બોધ માટે અસ્તિ શબ્દના પ્રયોગની પણ જરૂર છે.

બીજું એ પણ છે કે—શબ્દની શક્તિ તો સામાન્યનોજ બોધ કરાવવાની છે. એથી કરીને વિશેષ બોધને માટે 'અસ્તિ' વિગેરે શબ્દના પ્રયોગથી કામ લેવામાં આવે છે.

કેવળ સામાન્યથી લગાર પણ વ્યવહારોપયોગી કાર્ય થઇ શકતું નથી. જેમ 'વૃક્ષ ન્યગ્રોધ' આ વાક્યથી વૃક્ષ શબ્દવડે જો કે વડ વૃક્ષ પણ સામાન્ય વૃક્ષની અંતર્ગત હોવાથી તેનો વૃક્ષપણાવડે કરીને બોધ થઇ શકે છે. છતાં પણ વિશેષ્ય રૂપથી વડવૃક્ષપણે વડવૃક્ષનો બોધ થાય તેજ કારણથી ન્યગ્રોધ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. તેમજ અસ્તિ વિગેરે શબ્દમાં વિશેષ પ્રયોગો પણ સમજવા. આ પૂર્વોક્ત સમાધાન સર્વ નિપાતોના વાચક પક્ષમાં સમજવું.

હવે દ્યોતક પક્ષ પ્રમાણે સમાધાન કરવામાં આવે છે—

એક પક્ષીય સમાધાન તે સમાધાન કહી શકાય નહિ. એથી વાચક પક્ષ પછી દ્યોતક પક્ષનું પણ સમાધાન કરવું જરૂરનું છે. **અસ્તિ** વિગેરે શબ્દોથી પ્રતિપાદન કરેલો અનેકાન્ત રૂપ અર્થ તેજ **સ્યાત્** શબ્દથી પ્રકાશિત કરવામાં આવે છે. જો કદાપિ **સ્યાત્** શબ્દનો પ્રયોગ કરવામાં ન આવે, તો મિથ્યા એકાન્તને સર્વથા હઠાવીને અનેકાન્તરૂપ અર્થનું પ્રતિપાદન કરવું ઘણુંજ અશકય થઇ પડે. માટે **સ્યાત્** શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

જો એમ કહેવામાં આવે કે સ્યાત્ શબ્દના પ્રયોગ વિના પણ વસ્તુ અનેકાન્ત સ્વરૂપ છે. આ વાત તો પ્રકરણાદિથી માલૂમ પડી જશે. જેમ '**એવ**'કારના પ્રયોગ વિના પણ અવધારણ અર્થની પ્રતીતિ થાય છે. તેમજ પ્રકરણવશાત્ **સ્યાત્** શબ્દના પ્રયોગ વિના પણ અનેકાન્ત અર્થનો બોધ જ્યારે થઇ જશે, ત્યારે **સ્યાત્** શબ્દનો પ્રયોગ કરવો નિરર્થક છે. આ કથન પણ યુક્તિ-યુક્ત નથી.

જે લોકો સ્યાદ્‌વાદને યથાર્થ રીતે સમજતા નથી, તેઓને ખાસ સમજાવવા ખાતરજ સ્યાત્ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. અને જેઓ સ્યાદ્‌વાદ—ન્યાયશૈલીથી પદાર્થપ્રતિપાદન કરવા-માં કુશળ છે. અર્થાત્ જેઓ સ્યાદ્‌વાદનું સ્વરૂપ બરાબર જાણે છે તેઓ સ્યાત્ શબ્દના પ્રયોગ વિના પણ પોતાની બુદ્ધિમત્તાથી જલ્દી સમજી જાય છે. તેઓને તો ખાલી ઘટ શબ્દમાત્રના ઉચ્ચારણ-થીજ ' ઘટ: સ્યાદસ્ત્યેવ ' એવું જ્ઞાન સ્વાભાવિક રીતેજ થઇ જાય છે. જેમ એવકારના પ્રયોગ વિના પણ અવધારણ અર્થની પ્રતીતિ થાય છે. તેમજ સ્યાત્ શબ્દના પ્રયોગ વિના પણ અનેકાન્ત અર્થ સમજવામાં આવી જાય છે. આથી આ વાત તો સિદ્ધ થઇ ગઇ કે—સ્યાદ્‌વાદ ન્યાયશૈલીમાં કુશળ લોકોને અનેકાન્ત અર્થના બોધ માટે **સ્યાત્** શબ્દનો પ્રયોગ કરવોજ જોઇએ, એ કાંઇ એકાંત નિ-યમ નથી.

જે લોકોએ સ્યાદ્‌વાદમાં કુશળતા મેળવી નથી, તેવાઓને સમજાવવાની ખાતરજ સ્યાત્ શબ્દનો પ્રયોગ આવશ્યક છે. બીજા-ને માટે નહિ. જેમ પ્રતિજ્ઞા—હેતુ—વાકયથી પ્રમાણકુશળ લોકોએ સાધ્ય—સિદ્ધિ કરવામાં નિપુણતા મેળવેલી હોવાથી તેઓને માટે પંચ અવયવનો પ્રયોગ કરવામાં આવતો નથી. અને મંદબુદ્ધિવાળાઓને

માટે તેવા પ્રકારની કુશળતા ન હોવાથી પંચ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. તેવી જ રીતે સ્યાદ્વાદ–ન્યાયમાર્ગમાં કુશલ લોકોને માટે સ્યાત્ શબ્દનો પ્રયોગ કરવામાં આવતો નથી; પરંતુ મંદ બુદ્ધિવાળાઓ માટે જ સ્યાત્ શબ્દનો પ્રયોગ કરાય છે.

ફરી પણ અહિં શંકાનું સ્થાન છે કે—' જેટલા ઘટાદિ પદાર્થો છે તેટલા સર્વ પોતપોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવથીજ છે. બીજાના દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવથી છેજ નહિ. કેમકે અપ્રસ્તુત હોવાથી સ્વદ્રવ્યાદિ ચતુષ્ટયથી જ ઘટાદિ પદાર્થો સત્વને ધારણ કરે છે. નહિ કે પરદ્રવ્યાદિ ચતુષ્ટયથી. આ વાત જણાવવાની ખાતર **સ્યાત્** શબ્દનો પ્રયોગ કરવો નકામો છે. '

એ પણ શંકા યોગ્ય નથી. તેવા પ્રકારનો અર્થ કયા શબ્દથી વ્યંજિત થાય છે, તેનો નિશ્ચય કરાવવા માટે **સ્યાત્** શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. આ ઠેકાણે સ્યાત્ શબ્દને આખ્યાતનો પ્રતિરૂપક અવ્યય સમજવો તથા દ્યોતક પક્ષમાં પણ ' અસ્ત્યેવ ઘટઃ ' ઇત્યાદિ વાકયથી અભેદવૃત્તિને લઇને અથવા તો અભેદ ઉપચારથી પ્રતિપાદન કરેલો જે અનેકાન્ત અર્થ તે **સ્યાત્** શબ્દથી પ્રકાશિત કરવામાં આવે છે. તે અભેદવૃત્તિનો કાલાદિ આઠની સાથે જેવી રીતે સંભવ છે, તેવી રીતે પૂર્વે પ્રતિપાદન કરવામાં આવેલ છે.

ઉપસંહાર—સ્યાત્ શબ્દ, અસ્તિ શબ્દ તથા એવકાર વિગેરે શબ્દોનું પૃથક્ પૃથક્ રીતે પ્રતિપાદન કરવામાં પૂર્વે પ્રયત્ન કર્યા બાદ હવે વાકયનો અર્થ સમજાવવામાં આવે છે. '**स्यादस्त्येव घटः**' આ વાકયથી આવો બોધ થાય છે કે સ્વદ્રવ્યાદિ ચતુષ્ટયને લઇને ઘટ અસ્તિત્વવાળો છે તથા ' **स्यान्नास्त्येव घटः** ' આ વાકયથી પરદ્રવ્યાદિચતુષ્ટયને લઇને નાસ્તિત્વવાળો ઘટ છે. અર્થાત્ ઘટાદિ

વસ્તુની અંદર પોતાના સ્વરૂપથી સત્ત્વ રહેલ છે અને પર રૂપથી અસત્ત્વ રહેલ છે. આ પ્રકારે ન માનવાથી વસ્તુમાં વસ્તુપણું જ રહે નહિ. કેમકે સ્વરૂપથી ઉપાદાન તથા પર રૂપથી અપોહન કરવું તેજ વસ્તુની અંદર વસ્તુત્વ છે. જ્યારે તેવા પ્રકારનું વસ્તુત્વ ન રહે, ત્યારે તો એ વસ્તુ જ કહેવાય કેવી રીતે, એ વિચારવું જોઇએ.

હવે ઘડાની અંદર સ્વરૂપ તથા પરરૂપ કેવી રીતે છે ? તે સમજાવાય છે.

' अयं घटः ' એવા પ્રકારના જ્ઞાનની અંદર ભાસમાન જે ઘટત્વ યાને ઘટપણું તેજ ઘટનું સ્વરૂપ છે. અને તેથી ભિન્ન જે પટાદિપણું તે ઘટનું પરરૂપ છે. સ્વરૂપને લઇને ઘટની અંદર સત્ત્વ માનવામાં આવે છે અને પરરૂપને લઇને અસત્ત્વ માનવામાં આવે છે. જેવી રીતે ઘટપણાને લઇને ઘટની અંદર સત્ત્વ માનવામાં આવે છે તેવીજ રીતે પટપણાને લઇને સત્ત્વ માનવામાં આવે તો ઘટ પટરૂપ થઇ જવાથી, જલાર્થી પુરૂષની ઘટમાં પ્રવૃત્તિ, અને શરીર ઢાંકવાના અર્થીની પટમાં પ્રવૃત્તિ જે જોવામાં આવે છે તેનો ઉચ્છેદ થઇ જવાનો અને તે સાથે જગત્ પણ કેવળ ઘટરૂપ યા કેવલ પટરૂપજ થઇ જવાનું.

પટત્વને લઇને પણ જો કદાપિ ઘટમાં સત્ત્વ માનવામાં આવે તો ઘટ પણ પટરૂપ થઇ જાય. અને જેવી રીતે પટપણાને લઇને ઘટમાં સત્ત્વ માન્યું, તેવીજ રીતે ઘટપણાને લઇને જો અસત્ત્વ માનવામાં આવે તો શશવિષાણની માફક જગત્ શૂન્ય થઇ જાય. માટે વ્યવહારનો ઉચ્છેદ થવા ન પામે એટલા સારૂ સ્વરૂપથી સત્ત્વ અને પરરૂપથી અસત્ત્વ માનવું. અથવા તો નામ, સ્થાપના, દ્રવ્ય

અને ભાવ આ ચાર પ્રકારના ઘટની અંદર ચાહે તે પ્રકારના ઘટની વિવક્ષા કરવામાં આવે, તે વિવક્ષા તે ઘટનું સ્વરૂપ કહેવાય અને એથી ભિન્ન ઘડાઓ પરરૂપ કહેવાય. તેમાં વિવક્ષિત સ્વરૂપે ઘટ છે અને તેથી બીજા રૂપથી ઘટ નથી. જો વિવક્ષિત સ્વરૂપે પણ ઘટ માનવામાં ન આવે તો જગત્માં ઘટ વસ્તુ શશવિષાણ તુલ્ય જ બની જાય.

અવિવક્ષિત રૂપે જો ઘટ માનવામાં આવે, તો જે નામાદિ ઘડાઓની અંદર પરસ્પર ભેદ માલૂમ પડે છે, તેનો ઉચ્છેદ થઇ જાય,. અતએવ વિવક્ષિત રૂપે ઘડામાં સત્ત્વ માનવું અને અવિવક્ષિત— ઇતર રૂપે ઘડામાં અસત્ત્વ માનવું.

અથવા સકલ ભાવવાળા ઘડાઓની અંદરથી પણ જેટલા પરિમાણનો ઘડો ધારવામાં આવેલો હોય, તે પરિમાણ ઘડાનું સ્વરૂપ કહેવાય, અને એથી બીજું પરિમાણ પરરૂપ કહેવાય. તેવા સ્વરૂપથી ઘડામાં સત્ત્વ માનવામાં આવે છે અને ઇતર રૂપથી અસત્ત્વ માનવામાં આવે છે. જો સ્વરૂપની માફક પરરૂપથી પણ સત્ત્વ માનવામાં આવે, તો ઘડાની અંદર પરિમાણની ભિન્નતા ન દેખાવી જોઇએ, અને સાથે સાથે જગત્ના તમામ પદાર્થો ઘટ સ્વરૂપજ મનાવા જોઇએ.

જો પરરૂપની માફક સ્વરૂપથી પણ અસત્ત્વ માનવામાં આવે તો ઘટની સત્તાનોજ લોપ થઇ જાય. અતએવ સ્વરૂપથી સત્ત્વ અને પરરૂપથી અસત્ત્વ પણ જરૂર માનવું. થાસ, કોશ કુશૂલ, કપાલાદિ પર્યાયો પણ ઘટનું પરરૂપ કહેવાય અને ઘટપર્યાય તે ઘટનું સ્વરૂપ કહેવાય. તેમાં પણ ઘટપર્યાયથી ઘડામાં સત્ત્વ માનવું. થાસાદિ પર્યાયોની માફક ઘડામાં અસત્ત્વ તો ઘટપર્યાયનોજ બિલ-

કુલ અભાવ થઇ જાય. અને જો ઘટપર્યાયની માફક થાસાદિ પર્યાયોથી પણ ઘડામાં સત્ત્વ માનવામાં આવે, તો ઘટપટાદિના ભેદનોજ ઉચ્છેદ થઇ જાય. માટે ઘટપર્યાયથી ઘટમાં સત્ત્વ અને થાસાદિ પર્યાયથી ઘટમાં અસત્ત્વ માનવું.

ઋજુસૂત્ર નયની અપેક્ષાએ વર્ત્તમાનકાલમાં વિદ્યમાન ઘડાને ઘડા તરીકે માનવામાં આવે છે.કારણ કે અતીત કાલમાં નષ્ટપણું હોવાથી જલાહરણ ક્રિયાનો તો તેમાં સંભવજ નથી, તેમજ અનાગતકાલીન ઘડામાં તો હજુ ઉત્પત્તિ ન હોવાથી જલાહરણ ક્રિયા કેવી રીતે કરી શકે. આથી એ સિદ્ધ થયું કે–વર્ત્તમાન ક્ષણવર્ત્તિપણું, એ ઘટનું સ્વરૂપ છે, અને ( અતીત અનાગતકાલવર્ત્તિ ) જે ઘટપર્યાય છે, તે ઘટનું પરરૂપ છે. માટે વર્ત્તમાનક્ષણવર્તિ ઘટપર્યાયથી ઘટમાં સત્ત્વ અને અતીત અનાગત કાલવર્ત્તિ ઘટપર્યાયોથી ઘટમાં તે નયના મતે અસત્ત્વ માનવું. જો વર્ત્તમાનક્ષણવર્ત્તિ ઘટપર્યાયની માફક અતીત અનાગતકાલીન ઘટપર્યાયથી પણ ઘડાની અંદર સત્ત્વ માનવામાં આવે, તો ઘટપર્યાયનું સર્વકાલમાં વિદ્યમાનપણું હોવાથી આ ઘડો નષ્ટ થયો. આ ઘડો હજુ સુધી ઉત્પન્ન થયો નથી. આ ઘડો હમણાંજ ઉત્પન્ન થયો, ઇત્યાદિ જગત્પ્રસિદ્ધ જે વ્યવહાર છે, તેનો ઉચ્છેદ થઇ જશે. માટે ઋજુસૂત્રનયના અપેક્ષાએ વર્ત્તમાન ક્ષણવર્ત્તિ ઘટપર્યાયની અંદરજ ઘટપણાનો વ્યવહાર માનવો. આ હેતુથી વર્ત્તમાનકાલીન ઘટપર્યાયજ ઘટનું સ્વરૂપ કહેવાય અને અતીતઅનાગતકાલીન ઘટપર્યાયપણું ઘટનું પરરૂપ કહેવાય. તેમજ અતીત અનાગત ઘટપર્યાયથી પણ જો અસત્ત્વ માનવામાં આવે, તો જગત્માં ઘટની શૂન્યતા થઇ જવાનો પ્રસંગ આવે; માટે ઋજુસૂત્ર નયની અપેક્ષાથી વર્ત્તમાનકાલીન ઘટપર્યાયના સ્વરૂપને લઇને ઘટમાં સત્ત્વ માનવું અને અતીતઅનાગતકાલીન ઘટપર્યાયને લઇને પરરૂપથી અસત્ત્વ માનવું આ વાત દૃઢ થઇ.

અથવા તેજ ક્ષણની અંદર રૂપાદિ સમુદાયવાળા ઘટની અંદર કંબુ–ગ્રીવાદિ રૂપ પોતાના આકારને લઇને ઘટનું સ્વરૂપ સમજવું અને પટાદિના આકારને લઇને ઘટનું પરરૂપ સમજવું તથા સ્વરૂપે એટલે પોતાને આકારે ઘટમાં સત્ત્વ માનવું. જો પોતાના આકારની માફક બીજા આકારથી પણ ઘટમાં સત્ત્વ માનવામાં આવે તો જગત્‌ના તમામ આકારવાળાપણું ઘટમાં આવવાથી ઘટ–પટના ભેદ નિબન્ધન વ્યવહારનોજ લોપ થઇ જાય. જો બીજા આકારની માફક પોતાના આકારથી પણ ઘડામાં અસત્ત્વ માનવામાં આવે તો કોઇપણ આકાર વાળો ઘડો હોવોજ ન જોઇએ. માટે સ્વાકારથી સત્ત્વની માફક બીજા આકારથી અસત્ત્વને જરૂર જૂદું માનવું.

અથવા રૂપાદિ સમુદાયવાળા ઘટમાં જે પ્રકારનું ચક્ષુગ્રાહ્ય-પણું છે તે ઘટનું સ્વરૂપ કહેવાય અને રસનાદિગ્રાહ્યપણું પરરૂપ કહેવાય. ચક્ષુગ્રાહ્યપણાને લઇને સત્ત્વ માનવામાં આવે છે અને રસનાદિગ્રાહ્યપણાને લઇને અસત્ત્વ માનવામાં આવે છે. જો ચક્ષુગ્રાહ્યપણાની માફક રસના ગ્રાહ્યપણાને લઇને પણ સત્ત્વ માનવામાં આવે, તો સર્વ ઇંદ્રિયગ્રાહ્યપણું ઘડામાં આવી જાય તથા જો રસનાગ્રાહ્યતાની માફક ચક્ષુગ્રાહ્યપણાથી પણ ઘડામાં અસત્ત્વ માનવામાં આવે તો કોઇ પણ ઇંદ્રિયથી ઘડામાં ગ્રાહ્યપણું આવી શકેજ નહિ. માટે ચક્ષુગ્રાહ્યપણું સ્વરૂપ અને જીવ્હાદિ ઇંદ્રિય-ગ્રાહ્યપણું ઘટનું પરરૂપ સમજવું.

અથવા સમભિરૂઢનયની અપેક્ષાએ ચેષ્ટા કરવાવાળાને ઘટ કહેવામાં આવે છે તથા કુટ્ટન ક્રિયા કરવાવાળાને કુટ કહેવામાં આવે છે. અને કુંભન ક્રિયા કરવાવાળાને કુંભ કહેવામાં આવે છે. આવા પ્રકારના વ્યુત્પત્તિભેદને લઇને પર્યાયોમાં પણ ભિન્નતા માનવામાં આવે છે. જેમ ઋજુસૂત્રનય કાલાદિ ભેદે વસ્તુ ભિન્ન-

રૂપે માને છે. તથા લિંગ, વચનકારક આદિના ભેદથી વસ્તુ ભિન્ન શબ્દનય માને છે. તેમ પર્યાયની ભિન્નતાથી પણ વસ્તુને ભિન્ન માનવી જોઇએ. એ પ્રકારનો સમભિરૂઢ નયનો મત છે. તેના મતથી ચેષ્ટાદિ ક્રિયા કરવાપણું ઘટનું સ્વરૂપ છે. અને કુટ્ટન આદિ ક્રિયા કરવાપણું તે ઘટનું પરરૂપ છે. જો ચેષ્ટાદિ ક્રિયા કરવાવાળાની માફક કુટ્ટનાદિ ક્રિયા કરવાપણું ઘટનું સ્વરૂપ માનવામાં આવે, તો સંસારમાં તમામ વસ્તુની અર્થક્રિયા એકલા ઘટથીજ થવી જોઇએ. એમ તો કોઇપણ માનતું નથી. અનુભવમાં પણ આવતું નથી. શાસ્ત્રથી પણ વિરૂદ્ધ છે. જો કુટ્ટન ક્રિયાની માફક ઘટનક્રિયાથી પણ અસત્ત્વ માનવામાં આવે તો ઘટથી જલાહરણ ક્રિયા ન થવી જોઇએ. માટે ચેષ્ટન ક્રિયાથી ઘટમાં સત્ત્વ અને કુટ્ટનાદિ ક્રિયાથી ઘટમાં અસત્ત્વ માનવું.

આવી રીતે દરેક પદાર્થની અંદર સ્વરૂપ–પરરૂપને લઇને સત્ત્વ–અસત્ત્વની વ્યવસ્થા જાણી લેવી.

હવે સ્વદ્રવ્યાદિ ચતુષ્ટયને લઇને તથા પરદ્રવ્યાદિ ચતુષ્ટયને લઇને પણ ઘટની અંદર સત્ત્વાસત્ત્વનો વિચાર કરવામાં આવે છે. જે ઘડો માટીથી બનાવવામાં આવેલો હોય તે ઘડાનું માટી દ્રવ્ય સ્વરૂપ કહેવાય અને સુવર્ણ, રજત, જસત, લોહ, ત્રાંબુ વિગેરે ધાતુઓ તથા કાષ્ઠાદિ વિગેરે તમામ બીજાં દ્રવ્યો તે પરરૂપ કહેવાય. સુવર્ણાદિ દ્રવ્યનો ઘડો બનાવવામાં આવ્યો હોય તો સુવર્ણાદિ દ્રવ્ય ઘડાનું સ્વરૂપ કહેવાય, અને મૃત્તિકાદિ દ્રવ્ય પરરૂપ કહેવાય. અર્થાત્ જે દ્રવ્યથી ઘડો બનાવવામાં આવેલ હોય તે દ્રવ્ય ઘડાનું સ્વરૂપ કહેવાય. બીજાં સંપૂર્ણ દ્રવ્યો પરરૂપ કહેવાય. અતએવ તેજ દ્રવ્યથી ઘડામાં સત્ત્વ અને પરદ્રવ્યથી ઘડામાં અસત્ત્વ રહે છે. આમ હોવા છતાં પણ જો કદાચ પરદ્રવ્યની માફક

સ્વદ્રવ્યથી પણ અસત્ત્વ માનવામાં આવે તો કોઇપણ દ્રવ્યરૂપે ઘડો રહેજ નહિ. યાને આકાશ-પુષ્પની જેમ ઘડાનો બિલકુલ અભાવજ થવાનો. જો સ્વદ્રવ્યની માફક પરદ્રવ્યથી પણ ઘડાની અંદર સત્ત્વ માનવામાં આવે તો આ ઘડો માટીનો છે પત્થરનો નથી; તથા આ ઘટ છે પટ નથી. આવા પ્રકારના જગત્પ્રસિદ્ધ વ્યવહારનો લોપ થઇ જાય. ઇત્યાદિ દોષોથી મુક્ત થવાની ખાતર સ્વદ્રવ્યથી સત્ત્વ અને પરદ્રવ્યથી અસત્ત્વ માનવું યુક્ત છે.

જે ઘડો જે ક્ષેત્રમાં હોય અર્થાત્ જેટલા આકાશપ્રદેશને અવગાહીને રહેલો હોય તેટલા આકાશપ્રદેશવાળું ક્ષેત્ર તે તે ઘડાનું સ્વક્ષેત્ર કહેવાય, અને તેથી બીજાં ક્ષેત્રો પરરૂપ કહેવાય, માટે સ્વક્ષેત્રથી ઘડામાં સત્ત્વ માનવું, અને પરક્ષેત્રથી ઘડામાં અસત્ત્વ માનવું યુક્ત છે.

જો બીજા ક્ષેત્રની માફક સ્વક્ષેત્રથી પણ ઘડામાં અસત્ત્વ માનવામાં આવે તો ઘટની સત્તા કોઇ પણ સ્થાને ન હોવી જોઇએ, યાને સર્વથા ઘડાનોજ અભાવ હોવો જોઇએ. અને જો સ્વક્ષેત્રની જેમ પરક્ષેત્રથી ઘડામાં સત્ત્વ માનવામાં આવે તો ઘટમાં જગત્-વ્યાપકતા આવી જાય. તેમ થવાથી બીજી કોઇ પણ વસ્તુને કોઇ પણ ઠેકાણે રહેવાનો અવકાશજ મળે નહિ. આવી આપત્તિથી બચવા ખાતર જે ક્ષેત્રમાં છે તે ક્ષેત્રની અપેક્ષાએ ઘડામાં સત્ત્વ માનવું, અને તેથી પરક્ષેત્રની અપેક્ષાએ અસત્ત્વ માનવું.

હવે સ્વકાલથી વિચાર કરવામાં આવે છે.

જે કાલની અંદર ઘટપર્યાયની વિદ્યમાનતા હોય તે કાલ ઘટપર્યાયનો વર્ત્તમાન કાલ કહેવાય. વસંત ઋતુની અંદર વિદ્યમાન ઘટનો વર્ત્તમાનકાલ વસન્ત ઋતુજ કહેવાય અને એથી ઇતર

શિશિર, ગ્રીષ્મ આદિ ઋતુઓ પરકાલ કહેવાય. તેમજ વસંત ઋતુ તે ઘડાનું સ્વરૂપ કહેવાય અને ગ્રીષ્માદિ ઋતુની અપેક્ષાએ અર્થાત્ પરરૂપે ઘડામાં અસત્ત્વ માનવામાં આવે છે.

જો પરકાલની માફક સ્વકાલથી પણ ઘડામાં અસત્ત્વ માનવામાં આવે તો ઘટસત્તા કોઇ પણ કાલમાં રહેજ નહિ. અર્થાત્ સર્વ કાલમાં ઘડાનોજ અભાવ થઇ જવાનો. અને જો સ્વકાલની માફક પરકાલથી પણ ઘડામાં સત્ત્વ માનવામાં આવે તો ત્રણે કાલમાં ઘટ પર્યાયની સત્તાનું ભાન થવું જોઇએ. ઘડો નષ્ટ થયો, ઘડો ઉત્પન્ન થશે, આવા પ્રકારના જગત્-પ્રસિદ્ધ વ્યવહારનો પણ ઉચ્છેદ થવો જોઇએ. વળી ત્રણે કાલમાં ઘડાની સત્તા માનવામાં આવે તો ઘડામાંથી પર્યાયપણુંજ નષ્ટ થઇ જાય, કેમ કે પર્યાયાર્થિક નય તો પ્રતિક્ષણમાં વસ્તુનો વિનાશ માને છે. જો પ્રતિક્ષણમાં વસ્તુનો વિનાશ ન માનીએ તો તે પર્યાય કહેવાયજ નહિ;કિન્તુ દ્રવ્યજ કહેવાય. માટે સ્વકાલની અપેક્ષાએ ઘડામાં સત્ત્વ અને પરકાલની અપેક્ષાએ અસત્ત્વ પણ જરૂર જૂદું માનવું જોઇએ.

જે ઘડો જેવા રંગવાળો હોય, તે રંગ તે ઘડાનું સ્વરૂપ કહેવાય અને એથી બીજા રંગો પરરૂપ કહેવાય. તે સ્વરૂપે ઘડામાં સત્ત્વ અને પરરૂપે અસત્ત્વ માનવું. પરરૂપ જે બીજા રંગવાળી વસ્તુ તેની માફક સ્વવર્ણથી પણ ઘડામાં અસત્ત્વ માનવામાં આવે તો ઘડામાંથી પુદ્દગલ પણુંજ નષ્ટ થઇ જાય, કેમકે પુદ્દગલમાં તો કોઇને કોઇ પણ રંગ અવશ્ય હોય જ છે. રૂપવિનાનું પુદ્દગલ હોતુંજ નથી. આ કારણથી પરરૂપની માફક સ્વરૂપથી અસત્ત્વ ન માનવું કિન્તુ સત્ત્વજ માનવું, અને જો સ્વરૂપની માફક પરરૂપથી પણ ઘડામાં સત્ત્વજ માનવામાં આવે તો આ ઘડો રક્ત છે, આ પીત છે, આ શુક્લ છે, એવી રીતનો જે ભિન્ન ભિન્ન વ્યવહાર

થાય છે તેનો વિલોપ થઇ જાય. માટે ઘડામાં સ્વરૂપની માફક પરરૂપથી સત્ત્વ બિલકુલ ન માનવું કિન્તુ સ્વરૂપથી સત્ત્વ અને પરરૂપથી અસત્ત્વ એમ જૂદું માનવું.

સારાંશ કે માટીથી બનાવેલ ઘડાની અંદર માટી દ્રવ્યને લઇને સત્ત્વ માનવું અને બીજા દ્રવ્યથી અસત્ત્વ માનવું. પાટલિપુત્ર આદિ સ્વક્ષેત્રને લઇને ઘડામાં સત્ત્વ માનવું અને પ્રભાસપત્તન, કાશી, પ્રયાગ વિગેરે પરક્ષેત્રને લઇને અસત્ત્વ માનવું. કેમકે પટણામાં રહેલા ઘડાનું પટણા ક્ષેત્રજ સ્વરૂપ કહેવાય અને પ્રભાસપાટણ વિગેરે ક્ષેત્રો પરરૂપ કહેવાય. વસંતકાલમાં બનેલા ઘડાનું વસંતકાલ સ્વરૂપ કહેવાય અને ગ્રીષ્મકાલ પરરૂપ કહેવાય. માટે તે સ્વરૂપે સત્ત્વ અને એથી બીજા રૂપે અસત્ત્વ માનવું. જેવા રંગવાળી માટીથી ઘડો બનાવવામાં આવેલો હોય તેજ ઘડાનું સ્વરૂપ કહેવાય અને તેથી બીજા રંગો પરરૂપ કહેવાય. તે સ્વરૂપે ઘડામાં સત્ત્વ અને પરરૂપે અસત્ત્વ માનવું.

આવી રીતે દરેક પદાર્થોની અંદર સ્વદ્રવ્યાદિ ચતુષ્ટયથી સત્ત્વ માનવું અને પરદ્રવ્યાદિ ચતુષ્ટયથી અસત્ત્વ માનવું.

અહિં કોઇ કહે કે સ્વરૂપાદિ ચતુષ્ટય વડે જે પદાર્થની વ્યવસ્થા કરવામાં આવી છે તે કેવલ દોષગ્રસ્ત હોવાથી અનાદરણીય છે. તેણે વિચારવું જોઇએ કે શું સ્વરૂપાદિનું બીજું સ્વરૂપ માનીને પદાર્થ વ્યવસ્થા કરાય છે કે બીજું સ્વરૂપ માન્યા વિના પણ વ્યવસ્થા કરાય છે.

પ્રથમ પક્ષમાં અનવસ્થા દોષ આવે છે. તે આવી રીતે- પ્રથમ સ્વરૂપની ઉપર બીજું સ્વરૂપ માનીને પદાર્થની વ્યવસ્થા કરવામાં બીજા સ્વરૂપની ઉપર પણ ત્રીજું સ્વરૂપ માનવું પડશે તે

સિવાય બીજું સ્વરૂપ પણ સ્વરૂપતાને ધારણ નહિ કરી શકે તો સ્વરૂપમાં સ્વરૂપપણું ક્યાંથી આવશે અને તેમ થયા વિના પદાર્થની વ્યવસ્થા પણ કેવી રીતે બની શકે. માટે સ્વરૂપની અંદર સ્વરૂપતાને પ્રાપ્ત કરાવવાવાળું બીજું સ્વરૂપ માનવું અને તેની અંદર પણ સ્વરૂપતાને બતાવવા ત્રીજું સ્વરૂપ માનવું પડશે. તેમજ ત્રીજામાં પણ પૂર્વોક્ત શંકાને લીધે સ્વરૂપ બતાવવા માટે ચોથું સ્વરૂપ માનવું પડશે. આવી રીતે પ્રથમ પક્ષમાં અનવસ્થા દોષ ઉપસ્થિત થાય છે. અને બીજો પક્ષ યાને જેવી રીતે સ્વરૂપનું સ્વરૂપ નહિ માનીને પણ પદાર્થની વ્યવસ્થા માનવામાં આવી, તેવીજ રીતે વસ્તુ સ્વરૂપ માન્યા સિવાય પણ પદાર્થની વ્યવસ્થા માનવામાં જ્યારે કોઇ પ્રકારની અડચણ નથી, ત્યારે શા માટે પદાર્થનું સ્વરૂપ માનવું જોઇએ ? આવો દોષ ઉપસ્થિત થાય છે, તેનો ઉત્તર નીચે પ્રમાણે સમજવો:—

વસ્તુની જે અબાધિત પ્રતીતિ થાય છે તેજ સ્વરૂપ વ્યવસ્થામાં કારણ છે, કેમકે પ્રમેયની સિદ્ધિ પ્રમાણને આધીન હોય છે અને પ્રકૃતમાં તો અબાધિત પ્રતીતિજ પ્રમાણરૂપ છે. તેને અધીનજ પદાર્થની વ્યવસ્થા રહેલી છે. સ્વરૂપનું સ્વરૂપ માન્યા સિવાય પદાર્થની વ્યવસ્થા માનવાનો પક્ષ બિલકુલ અનભિજ્ઞતાસૂચક હોવાથી અનાદરણીય છે. જ્યાં સુધી કોઇ પણ પુરૂષને વસ્તુસ્વરૂપની પૂરી ઓળખાણ ન હોય ત્યાં સુધી પ્રવૃત્તિ થવીજ ઘણી કઠણ છે. જેમ કે ઘટાર્થી પુરૂષને જલાહરણ ક્રિયા કરવાવાળા ઘડાનું જ્ઞાન ન હોવાથી ઘડો લાવવાની ક્રિયા તેનાથી થઇ શકે નહિ, અતએવ દરેક પદાર્થનું સ્વરૂપ દરેક પ્રવૃત્તિમાં કારણભૂત છે, તે વિના પ્રવૃત્તિ થઇ શકતીજ નથી.

ઉપર્યુક્ત દોષોથી બચવા માટે વસ્તુનું સ્વરૂપ તો અ-

વશ્ય માનવું જોઇએ. આ યુક્તિથી બીજો પક્ષ અનાદરણીય છે એ ચોક્કસ થયું.

પ્રથમ પક્ષની અંદર જે દોષોનું આરોપણ કરવામાં આવ્યું, તેનું નિરાકરણ કરી હવે તે પક્ષને પણ નિર્દોષ બનાવવા પ્રયાસ કરીએ.

પ્રથમ પક્ષની અંદર જે અનવસ્થા દોષ આપવામાં આવ્યો તે બીજ–અંકુરની માફક દોષાવહ નથી. કેમકે સ્વરૂપનું પણ સ્વરૂપ જૈન પ્રવચનમાં નિપુણ લોકો સારી રીતે માને છે. પરંતુ જે ઠેકાણે સ્વરૂપનું પણ સ્વરૂપ માનતાં રૂપાન્તરપણું યાને વિરૂપતા આવી જાય, તે ઠેકાણે અડચણ આવવાનીજ. જ્યાં સ્વરૂપની સ્પષ્ટતા થતી હોય ત્યાં સ્વરૂપનું પણ સ્વરૂપ માનવામાં કંઇ પણ અડચણ નથી. જીવાત્માનું ઉપયોગ સામાન્ય સ્વરૂપ માનવામાં આવે છે, કેમ કે એજ એનું લક્ષણ છે. જે અનુપયોગપણું છે તે જીવાત્માનું પરરૂપ સમજવું. આ બેને લઇનેજ જીવની અંદર સત્ત્વ તથા અસત્ત્વનું ભાન થાય છે.

હવે જીવાત્માનું સામાન્ય ઉપયોગ સ્વરૂપનું પણ સ્વરૂપ બતાવવામાં આવે છે.

જે જ્ઞાનદર્શનાન્યતર છે તેજ ઉપયોગ સામાન્યનું સ્વરૂપ છે અને એથી બીજું પરરૂપ છે. તેમાં પણ વસ્તુને વિશેષપણે ઓળખવી તે જ્ઞાનોપયોગ,અને વસ્તુને સામાન્યપણે ઓળખવી તે દર્શનોપયોગ કહેવાય છે. આથી ઉલટું પરરૂપ જાણવું.

વિશેષપણે વસ્તુનું ભાન કરાવનાર જ્ઞાનના બે ભેદ છે. એક અસ્પષ્ટ સ્વરૂપ અને બીજુ સ્પષ્ટ સ્વરૂપ. પરોક્ષપણું એ અસ્પષ્ટનું સ્વરૂપ છે અને પ્રત્યક્ષ પણું તે સ્પષ્ટનું સ્વરૂપ છે. પરોક્ષના

બે ભેદ છે. એક મતિજ્ઞાન અને બીજું શ્રુતજ્ઞાન, તેમાં પણ ઈંદ્રિય તથા અનિંદ્રિયને લઇને યોગ્ય દેશમાં રહેલી વસ્તુને વિશેષ રૂપથી જે ભાન કરાવવું, તે મતિજ્ઞાનનું સ્વરૂપ કહેવાય અને એથી ઉલટું મતિજ્ઞાનનું પરરૂપ કહેવાય.

અનિન્દ્રિય નિમિત્તથી જે સ્વપરપ્રકાશક હોય તે શ્રુતજ્ઞાનનું સ્વરૂપ કહેવાય.

પ્રત્યક્ષસ્વરૂપના બે ભેદ છે-૧ વિકલાદેશપણું અને ૨ સકલાદેશપણું. વિકલાદેશના બે ભેદ છે ૧ અવધિજ્ઞાન. ૨ મનઃ-પર્યવજ્ઞાન.

ઈંદ્રિય-અનિન્દ્રિયના નિમિત્ત વિના કેવળ અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમને લઇને જે સાક્ષાત્ રૂપી પદાર્થનું ભાન કરાવ-વાપણું તે અવધિજ્ઞાનનું સ્વરૂપ કહેવાય.

ચિંતનીય વસ્તુના ચિન્તન માટે લીધેલ મનોવર્ગણા-દ્રવ્યને મનોરૂપે પરિણમાવે, તે મન કહેવાય અને મનઃપર્યાયજ્ઞાનાવર-ણીય કર્મના ક્ષયોપશમને લઇને સાક્ષાત્કાર કરવું તે મનઃપર્યાય-જ્ઞાનનું સ્વરૂપ કહેવાય.

'સર્વ પ્રકારે લોકાલોકનો સાક્ષાત્કાર' તે સકલાદેશ રૂપે કેવળજ્ઞાનનું સ્વરૂપ કહેવાય.

દર્શન-ઉપયોગના ચાર પ્રકાર છે. ૧ ચક્ષુદર્શન, ૨ અચક્ષુ-દર્શન ૩ અવધિદર્શન, ૪ કેવલદર્શન.

ચક્ષુદ્વારા વસ્તુનું સામાન્ય રીતે ભાન કરવું તે ચક્ષુદર્શન.

ચક્ષુ વિના બીજી ઇંદ્રિયો તથા મનથી પદાર્થનું સામાન્યરૂપે ભાન કરવું તે અચક્ષુદર્શન કહેવાય.

અવધિદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમને લઇને રૂપી પદાર્થનું સામાન્ય રીતે ભાન કરવું તે અવધિદર્શનનું સ્વરૂપ કહેવાય.

સામાન્ય રીતે જે સકલ દ્રવ્યપર્યાયનું સાક્ષાત્કાર કરાવવાપણું તે કેવલદર્શનનું સ્વરૂપ કહેવાય.

ઉપર્યુકત સ્થળે જેનું સ્વરૂપ બતાવવામાં આવેલ છે, તેથી વિપરીતપણું તે તેનું પરરૂપ કહેવાય.

એ પ્રમાણે ઉત્તરોત્તર સ્વરૂપ તથા પરરૂપની વિચારણા બુદ્ધિમાનોએ સ્વયમેવ કરી લેવી. સ્વપરરૂપનું અનન્તપણું હોવાથી અત્રે સંક્ષેપથી બતાવવામાં આવ્યું છે. આવી રીતે પ્રતિપાદન કરવાથી પ્રથમ પક્ષમાં બતાવેલ અનવસ્થા દોષ અનેકાન્ત મતમાં જરાપણુ ટકી શકતો નથી.

હવે અહિં કોઇ કહે છે કે '**प्रमेयमस्ति** વા **नास्ति**' એવો જે વ્યવહાર થાય છે તે વ્યવહારનું મૂલ કારણ તો સ્વરૂપ તથા પરરૂપ જ છે અને પ્રમેયની અંદર જ્યારે સ્વરૂપ તથા પરરૂપની ખબર નથી ત્યારે તેવો વ્યવહાર કેવી રીતે કરી શકાય.

સમાધાન—પ્રમેયત્વ યાને પ્રમેયપણું તે પ્રમેયનું સ્વરૂપ છે, અને ઘટત્વ યાને ઘટપણું તે પ્રમેયનું પરરૂપ સમજવું. કેમકે '**इदं प्रमेयं**' એવો જે વ્યવહાર થાય છે તે કેવલ પ્રમેયપણાને લઇનેજ થાય છે. નહિ કે ઘટપણાને લઇને. ઘટત્વ એ વ્યાપ્ય ધર્મ છે. જ્યાં ઘટપણું હોય ત્યાં પ્રમેયપણું તો હોય છે, પરંતુ પ્રમેયપણું હોય ત્યાં ઘટપણું હોયજ એવો નિયમ નથી. કેમકે પ્રમેયપણું તો પટની અંદર પણ છે, પરંતુ ઘટપણું તો ત્યાં બિલકુલ નથી. આથી સમજાય છે કે પ્રમેયત્વ એ પ્રમેયનું સ્વરૂપ છે.

અને ઘટત્વાદિક પરરૂપ છે. અથવા વંધ્યાપુત્રત્વાદિને પ્રમેયનાં પરરૂપ સમજવાં. એમ સ્વપરરૂપને લઇને અસ્તિત્વ—નાસ્તિત્વનો જે વ્યવહાર થાય છે, તે બતાવવામાં આવ્યો.

કેટલાકોનું એમ પણ કહેવું છે કે પ્રમેયનું સ્વરૂપ પ્રમેયત્વ છે અને અપ્રમેયત્વ પરરૂપ છે, આની અંદર એમ ન સમજવું કે અપ્રમેય તો પ્રમેયના અભાવ રૂપ હોવાથી અપ્રસિદ્ધ છે. એથી ફરી પરરૂપપણું એમાં કેવી રીતે આવી શકે. પ્રમેયનો અભાવ શશશૃઙ્ગમાં પ્રસિદ્ધ હોવાથી અપ્રમેયપણામાં પરરૂપપણું આવવું સંભવિત છે. કદાચ એમ કહેવામાં આવે કે—પ્રમેયના અભાવ રૂપ શશશૃઙ્ગ આદિને વ્યવહારમાં લાવવામાં પ્રમેયરૂપતા કેમ ન હોઇ શકે ? એ કહેવું પણ યુકિતવિરૂદ્ધ છે. કેમ કે શશશૃઙ્ગ ઇત્યાદિની અંદર પ્રમેયત્વનું સાધક કોઇ પણ પ્રમાણ છેજ નહિ. અને જ્યારે પ્રમાણ નથી ત્યારે પ્રમેયત્વ કેવી રીતે મનાય ? કેમકે પ્રમેયની સિદ્ધિ પ્રમાણને આધીન મનાય છે. વળી જ્યારે પ્રમાણથી સિદ્ધ થયેલ પ્રમિતિવિષયપણું પ્રમેયનું સ્વરૂપ છે ત્યારે તેવા પ્રકારના સ્વરૂપનો સંભવ શશશૃંઙ્ગ આદિની અંદર કેવી રીતે હોઇ શકે ? યુકિતપૂર્વક વિચાર કરતાં શંકાનો પણ અવકાશ નથી તો પ્રમેયત્વની વાતજ શી કરવી.

આથી એ સિદ્ધ થયું કે પ્રમેયત્વ એ પ્રમેયનું સ્વરૂપ છે, .અને અપ્રમેયત્વ એ પરરૂપ છે.

હવે જીવાદિ ષડ્દ્રવ્યોનું સ્વરૂપ તથા પરરૂપ સંબન્ધી વિચાર કરવામાં આવે છે.

જીવાદિ ષડ્દ્રવ્યની અંદર સદ્દ્રવ્યપણું સ્વરૂપ છે અને અસદ્દ્રવ્યપણું પરરૂપ છે. તેવા સ્વરૂપને લઇને **'जीवादि षड्द्रव्य-**

મસ્તિ ' એવો વ્યવહાર થાય છે અને પરરૂપને લઇને નાસ્તિત્વનો વ્યવહાર થાય છે. આ પ્રકારે તેની અંદર પણ અસ્તિત્વનો વ્યવહાર થઇ શકે છે.

હવે મહાસત્તાની અંદર અસ્તિત્વ—નાસ્તિત્વની વ્યવસ્થા કરવામાં આવે છે.

મહાસત્તારૂપ શુદ્ધ દ્રવ્યમાં પણ સ્વપર ચતુષ્ટયને લઇને વ્યવસ્થા કરવી ઘણી કઠણ છે. કેમકે મહાસત્તારૂપ શુદ્ધ દ્રવ્ય તો સકલ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવરૂપ છે. એનાથી ભિન્ન બીજું દ્રવ્ય છેજ નહિ. તો પણ મહાસત્તારૂપ શુદ્ધ દ્રવ્યમાં પણ સકલ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવની અપેક્ષાએ સત્ત્વ માનવામાં આવે છે. અને વિકલ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવની અપેક્ષાએ અસત્ત્વ માનવામાં આવે છે. તેવા પ્રકારે સત્ત્વાસત્ત્વને લઇને અસ્તિ—નાસ્તિની વ્યવસ્થા કરી લેવી.

અહિં કેટલાકો આ પ્રમાણે શંકા દર્શાવે છે—' કેવળ અસ્તિત્વજ વસ્તુનું સ્વરૂપ હોઇ શકે, નાસ્તિત્વ નહિ. કેમકે નાસ્તિત્વ તો પરનુંજ આલંબન કરે છે. માટે પરરૂપજ હોવું જોઇએ. કદાપિ પરના આશ્રય કરવાવાળા નાસ્તિત્વને વસ્તુનું સ્વરૂપ માનશો તો પટાદિની અંદર રહેલા રૂપાદિને પણ ઘટનાં સ્વરૂપ તરીકે માનવું પડશે.

તેઓનું સમાધાન આ પ્રમાણે કરવાનું. ' અસ્તિત્વ તથા નાસ્તિત્વને વસ્તુના સ્વરૂપ તરીકે આવી રીતે માનવામાં આવે છે કે ઘડાની અંદર સ્વરૂપની અપેક્ષાએ નાસ્તિત્વ જે પ્રત્યક્ષથી અનુભવગોચર થાય છે તે ઘડો ઘટપણાને લઇને ઘટરૂપે છે, પટરૂપે નથી. તેવા પ્રકારે અબાધિત પ્રતીતિ થાય છે. માટે શંકાને અવસર છેજ નહિ.

અનુમાન પ્રકાર—અસ્તિત્વ વસ્તુસ્વભાવથી જુદું નથી. જેમ સાધર્મ્ય કહેતાં સમાન ધર્મપણું વૈધર્મ્યની સાથે અવિનાભાવિ+—સંબંધવાળું છે. વિશેષપણું હોવાથી એ વસ્તુસ્વભાવથી અલગ થઇ શકે નહિ. તેમ અસ્તિત્વ પણ સમજવું.

અહિં કોઇ કહે કે ઘટ વાચ્ય છે; પ્રમેયપણું હોવાથી. આવે સ્થળે હેતુમાં સાધર્મ્યપણું તો છે પરંતુ વૈધર્મ્યપણું બિલકુલ નથી, માટે જે પ્રથમ નિયમ બાંધેલ છે કે સાધર્મ્ય તો વૈધર્મ્યની સાથેજ રહે તે નિયમ અનાદરણીય છે.

ઉત્તર—સાધ્યના અધિકરણમાં નિશ્ચયથી રહેવાપણું તે સાધર્મ્ય અને સાધ્યના અભાવના અધિકરણમાં નિશ્ચયથી નહિ રહેવાપણું તે વૈધર્મ્ય.

પ્રકૃતમાં સાધ્ય જે વાચ્યત્વ તેના અધિકરણ વાચ્ય ઘટપટાદિમાં પ્રમેયપણાનો નિશ્ચય છે. તથા સાધ્ય વાચ્યત્વના અભાવનું આધિકરણ જે ખપુષ્પાદિ તેમાં પ્રમેયત્વ નહિ રહેવાનો પણ નિશ્ચય છે. એથી કરીને અમોએ જે નિયમ બાંધેલ છે તેમાં લગારમાત્ર દૂષણ જેવું છેજ નહિ. એવીજ રીતે નાસ્તિપણું પણ સ્વભાવથી અસ્તિત્વની સાથે અવિનાભૂત છે; વૈધર્મ્યની માફક વિશેષપણું હોવાથી. આ પ્રકારે દરેકની અંદર અવિનાભાવનું અનુમાન સમજવું.

કદાચ એમ કહેવામાં આવે કે શશ–વિષાણાદિની અંદર અસ્તિત્વ વિના પણ જ્યારે નાસ્તિત્વ દેખવામાં આવે છે ત્યારે ઉપરોક્ત નિયમનું બંધારણ ક્યાં રહ્યું.

---

+અવિનાભાવિ એટલે નિયમથી એકની અંદર બન્નેને રહેવાપણું.

સમાધાન—જેમ ગોમસ્તકની સાથે તાદાત્મ્યને ધારણ કરવાવાળું જે વિષાણ પ્રસિદ્ધ છે, તેનોજ સસલાના મસ્તકની અંદર તાદાત્મ્ય સંબંધને લઇને અભાવ માનવામાં આવે છે. તથા જેવી રીતે ઘેટાની સાથે તાદાત્મ્યપણે રહેતાં જે રૂવાડાં તેનો કાચબાની અંદર તાદાત્મ્ય સંબંધને લઇને અભાવ મનાય છે. કેમકે કાચબાને રૂવાડાં તો હોય જ કયાંથી. જેમ વનસ્પતિની અંદર જે કુસુમનો તાદાત્મ્ય સંબંધ છે તે તાદાત્મ્ય સંબંધનો આકાશની સાથે પુષ્પમાં અભાવ માનવામાં આવે છે. તેવી રીતે અસ્તિત્વ—નાસ્તિત્વનો દરેક સ્થળે અવિનાભાવ સંબંધ સમજવો.

પ્રસંગવશ કહેવું જોઇએ કે દેવદત્તાદિ શબ્દોની દેવદત્તાદિના શરીર વાળા આત્માની અંદર શક્તિ માનવામાં આવે છે. કેમકે દેવદત્ત શબ્દ પોતેજ દેવદત્ત શરીરમાં રહેલા આત્મરૂપ અર્થના પ્રતિપાદન કરવામાં જ શક્તિમાન છે.

દેવદત્ત જાણે છે. દેવદત્ત સુખોનો અનુભવ કરે છે. એવા પ્રકારના પ્રયોગો થતા હોવાથી શકિત પણ તેનીજ અંદર માનવી વ્યાજબી ગણાય. જાણવાનો તથા અનુભવ કરવાનો ધર્મ તો આત્માનોજ હોય, નહિં કે શરીરનો. મંડુક શબ્દની પણ મંડુક શરીર સહિત આત્માની અંદર શકિત માનવી જોઇએ.

જ્યારે આવા પ્રકારની વાતો સિદ્ધાન્તસિદ્ધ છે ત્યારે કર્મવશે નાના પ્રકારની જાતિની અંદર પરિભ્રમણ કરતાં કરતાં મંડુક ભવમાં મંડુક શરીરને ધારણ કરી જ્યારે તે જીવ મંડુક ભવને છોડી મયૂરભવ પ્રાપ્ત કરવા ઉદ્યમશીલ થયો યાને મયૂરભવ પ્રાપ્ત—કર્યો, ત્યારે એમ કહેવાયું કે જે મંડુક હતો તેજ આ મયૂર છે. એવા પ્રકારે જે પ્રત્યભિજ્ઞાન છે તે એક જીવ સંબંધિપણાને વિષય

કરે છે. અર્થાત્ જ્યારે એકજ જીવ કર્મવશે નાના શરીરને ધારણ કરે છે ત્યારે મયૂર અવસ્થામાં શિખા પ્રસિદ્ધ હોવાથી તે અવસ્થામાં તેનો અસ્તિત્વ રૂપે અવબોધ કરવામાં આવે છે. અને મંડુક શરીર વાળા આત્માને મંડુક શરીર–કાલમાં શિખા ન હોવાથી નાસ્તિત્વ રૂપે અવબોધ કરવામાં આવે છે. એવી રીતે વંધ્યાપુત્ર, શશશૃઙ્ગ, કૂર્મરોમ આદિમાં પણ જાણી લેવું.

હવે આકાશપુષ્પમાં પણ વિશેષ રૂપે અસ્તિત્વ–નાસ્તિત્વ–ની ઉપપત્તિ કરવામાં આવે છે.

વનસ્પતિ નામ કર્મોદયથી ઉત્પન્ન થએલ વૃક્ષનું આ પુષ્પ છે એવો વ્યવહાર થાય છે. પુષ્પરૂપે પરિણમેલ દ્રવ્યને વૃક્ષની સાથે કથંચિત્ ભિન્નપણું હોવાથી પૂર્વોક્ત વ્યવહાર જેમ મનાય છે. તેમજ આકાશપુષ્પનો સંબંધ કેમ ન મનાય ? તથા જેવી રીતે પુષ્પ વૃક્ષની સાથે સંબંધ ધરાવે છે, તેવી રીતે આકાશની સાથે પણ સંબંધ ધરાવવાપણું સરખુંજ છે. આ યુકિતથી જેમ 'વૃક્ષનું ફુલ' એ પ્રકારે વ્યવહાર કરાય છે તેમજ 'આકાશનું આ પુષ્પ છે' આવો વ્યવહાર પણ યુકિતયુક્ત છે એમ કેમ ન કહી શકાય ?

કદાચ એમ કહેવામાં આવે કે ગુલાબના વૃક્ષે કરેલા ઉપકાર–ની અપેક્ષાથી ગુલાબના પુષ્પ તરીકેનો વ્યવહાર થઇ શકે. પરંતુ આકાશપુષ્પ તરીકેનો વ્યવહાર કેવી રીતે થઇ શકે ? આવા પ્રકારનું કથન યુકિતથી રહિત હોવાથી અનાદરણીય છે. કેમકે જો આકાશ વૃક્ષને રહેવાનો અવકાશ જ ન આપે તો વૃક્ષ કેવી રીતે ઉત્પન્ન થયું કહેવાય. અને વૃક્ષના અભાવે પુષ્પ પણ કયાંથી સંભવે. માટે અવકાશદાનરૂપ ઉપકાર પણું તો આકાશમાં છેજ. તે કારણથી જેમ વૃક્ષનું પુષ્પ છે એમ માનવામાં અડચણ નથી તેમ આકાશનું પુષ્પ છે એમ માનવામાં પણ અડચણ શાની ?

બીજી પણ વિશેષતા એ છે કે-વૃક્ષથી પડેલા પુષ્પને આકાશ અવકાશ આપે છે પરંતુ આકાશને છોડીને તો કોઇ પણ બીજે સ્થળે રહેવાનું સ્થાન તેને મળી શકે જ નહિ. આથી એમ સમજાય છે કે વૃક્ષની અપેક્ષાથી આકાશની સાથે તો પુષ્પનો સંબંધ નિરંતરનો છે. જો કદાપિ એમ કહેવામાં આવે કે 'માલતીની લતાથી ઉત્પન્ન થએલું હોવાથી માલતીનું આ પુષ્પ છે. એવો વ્યવહાર તો થઇ શકે; પરંતુ આકાશનું આ પુષ્પ છે એવો વ્યવહાર કેવી રીતે થઇ શકે, એમ પણ કહેવું યુકિત યુકત નથી. કેમકે દરેક કાર્યમાં અવકાશદાતૃપણું હોવાથી જ્યારે આકાશમાં કારણતા આવી ગઇ ત્યારે આકાશમાં ઉત્પન્ન થએલ છે એવો વ્યવહાર કેમ ન થઇ શકે? કદાચ એમ કહેવામાં આવે કે-' આકાશની અપેક્ષાએ કુસુમમાં ભિન્નતા છે માટે ' આકાશપુષ્પ ' એ પ્રકારનો વ્યવહાર ન થઇ શકે.' એ પણ કહેવું નકામું છે. આકાશથી પુષ્પને જે ભિન્ન માનવામાં આવે છે તે શું સર્વથા ભિન્ન છે? અથવા તો કથંચિત્ ભિન્ન છે? પ્રથમ પક્ષ માનતાં અસંભવ દોષ આવે છે, કેમકે દ્રવ્યને લઇને તેની અંદર પણ અભિન્નતા રહેલ છે. જ્યારે કોઇ પણ ધર્મથી અભિન્નતા સિદ્ધ થતી હોય ત્યારે સર્વ પ્રકારે ભિન્નતા રહેલી છે એમ કેમ માની શકાય. માટે પ્રથમ પક્ષ તો નકામો હોવાથી અનાદરણીયજ છે.

બીજા પક્ષમાં આ માલતીનું પુષ્પ છે. આ મોગરાનું પુષ્પ છે. આ ગુલાબનું છે એવો કોઇ પણ વ્યવહાર થઇ શકશે નહિ. કેમકે કથંચિત્ ભેદ તો માલતી આદિ દરેક સાથે પુષ્પમાં પણ રહેલ છે. જો કથંચિત્ ભિન્નતા ન માનવામાં આવે તો બન્નેમાં એકતા આવી જાય અને માલતી વિગેરેનું આ પુષ્પ છે એવા વ્યવહારનોજ લોપ થઇ જાય.

આથી એમ સિદ્ધ થયું કે જેમ માલતી પુષ્પ વિગેરેનો પ્રયોગ કરવામાં આવે છે તેમ આકાશ પુષ્પના પ્રયોગની પણ પ્રસક્તિ છે. જો આની રીતે માનવામાં ન આવે તો આકાશપુષ્પ શબ્દની સાથે વૈયાકરણના મતમાં અર્થવાળા નામની સાથેજ વિભક્તિ જોડવામાં આવે છે. આ કારણથી તેનો કાલ્પનિક અર્થ માન્યા સિવાય નિર્વાહ થઇ શકતો નથી. આની અંદર વિશેષતા આટલીજ સમજવી જે આકાશપુષ્પની લોકમાં જે અપ્રસિદ્ધિ કહેવાય છે તે તાદાત્મ્ય સંબંધ નહિ ઘટવાથી સમજવી. કેમકે કોઇ પણ કાલમાં આકાશની સાથે પુષ્પનો તાદાત્મ્ય છેજ નહિ. અર્થાત્ આકાશ પોતે પુષ્પનું ઉપાદાન કારણ કોઇ રીતે બની શકે તેમ નથી. ભલે આકાશમાં સાધારણ કારણતા આવે. પરંતુ ઉપાદાન કારણતા તો પુષ્પની વૃક્ષમાંજ હોઇ શકે. આ કારણથીજ લોકમાં આકાશપુષ્પનો અભાવ માનવામાં આવે છે. ભાવાર્થ કે માલતી વિગેરે ઔષધિઓની સાથે પુષ્પનો કથંચિત્ તાદાત્મ્ય સંબંધ છે. માટે કરી માલતીનું પુષ્પ, ચંપાનું પુષ્પ, ગુલાબનું પુષ્પ વિગેરે વ્યવહાર થાય છે અને આકાશની સાથે પુષ્પનો નૈમિત્તિક સંબંધ હોવા છતાં પણ ઉપાદાન કારણ કહેતાં કથંચિત્ તાદાત્મ્ય લક્ષણ સંબંધ ન હોવાથી આકાશપુષ્પ તરીકેનો વ્યવહાર થઇ શકતો નથી. માટે લોકમાં અપ્રસિદ્ધ છે એમ સમજવું. જ્યાં એવા વ્યવહારો થાય છે ત્યાં ઉપાદાન-ઉપાદેયભાવ સબંધને લઇનેજ થાય છે. જેમ માટીનો ઘડો, સૂત્રનું કપડું, લાકડાનું પાત્ર, ગુલાબનું પુષ્પ વિગેરે દરેકમાં ઉપાદાનઉપોદય સંબંધને લઇનેજ એવા પ્રકારનો વ્યવહાર માનવામાં આવ્યો છે. નહિં કે નૈમિત્તિક સંબંધને લઇને. આકાશની સાથે પુષ્પનો ઉપાદાનઉપોદયભાવ સંબંધ જ્યારે છેજ નહિ ત્યારે એવો વ્યવહાર કેવી રીતે થઇ શકે. આવીજ રીતે વંધ્યાપુત્ર, શશશૃંગ, કૂર્મરોમ, મંડુકશિખા વિગેરે

દરેકમાં પણ ઉત્પત્તિ જાણી લેવી. અને એ સાથે અસ્તિત્વ—નાસ્તિત્વની ઉત્પત્તિ પણ પૂર્વોક્ત યુક્તિથી સમજવી.

અહિં કોઇ આશંકા કરે કે '**स्यादस्त्येव जीवः**' આ સ્થળમાં અસ્તિ શબ્દવાચ્ય જે અર્થ તથા જીવ શબ્દવાચ્ય જે અર્થ— તે બન્ને એક બીજાથી ભિન્નસ્વભાવવાળા છે કે અભિન્ન સ્વભાવવાળા છે. એ બે પક્ષને છોડીને કોઇ ત્રીજા પક્ષની તો ગતિજ નથી.

જો કદાપિ અસ્તિ શબ્દે કહેલા અર્થને જીવ શબ્દે પ્રતિપાદન કરેલા અર્થની સાથે અભિન્નતા છે એમ માનશો તો બન્નેમાં એકતા આવવાથી વિશેષ્યપણું તથા વિશેષણપણું એક બીજામાં આવી શકશેજ નહિ. જેમ ઘડાની સાથે કુંભનો વિશેષ્યવિશેષણ ભાવ સંબંધ નથી તેમજ અસ્તિત્વની સાથે જીવનો પણ વિશેષ્ય વિશેષણભાવ કેવી રીતે ઘટી શકે? તેવી રીતે માનવાથી જેમ ઘટ શબ્દના પ્રયોગકાલમાં કુંભ શબ્દનો પ્રયોગ કરવામાં આવતો નથી તેમ અસ્તિ શબ્દના પ્રયોગકાલમાં જીવ શબ્દનો પ્રયોગ પણ ન થવો જોઇએ.

વળી અસ્તિ શબ્દાર્થ ત્રણ જગત્રૂપ હોવાથી અને જીવ શબ્દાર્થને પણ તેનાથી અભિન્ન સ્વભાવવાળો માનવાથી સર્વ દ્રવ્યને પર્યાયરૂપ થઇ જવાનો પ્રસંગ પણ આવી જશે.

આવી રીતે દૂષણગણની પ્રસક્તિ આવવાથી પ્રથમ પક્ષ તો અત્યંત અનાદરણીય છે.

અસ્તિ શબ્દવાચ્યાર્થની અપેક્ષાએ જીવ શબ્દ વાચ્યાર્થ ભિન્નસ્વભાવવાળો છે. આ પ્રકારનો બીજો પક્ષ માનવામાં જીવની

અંદર અસત્પણું આવી જાય છે કેમકે અસ્તિ શબ્દ વાચ્યાર્થમાં ભિન્નપણું છે. એજ વાતનું નીચે સ્પષ્ટીકરણ કરવામાં આવે છે.

જીવ શબ્દવાચ્ય અર્થ તો છેજ નહિ, કેમકે અસ્તિ શબ્દ વાચ્ય જે અર્થ તેથી ભિન્ન છે તેથી. શશવિષાણ જેવી રીતે ભિન્ન છે તેવી રીતે. અર્થાત્ જેમ અસ્તિત્વની જીવની સાથે ભિન્નતા છે તેમ સકલ પદાર્થની સાથે ભિન્નતા હોવાથી અસ્તિ શબ્દવાચ્યાર્થ હોવોજ ન જોઇએ.

એમ પણ ન કહેવું કે જીવાદિથી અસ્તિત્વ ભિન્ન છે. તો પણ સમવાય નામના સંબંધને લઇને જીવની અંદર રહે છે. કેમકે સમવાય સંબંધ નામનો પદાર્થ પૃથક્પણે સિદ્ધ થવોજ કઠિન છે. આ પ્રકારની યુક્તિથી આવો નિર્ણય થયો કે અસ્તિ શબ્દવાચ્યાર્થને જીવાદિ શબ્દ વાચ્યાર્થની સાથે ભિન્ન માનવામાં પણ ઘણા દોષોનો અવકાશ છે. અભિન્નતા માટે તો પ્રથમ દોષોનું પ્રતિપાદન કરી ગયા છીએ. આવી રીતે 'વ્યાઘ્રતટી' ન્યાય લાગુ પડવાથી વ્યગ્ર ન બને તેટલા માટેજ ઉત્તરપક્ષ સમાધિપૂર્વક સમર્થવામાં આવે છે. હવે અસ્તિ શબ્દવાચ્યાર્થની સાથે ભિન્ન માનવામાં તથા તથા અભિન્ન માનવામાં સ્યાદ્વાદવાદિઓને અલ્પમાત્ર પણ શંકા જેવું નથી. કેમકે દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ અસ્તિ શબ્દ વાચ્યાર્થને જીવ શબ્દ વાચ્યાર્થની સાથે અભિન્ન માનવામાં આવે છે અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ ભિન્ન માનવામાં આવે છે. આવી રીતે આપેક્ષિક ભિન્નાભિન્ન માનવામાં સ્યાદ્વાદવાદિઓને જરાપણ ભય જેવું છેજ નહિ. ભય તો માત્ર એકાન્તવાદિઓને ત્યાંજ નિર્વિઘ્ન થઇ રહે. આનું સ્પષ્ટીકરણ આગળ ઉપર કરવામાં આવશે. આવી રીતે દરેક પદાર્થની અંદર અસ્તિનાસ્તિરૂપ બન્ને ભાગોની ઉપપત્તિ સ્વકીય બુદ્ધિબળથી કરી લેવી.

# ચતુર્થ પ્રકાશ.

હવે ત્રીજા ભાંગાનું નિરૂપણ કરવામાં આવે છે. આની અંદર ક્રમાર્પિત અસ્તિત્વનું લક્ષણ દ્વારા સ્વરૂપનિરૂપણપૂર્વક બીજા ભાંગાઓનું પણ તેવીજ રીતે સંક્ષેપથી નિરૂપણ કરવામાં આવશે.

**स्यादस्त्येव स्यान्नास्त्येवेति क्रमेण संदेशकल्पना विभजनेन तृतीयो भङ्गः ।**

ભાવાર્થઃ—અનન્ત ધર્મવાળી ઘટાદિ વસ્તુઓ જેમાં વિશેષ્ય છે. અને ક્રમાર્પિત યાને વિધિનિષેધ રૂપ ધર્મો જેમાં વિશેષણ છે. એવા જ્ઞાનનું ઉત્પાદક વાક્ય તે ત્રીજા ભાંગાનું લક્ષણ સમજવું. સારાંશ કે દરેક વસ્તુ સ્વપર દ્રવ્યાદિ ચતુષ્ટયથી ક્રમાર્પિત સત્વાસત્ત્વ-રૂપ ઉભય સ્વરૂપ છે.

હવે ચતુર્થ ભાંગાનું લક્ષણ બતાવવામાં આવે છે. **स्यादवक्तव्यमेवेति समसमये विधिनिषेधयोरनिर्वचनीयकल्पना विभजनतया चतुर्थो भङ्गः ।**

એક કાલમાં પ્રધાનતયા સત્ત્વ તથા અસત્ત્વરૂપ બન્ને ધર્મોને પ્રતિપાદન કરવામાં બીજા કોઇ પણ શબ્દનું સામર્થ્ય ન હોવાથી અવક્તવ્ય શબ્દ વડે પ્રતિપાદન કરવાવાળું જે વાક્ય તે ચોથા ભાંગાનું લક્ષણ સમજવું.

પરમાર્થ એ કે—પ્રત્યેક શબ્દોનું પ્રધાન પણે એક કાલમાં સત્ત્વ તથા અસત્ત્વરૂપ અર્થનું પ્રતિપાદન કરવાનું સામર્થ્ય છેજ નહિ. કેમકે એવી શબ્દમાં શકિતજ નથી.

અસ્તિ શબ્દ પોતે સ્વદ્રવ્યાદિચતુષ્ટયથી સત્ત્વને પ્રતિપાદન કરે છે, અસત્તાને નહિ. તેમજ નાસ્તિ શબ્દ પોતે પરરૂપથી અસત્તાને પ્રતિપાદન કરે છે. સત્તાને પ્રતિપાદન કરવામાં એનું સામર્થ્યજ નથી. અસ્તિ શબ્દને સત્ત્વાસત્ત્વરૂપ ઉભયને પ્રતિપાદન કરનારો માનવામાં નાસ્તિ શબ્દનો પ્રયોગજ નકામો થઇ પડે. બન્નેનું પ્રતિપાદન કરવાનું એકજ અસ્તિ શબ્દમાં સામર્થ્ય મળતું હોય તો બીજા શબ્દો માનવાની જરૂર શી. ?

પરંતુ તેવું સામર્થ્ય તો તેમાં છે નહિ છતાં તેનામાં સામર્થ્ય માનવાથી તો તમામ વ્યવહારનો ઉચ્છેદ થઇ જવાનો. અતએવ એવા દોષોથી બચવા માટે પ્રધાન પણે સત્ત્વાસત્ત્વરૂપ ઉભયને પ્રતિપાદન કરવાવાળું એક અસ્તિપદ ન માનતાં પ્રધાનપણે સત્ત્વને પ્રતિપાદન કરવાવાળું અસ્તિપદ અને પ્રધાન પણે અસત્ત્વને પ્રતિપાદન કરવાવાળું નાસ્તિપદ જુદું જુદું માનવું જોઇએ. અને જ્યારે સત્ત્વાસત્વરૂપ ઉભયને એક કાળમાં પ્રધાનપણે પ્રતિપાદન કરવાની ઇચ્છા થાય ત્યારે તેનો વાચક બીજો કોઇ પણ ન હોવાથી અવક્તવ્ય શબ્દથી વ્યવહાર કરવો.

અહિં કોઇ એવી શંકા કરે કે–' દરેક પદો જ્યારે આવી રીતે એકજ અર્થનું પ્રતિપાદન કરશે ત્યારે તો નાના અર્થને પ્રતિપાદન કરવાવાળા ગવાદિ પદાર્થોનો ઉચ્છેદ થઇ જશે. ' એવી શંકા કરનારે સમજવું જોઇએ કે ' ગવાદિ પદો પણ નાના અર્થને પ્રતિપાદન કરે છે તે પણ વાસ્તવિક રીતે તો જુદા જુદાજ

માનવામાં આવેલ છે. એકપણાનો ભાસ તો સરખી આનુપૂર્વીને લઇનેજ થાય છે. આ વાતનો વિચાર નયત્રિવિજ્ઞ લોકોજ કરી શકે તેમ છે.

કદાપિ એમ માનવું ન રૂચે તો તમામ પદાર્થોને પ્રતિપાદન કરવાવાળું એકજ પદ કેમ માનવામાં આવતું નથી. કિંચ સમભિરૂઢ નયના મતથી અર્થની ભિન્નતાની સાથે શબ્દની ભિન્નતા પણ અવશ્ય માનવી જોઇએ; એમ ન માનવાથી તો વાચ્ય-વાચક વ્યવહારનો પણ ઉચ્છેદ થઇ જવાનો.

અહિં કોઇ કહે કે-' જેમ સંકેતના અનુસારે શબ્દની પ્રવૃત્તિ દેખવામાં આવે છે તેમજ એક કાલમાં સત્ત્વાસત્ત્વરૂપ ઉભય ધર્મનો પ્રધાન રૂપે વાચક કોઇ એક અસ્તિ અથવા નાસ્તિ શબ્દ સંકેત રૂપે રહો. શતૃશાનચ્ પ્રત્યયનો બોધક સંજ્ઞાવાચક સન્ શબ્દની જેમ, અથવા તો સૂર્ય ચંદ્ર બંનેનો બોધક પુષ્પદન્ત શબ્દની જેમ, તેવા ઉભય ધર્મનો મુખ્યતયા, વાચક રૂપ કોઇ એક સંકેત માનવામાં શો બાધ છે?

તેમ માનવું પણ ઠીક નહિ. કારણ કે સંકેત પણ વાચ્ય-વાચકરૂપ શકિતને અનુસરીનેજ પ્રવૃત્તિ કરે છે. તે શકિતને ઉલંઘીને સ્વલ્પ માત્ર પણ આગળ પ્રવૃત્તિ થઇ શકતી નથી. જેમ લોહ રૂપ કર્ત્તાની કાષ્ઠ ભેદવામાંજ શકિત છે પરંતુ વજ્ર ભેદવામાં નથી. તથા લોહની વજ્ર ભેદવામાં જેમ અશકિત છે. તેમ કાષ્ઠ ભેદવામાં નથી. તેવીજ રીતે શબ્દની પણ પ્રધાનપણે એક વાર એકજ અર્થને પ્રતિપાદન કરવાની શકિત હોય છે. અનેક અર્થને પ્રતિપાદન કરવાની નહિ. એકવાર એકજ શબ્દની પ્રતિપાદન કરેલી શકિત પ્રત્યેક અર્થમાં જુદી હોય છે. પરંતુ એકજ શબ્દથી અનેક અર્થની પ્રતિપાદન શકિત સમભિરૂઢ

નયના મતથી સ્વીકારવામાં આવેલી નથી. પુષ્પદંતાદિ શબ્દો પણ ક્રમથીજ બન્ને અર્થને પ્રતિપાદન કરવાનું સામર્થ્ય ધરાવે છે. સાથેજ નહિ.

વળી એવી પણ શંકા ન કરવી કે—નગર, વન, માળા, સેના વિગેરે શબ્દો જેમ વિવિધ અર્થનું પ્રતિપાદન કરવામાં સામર્થ્યવાળા છે. તેમ અસ્તિત્વ વિગેરે શબ્દો પણ સત્ત્વાસત્ત્વાદિ વિવિધ અર્થને પ્રતિપાદન કરવાનું સામર્થ્ય ધારણ કરો તો શી અડચણ છે.

તેવી શંકા પણ યુકત નથી. જેમ નગર શબ્દ ગૃહોના સમૂહ રૂપ એકજ અર્થને પ્રતિપાદન કરે છે. સેના શબ્દ હસ્તિ, અશ્વ, રથાદિના સમૂહરૂપ અર્થનું પ્રતિપાદન કરે છે. વન શબ્દ વૃક્ષોના સમૂહરૂપ એક અર્થનું પ્રતિપાદન કરે છે તથા માલા શબ્દ પુલે ના સમૂહ રૂપ એક અર્થનું પ્રતિપાદન કરે છે. તેમ અસ્તિ, નાસ્તિ, શબ્દો પણ સત્ત્વ તથા અસત્ત્વ રૂપ એકજ અર્થનું પ્રતિપાદન કરવામાંજ શકિતવાળા છે.

બીજુ એ કે—વૃક્ષૌ, વૃક્ષાઃ આ પ્રકારના દ્વિવચન અને બહુ વચનથી બે અથવા ઘણા વૃક્ષોનું પ્રતિપાદનશલીએ ભાન થાય છે. વ્યાકરણસૂત્રને અનુસારે એ બે સંખ્યાસૂચક વૃક્ષ શબ્દમાંથી અથવા બહુત્વસૂચક વૃક્ષ શબ્દમાંથી એક વૃક્ષને રાખીને બીજાઓનો લોપ કરવાથી બે અથવા ઘણા વૃક્ષોનું ભાન થાય છે એમ સમજવું. કેમકે જે વૃક્ષ શબ્દ બાકી રહે છે તે પણ લોપ થઇ ગએલા વૃક્ષ શબ્દોના અર્થને કહે છે. આવા પ્રકારની શક્તિ વૈયાકરણોને વિદિતજ છે. આથી જણાયું કે દરેક ઠેકાણે એક શબ્દ એકજ અર્થનું પ્રતિપાદન કરે છે. પ્રકૃતમાં સત્ત્વાદિ શબ્દો પણ સત્ત્વાદિ એકજ અર્થને મુખ્યવૃત્તિથી પ્રતિપાદન કરવામાં સામર્થ્ય રાખે છે.

તાત્પર્ય કે મુખ્યવૃત્તિથી અસ્તિ વિગેરે શબ્દો સત્ત્વ વિગેરે એકજ અર્થને પ્રતિપાદન કરે છે અને ગૌણવૃત્તિથી અસત્ત્વ વિગેરે અર્થનું પણ પ્રતિપાદન કરે છે. એવીજ રીતે વૃક્ષાદિ શબ્દો પણ મુખ્ય વૃત્તિથી વૃક્ષરૂપ અર્થને પ્રતિપાદન કરે છે. અને ગૌણવૃત્તિથી દ્વિત્ત્વ બહુત્વ સંખ્યાનું પણ પ્રતિપાદન કરી શકે છે. આવી રીતે દરેક ઠેકાણે ગૌણ મુખ્ય વૃત્તિથી વ્યવહારસિદ્ધિ જાણી લેવી. આવી સ્થિતિ હોવા છતાં પણ કદાપિ એક શબ્દ એકજ અર્થને પ્રતિપાદન કરે છે. બીજા અર્થને ગૌણતાથી પણ પ્રતિપાદન કરતો નથી એમ માનવામાં આવે તો અનેક દોષોની ઉપસ્થિતિ થવાની. તેજ વાતને દઢ રીતે સિદ્ધ કરીશું.

દરેક પદો અથવા વાક્યો જ્યારે એકજ અર્થને પ્રતિપાદન કરે છે અને બીજાને તો બિલકુલ પ્રતિપાદન કરતાજ નથી. ત્યારે તો આવા પ્રકારની માન્યતાવાળાઓને 'અનેક ધર્મવાળી વસ્તુને પ્રકાશ કરવાવાળું જે વાક્ય તે પ્રમાણ વાક્ય' આ વાતની ઉપપત્તિ કરવી ઘણીજ કઠિન થઈ પડવાની. કેમકે એવી માન્યતા સ્વીકારનારાઓના મતમાં તો દરેક પદ અથવા વાક્ય એક અર્થને છોડીને બીજા અર્થનું પ્રતિપાદન કરી શકેજ નહિ.

આવા પ્રકારની ઉપર્યુક્ત શંકા પણ જૈનમતને નહિ જાણવાવાળાઓના મન્તવ્યમાંજ ઉપસ્થિત થવાની. જૈનમતના અભિજ્ઞને તો આવી શંકાનું સ્થાનજ ન હોય. કેમકે પૂર્વે જણાવવામાં આવેલ છે કે કાલાદિ આઠની અભિન્નતાને લઇને અથવા તો અભેદના ઉપચારને લઇને દ્રવ્યાર્થિક નયનો આશ્રય કરવાથી પ્રમાણવાક્ય તથા પર્યાયાર્થિક નયનો આશ્રય કરવાથી નયવાક્ય કહેવામાં આવે છે. આવા પ્રકારનાં પ્રમાણવાક્ય તથા નયવાક્યને લઇને એક અથવા અનેક અર્થનું જ્યારે પ્રતિપાદન થઇ શકે છે, ત્યારે સ્યાદ્વાદવાદિ-

ઓના મતમાં કોઇપણ પ્રકારનો વિરોધ અથવા તો સંશય રહેજ ક્યાંથી. એવા વિરોધાદિ દોષો તો મિથ્યા એકાન્તવાદિઓના ઘરમાંજ રહો.

અહિં કોઇ પ્રશ્ન કરે કે—' **सत्त्वासत्त्वे** ' આવા પ્રકારના દ્વન્દ્વ સમાસની અંદર તો બન્નેનું-સત્ત્વ અને અસત્ત્વ ઉભયનું પ્રધાન પણું રહેવાનું. કેમકે દ્વન્દ્વ સમાસની અંદર ઉભયની પ્રધાનતા હોય છે. તો સત્ત્વાસત્ત્વ વસ્તુની અંદર પણ ઉભયની પ્રધાનતા સિવાય અવાચ્યપણું કેમ હોઇ શકે ?

ઉત્તર—જ્યાં દ્વન્દ્વ સમાસ ક્રમથી બે અર્થને બોધ કરે છે ત્યાં પણ ગૌણ પ્રધાન ભાવથીજ અર્થ બોધ સમજવો. આ વાતની પુષ્ટિ કરવાને માટેજ ' **अभ्यर्हितं पूर्वं** ' આ સૂત્રની રચના કરાઇ છે.

અથવા દ્વન્દ્વની અંદર પણ ઉભયની પ્રાધાન્યતા રહો, પરંતુ પ્રધાન પણે સત્ત્વાસત્ત્વ રૂપ ઉભય ધર્મવાળા ધર્મીને પ્રતિપાદન કરવા વાળો શબ્દ કોઈ બીજો ન હોવાને લીધે અવકતવ્ય શબ્દનો પ્રયોગ કરવો પડે છે.

હવે અવકતવ્ય શબ્દ ઉપર વિચાર કરીશું.

' અવકતવ્ય શબ્દના વાચ્યાર્થની જિજ્ઞાસામાં જો એમ કહેવામાં આવે કે સત્ત્વાસત્વરૂપ ઉભય ધર્મ વાળી વસ્તુનો વાચક અવકતવ્ય શબ્દ છે એ પણ યુકિતયુકત ન કહેવાય. કેમકે અવકતવ્ય શબ્દ કોઇનો વાચક નથી એમ કહી પાછળથી ઉભયનું વાચકપણું બતાવવું એ તો વિરૂદ્ધ વાતજ છે. વળી એથી અનેક ધર્મવાળીવસ્તુનું બોધકપણું પ્રધાનપણે એક પદમાં નથી હોતું. એ નિયમનો પણ ભંગ થવાનો.

તો માનવું પડશે કે જેમ અવકતવ્ય પદ તેવા પ્રકારના ઉભય ધર્મવાળીવસ્તુના બોધકમાં સંકેતિત છે તેવીજ રીતે બીજું પણ કોઇ એક પદ તેવા પ્રકારના અર્થનું વાચક રહો.

જો આના ઉત્તરમાં કોઇ એમ કહેવા માગે કે તેવા પ્રકારના સકેતવાળું કોઇ પણ બીજું પદ ઉભય ધર્મવાળી વસ્તુના બોધન-માં સામર્થ્ય ધરાવતું નથી તો અમારે પણ જોર દઇ કહેવું પડશે કે અવકતવ્ય પદ પણ કેવી રીતે તેવા પ્રકારના ધર્મવાળી વસ્તુના બોધનમાં સામર્થ્યને ધારણ કરી શકે. વિચારવા જેવું છે કે જેમ સંકેતવાળા બીજા પદો સત્ત્વાસત્ત્વાદિ ઉભય ધર્મવાળી વસ્તુનો બોધ થઇ શકતો નથી તેવી રીતે અવકતવ્ય પદથી પણ તેવા પ્રકારની વસ્તુનો બોધ પણ કેવી રીતે થઇ શકે ? વળી જેમ સકેતિત બીજા પદોથી સત્ત્વ તથા અસત્ત્વનો બોધ ક્રમથી થાય છે, તેમ અવકતવ્ય પદથી પણ ક્રમથીજ બોધ થવો જોઇએ. કેમકે એમાંથી કોઇમાં પણ વિશેષતા તો છેજ નહિં. તથા અવકતવ્ય પદથી પણ વકતવ્યપણાના અભાવનોજ બોધ થવો જોઇએ પરંતુ સત્ત્વાદિ ધર્મવાળી વસ્તુનો બોધ તો થાયજ કયાંથી ? ઉપરોકત તમામ શંકાઓનો ઉત્તર નીચે આપવામાં આવે છે.

'**अवक्तव्यो घटः** આ પ્રયોગથી સર્વથા ઘટ અવકતવ્ય છે એવો અર્થ જ્યારે નીકળે છે ત્યારે **स्यादस्ति घटः** આ પ્રથમ વાકયથી ઘટમાં સત્ત્વનું પ્રતિપાદન કેવી રીતે થઇ શકે ? કેમકે ઘટ તો સર્વથા અવાચ્યજ છે. એથી કરી એ સિદ્ધ થયું કે કોઇ પણ ધર્મની મુખ્યતાને લઇને ઘટ પોતે સત્ત્વાદિ ધર્મવાળો છેજ નહિ.

'**अवक्तव्यो घटः**' એ વાકયનો પરમાર્થ આવી રીતે સમજવો. સત્ત્વાસત્ત્વાદિ ધર્મોથી જે ઘટ વકતવ્ય છે. તેજ ઘટ એક

કાલમાં સત્ત્વાસત્ત્વાદિ ઉભય ધર્મની પ્રધાનતાથી અવક્તવ્ય છે. આવી રીતે દરેક પદાર્થની વ્યવસ્થા જાણી લેવી. એ સાથે એ પણ સમજવું કે—જે સમયમાં પ્રધાનતાથી સત્ત્વનું પ્રતિપાદન જે ઘટમાં કરાય છે, તેજ સમયમાં ગૌણતાથી અસત્ત્વનું પણ પ્રતિપાદન થઇ શકે છે. તથા જે સમય ઘટમાં પ્રધાનતાથી અસત્ત્વનું પ્રતિપાદન કરવામાં આવે છે તેજ સમયમાં ગૌણતાથી સત્ત્વનું પણ તેજ ઘટમાં પ્રતિપાદન થઇ શકે છે.

જે સમયમાં પ્રધાનપણે ક્રમિક સત્ત્વાસત્ત્વરૂપ ઉભયનું જે ઘટમાં પ્રતિપાદન કરવામાં આવે છે તેજ સમયમાં સહાર્પિતરૂપે ગૌણતાથી અવક્તવ્યનું પણ પ્રતિપાદન કરવામાં આવે છે. તેજ સમયમાં ગૌણપણે ઘટ વક્તવ્ય છે એમ પણ સાથે પ્રતિપાદિત થઇ જાય છે. આ વાત ખૂબ લક્ષ્યમાં લેવા જેવી છે.

આ સર્વ ભંગોનાં વિશેષ ઉદાહરણો આગળ આપવામાં આવશે અને એ સાથે લક્ષણસ્વરૂપ પણ દર્શાવવામાં આવશે. ઇતિ.

## चतुर्थ प्रकाश समाप्त

# પંચમ પ્રકાશ.

**स्यादस्त्येव स्यादवक्तव्यमेवेति विधिप्राधान्येन युगपद्विधिनिषेधा निर्वचनीयत्व्यापनाकल्पनाविभजनया पंचमो भङ्गः ।**

ભાવાર્થ—અનન્ત ધર્મવાળી ઘટાદિ વસ્તુઓના એક અંશમાં સ્વદ્રવ્યાદિ ચતુષ્ટયની વિવક્ષાથી સત્વનું, અને બીજા અંશમાં યુગપત્ સત્ત્વાસત્ત્વાદિ ઉભય ધર્મની પ્રાધાન્યતાની વિવક્ષાથી અવકતવ્યપણાનું પ્રતિપાદન કરવાવાળું જે વાકય તેજ પાંચમા ભાંગાનું લક્ષણ સમજવું.

અર્થાત્ જે અનન્ત ધર્મવાળી વસ્તુના એક સદંશનું આલંબન કરી સ્વપર્યાયના સદ્ભાવનાને લઇને જ્યાં સત્ત્વનું પ્રતિપાદન કરવાની ઇચ્છા થાય, અને તેજ વસ્તુના સદંશ અસદંશનું આલંબન કરી સ્વપર પર્યાયના સદ્ભાવ અને અસદ્ભાવને લઇને એક કાલમાં પ્રધાનપણે બીજા અંશમાં સત્ત્વાસત્ત્વરૂપ ઉભય ધર્મને પ્રતિપાદન કરવાની જ્યાં વિવક્ષા થાય ત્યાં વક્તવ્ય શબ્દથી વ્યવહાર કરવો. દૃષ્ટાંત તરીકે જેમ અનન્ત ધર્મવાળા જીવાત્મા મનુષ્ય વ્યકિતના એક સદંશ સુખાદિનું આલંબન કરવાથી સ્વપર્યાય સુખાદિના સદ્ભાવને લઇને સત્ત્વની વિવક્ષા કરવામાં આવે છે. તથા તેજ જીવાત્મા મનુષ્યના સદંશ ચૈતન્ય મનુષ્યત્વાદિ ધર્મોનું આલંબન કરવાથી સ્વપર્યાય ચૈતન્ય, મનુષ્યત્વાદિની

સદ્ભાવતા તથા અસદંશ જડત્વાદિનું આલંબન કરવાથી પરપર્યાય જડત્વાદિની અસદ્ભાવતાને લઇને એક કાલમાં પ્રધાન પણે સત્ત્વાસત્ત્વરૂપ ઉભય ધર્મનું સહાર્પિતપણે પ્રતિપાદન કરવાની ઇચ્છા થાય ત્યારે ' **जीवात्मा मनुष्यः सन् अवक्तव्यश्च** ' એવા શબ્દથી વ્યવહાર કરવા લાયક થાય છે.

હવે છઠ્ઠા ભાંગાનું લક્ષણદ્વારા સ્વરૂપ કહેવામાં આવે છે.

**स्यान्नास्त्येव स्यादवक्तव्यमेवेति निषेधप्राधान्येन युगपद्विधिनिषेधाऽनिर्वचनीयकल्पनाविभजनया षष्ठो भङ्गः ।**

અનન્ત ધર્મવાળી વસ્તુના એક સદંશને આલંબન કરવાથી પરદ્રવ્યાદિ ચતુષ્ટયવડે જ્યાં અસત્ત્વનું પ્રતિપાદન કરવાની વિવક્ષા થાય અને બીજા સદંશ તથા અસંદશનું આલંબન કરી સ્વપર પર્યાયની સદ્ભાવતા તથા અસદ્ભાવતાને લઇને એક કાલમાં પ્રધાનપણે સત્ત્વાસત્ત્વરૂપ ઉભય ધર્મને સહાર્પિતપણે પ્રતિપાદન કરવાની વિવક્ષા થાય ત્યાં ' **असन् अवक्तव्य एव** ' એવા શબ્દથી વ્યવહાર કરવો.

ઉદાહરણ તરીકે જેમ જીવાત્મા મનુષ્યના એક સદંશ ચૈતન્ય અપેક્ષાથી પરપર્યાય જડત્વાદિને પરદ્રવ્યાદિ ચતુષ્ટયની અપેક્ષાએ અસદ્ભાવને લઇને અસત્ત્વરૂપે પ્રતિપાદન કરવામાં આવે છે. અને તેજ જીવાત્મા મનુષ્યની અંદર બીજા મનુષ્યત્વાદિ ધર્મોના આલંબનથી સ્વદ્રવ્યાદિ ચતુષ્ટયની અપેક્ષાએ સદ્ભાવતા તથા પરદ્રવ્ય મૃત્તિકા આદિ ચતુષ્ટયની અપેક્ષાએ અસદ્ભાવતાને એક કાલમાં પ્રધાનપણે સત્ત્વાસત્ત્વ રૂપ ઉભય ધર્મને સહાર્પિતપણે

પ્રતિપાદન કરવાની વિવક્ષા થાય. ત્યાં ' **जीवात्मा मनुष्योऽसन अवक्तव्य एव** ' એવા શબ્દથી વ્યવહાર કરવો.

હવે સાતમા ભાંગાનું સ્વરૂપ બતાવવામાં આવે છે.

**स्यादस्त्येव स्यान्नास्त्येव स्यादवक्तव्यमेवेति सदंशासदंशप्राधान्यकल्पनया युगपद्विधिनिषेधानिर्वचनीयख्यापनाकल्पनाविभजनया च सप्तमो भङ्गः ।**

ભાવાર્થ—અનન્તધર્મવાળા જીવાત્મા મનુષ્યના સદંશ ચૈતન્યાદિરૂપ સ્વપર્યાયની સદ્ભાવતા તથા અસદંશ જડત્વાદિ રૂપ પરપર્યાયની અસદ્ભાવતાને લઇને ક્રમથી સત્વાસત્વરૂપ ઉભય ધર્મને પ્રતિપાદન કરવાની વિવક્ષા થાય તથા તેજ જીવાત્મા મનુષ્યની અંદર સદંશ તથા અસદંશને લઇને એક કાલમાં પ્રધાનરૂપે સત્વાસત્વ રૂપ ઉભય ધર્મને સહાર્પિતપણે પ્રતિપાદન કરવાની વિવક્ષા જ્યાં થાય ત્યાં ' **जीवात्मा सन् असंश्च अवक्तव्य एव च** ' એવા શબ્દથી વ્યવહાર કરવો.

હવે દરેક ભાંગાઓ ઉદાહરણદ્વારા વિશેષરૂપથી સમજાવવામાં આવે છે. જેમાં પ્રથમ મનુષ્ય વ્યક્તિને લઇને સંપૂર્ણ સપ્તભંગી ઘટાવવામાં આવશે.

' **स्यादस्त्येव जिनदत्तः** ' ' **स्यान्नास्त्येव जिनदत्तः** ' આ વાક્યોમાં પ્રતિભાસમાન જે જિનદત્ત વ્યક્તિ, તેનું જિનદત્તપણું એ સ્વરૂપ છે. અને જિનપાલાદિપણું તેનું પરરૂપ છે. અથવા નામાદિ ચાર જિનદત્તમાં જેની વિવેક્ષા કરીએ તે જિનદતપણું તેનું સ્વરૂપ સમજવું. અને એથી બીજાપણું પરરૂપ સમજવું.

અથવા જગતની અંદર રહેલા સર્વ જિનદત્તની અંદરથી જે જીનદત તમારા લક્ષ્યમાં હોય તે જિનદત્તનો જેવો આકાર હોય તે તેનું સ્વરૂપ જાણવું અને એથી બીજો આકાર પરરૂપ સમજવો. અથવા બાલ્યાવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા,વાળા જિનદત્તમાંથી જે અવસ્થાવાળા જિનદત્તની વિવક્ષા રાખીએ તે અવસ્થાવાળાપણું તે જિનદત્તનું સ્વરૂપ કહેવાય અને એથી બીજી અવસ્થાપણું તે પર રૂપ કહેવાય.

અથવા તો ઋજુસુત્ર નયની અપેક્ષાએ વર્ત્તમાનકાલીનપણું જીનદત્તનું સ્વરૂપ કહેવાય અને અતીત અનાગતપણું તે તેનું પરરૂપ કહેવાય. અથવા સમ્યગ્જ્ઞાનાદિ અનન્ત ધર્મવાળા જીનદત્તને ચૈતન્યપણાની વિવક્ષાથી ચૈતન્યપણું, તે તેનું સ્વરૂપ કહેવાય અને તેથી ઇતર ધર્મો તે પરરૂપ કહેવાય.

આવી રીતે સ્વરૂપ તથા પરરૂપ બતાવવાના અનેક પ્રકારો છે. તેજ સ્વરૂપથી જિનદત્તમાં સત્ત્વ માનવામાં આવે છે અને પરરૂપથી તેમાં અસત્ત્વ માનવામાં આવે છે.

હવે સ્વપરદ્રવ્યાદિચતુષ્ટયને લઇને સત્ત્વાસત્ત્વ સમજાવવામાં આવે છે.

જિનદત્તનું સ્વદ્રવ્ય જે ચૈતન્યરૂપ દ્રવ્ય, તેજ ચૈતન્યરૂપથી જિનદત્તમાં સત્ત્વ છે અને પરદ્રવ્ય પુદ્‌ગલાદિની અપેક્ષાએ જિનદત્તમાં અસત્ત્વ છે. અર્થાત્ ચૈતન્યરૂપથી જિનદત્તમાં સત્ત્વ છે અને પુદ્‌ગલાદિરૂપથી અસત્ત્વ છે. સારાંશ કે ચૈતન્યરૂપે જિનદત્તની સત્તા છે અને જડત્વરૂપે જિનદત્તમાં અસત્ત્વ માનવામાં આવે છે. જેમ ચૈતન્યરૂપથી જિનદત્તમાં સત્ત્વ માનવામાં આવે છે તેવીજ રીતે રૂપાન્તરથી પણ સત્ત્વ માનવામાં આવે તો જડ—ચેતનના ભેદનોજ

ઉચ્છેદ થઇ જાય, અને જેવી રીતે પરરૂપથી અસત્ત્વ માનવામાં આવે તો સર્વથા શૂન્યરૂપ થઇ જવાથી વસ્તુનોજ અભાવ થઇ જવાનો. આ કારણથીજ ચૈતન્યરૂપે સત્વ માનવું અને જડપણારૂપ પરરૂપથી અસત્વ માનવું.

જિનદત્ત વ્યવહારનયથી જે શરીરને અવગાહીને રહેલો હોય તે શરીરરૂપ ક્ષેત્ર તેનું સ્વક્ષેત્ર કહેવાય અને એથી બીજું તે પર-ક્ષેત્ર સમજવું. આવી રીતે સ્વશરીરરૂપ સ્વક્ષેત્રની અપેક્ષાએ જિનદત્તમાં સત્વ માનવામાં આવે છે અને એથી પરક્ષેત્રની અપેક્ષાએ અસત્વ માનવામાં આવે છે. અર્થાત્ જિનદત્ત પોતે પોતાના શરીર-રૂપ ક્ષેત્રની અપેક્ષાએ વિદ્યમાન હોવાથી તેમાં સત્તા નથી.

નિશ્ચય નયની અપેક્ષાએ જિનદત્ત પોતે પોતાના આત્મ પ્રદે-શમાંજ આશ્રિત છે–પ્રતિષ્ઠિત છે. ત્યારે સ્વાત્મપ્રદેશરૂપ જે ક્ષેત્ર તે તેનું સ્વક્ષેત્ર કહેવાય. માટે તે રૂપે તેમાં સત્વ માનવામાં આવે છે અને એથી પરરૂપે અસત્વ માનવામાં આવે છે. તેવીજ રીતે દરેકમાં સમજવું. જો સ્વક્ષેત્રની માફક પરક્ષેત્રથી પણ જિનદત્તમાં સત્વ માનવામાં આવે તો જગત્માંના બીજા તમામ જીવોનો અભાવજ થઇ જાય. કેમકે તમામની અંદર એકલો જિનદત્ત સત્તા રૂપે રહેલો હોવાથી તથા પરક્ષેત્રની માફક સ્વક્ષેત્રથી પણ જો અસત્વ માનવામાં આવે તો સર્વથા જીવનોજ અભાવ થઇ જાય. માટે સ્વક્ષેત્રથી સત્વ અને પરક્ષેત્રની અપેક્ષાએ અસત્વ જરૂર માનવું જોઇએ.

જિનદત્તે જેટલું આયુષ્ય બાંધ્યું હોય તે આયુષ્યકાલ જિન-દત્તનો સ્વકાલ સમજવો, અને એથી ઇતર અતીત, અનાગત પરકાલ સમજવો.

આયુષ્ય કાલરૂપ સ્વકાલથી જીનદત્તમાં સત્વ માનવામાં આવે છે અને એથી ઇતર કાલ અપેક્ષાએ અસત્વ મનાય છે. જો સ્વ આયુષ્યકાલરૂપ સ્વકાલની માફક પરકાલથી પણ સત્વ માનવામાં આવે તો બીજી ગતિનોજ અભાવ થઇ જાય. અને બીજી ગતિઓના અભાવે સંસારચક્રનો પણ લોપ થઇ જાય. તથા પરકાલની માફક સ્વકાલથી પણ અસત્વ માનવામાં આવે તો કોઇ પણ કાલમાં જીનદત્તની સત્તાજ ન હોવી જોઇએ. એવો અનુભવ કોઇને પણ થઇ શકે તેમ નથી. માટે સ્વકાલથી સત્વ અને પરકાલથી અસત્વ પણ જરૂર જુદું માનવું જોઇએ.

જીનદત્તનો સ્વભાવ જે જ્ઞાનાદિ તે રૂપથી સત્ત્વ માનવામાં આવે છે. અને રકત-પીતાદિ પરભાવની અપેક્ષાએ અસત્ત્વ માનવામાં આવે છે. સ્વભાવની માફક પરભાવ રકતપીતાદિથી પણ સત્ત્વ માનવામાં આવે તો અનુભૂયમાન ઘટપટાદિ જડ વસ્તુનો પણ અભાવ થઇ જાય, તથા પરરૂપની માફક સ્વરૂપથી પણ જો અસત્ત્વ માનવામાં આવે તો શૂન્યવાદિના મતનો પ્રવેશ થાય. માટે સ્વભાવે સત્ત્વ અને પરભાવે અસત્ત્વને જુદુંજ માનવું વ્યાજબી છે.

ઉપસંહાર તરીકે-કહેવું જોઇએ-કે જીનદત્તમાં સ્વદ્રવ્યાદિ ચતુષ્ટયની અપેક્ષાએ સત્ત્વ રહેલ છે અને પરદ્રવ્યાદિ ચતુષ્ટયની અપેક્ષાએ અસત્વ રહેલ છે. જે સમયે સત્ત્વની તેમાં પ્રધાનતા છે તેજ સમયે અસત્વને તેમાં ગૌણરૂપે માનવામાં આવે છે. જ્યારે અસત્વને પ્રધાન તરીકે માનવું હોય ત્યારે સત્ત્વને ગૌણ રીતે માનવું. આવી વ્યવસ્થા ન રાખવાથી અનેકાન્તવાદનોજ ઉચ્છેદ થઇ જાય. તેથી તેવી વ્યવસ્થાજ સર્વથા ઇષ્ટ છે.

આવી રીતે દરેક જીવાત્માની અંદર અસ્તિત્વ-નાસ્તિત્વની ઉપપત્તિ જાણી લેવી.

હવે જીનદત્તને લઇને ત્રીજો ભાંગો સમજાવવામાં આવે છે.

**जिनदत्तः स्यादस्त्येव, स्यान्नास्त्येव.**

જીનદત્ત પોતે ક્રમાર્પિત સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ, અને સ્વભાવની અપેક્ષાએ સત્ત્વ તથા પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાલ, અને પરભાવની અપેક્ષાએ અસત્ત્વરૂપ ઉભય ધર્મવાળો છે. પ્રત્યેક સત્ત્વાસત્ત્વની અપેક્ષાએ સત્વાસત્વરૂપ ઉભય ધર્મને જુદા માનવા જરૂરના છે. આ વાતનું પૂર્વે સારી રીતે સમર્થન કરેલ હોવાથી અહિં વધુ લખવું તે પિષ્ટપેષણુજ ગણાય.

જ્યારે ક્રમિક સત્વાસત્વરૂપ ઉભય ધર્મને પ્રધાનભાવે જીનદત્તની અંદર માનવાં હોય ત્યારે પ્રત્યેક સત્વ તથા અસત્વને ગૌણુરૂપ પણ વસ્તુની અંદર માનવા. એવી રીતની વ્યવસ્થા દરેકમાં સમજવી.

હવે ચતુર્થ ભાંગો જીનદત્તમાં ઘટાવવામાં આવે છે.

**' जिनदत्तः स्यादवक्तव्यमेव '**

એક કાલમાં એક સાથે પ્રધાનરીતે જીનદત્તની અંદર સ્વપરદ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવને લઇને સત્વ તથા અસત્વરૂપ બન્નેનું સમર્થન કરવાનું સામર્થ્ય બીજા કોઇપણ શબ્દમાં ન હોવાને લીધે ચોથો ભાંગો માનવામાં આવે છે.

પ્રત્યેક અસ્તિ, નાસ્તિ શબ્દો જુદી જુદી રીતે પૃથક્પણે સત્વ તથા અસત્વને પ્રતિપાદન કરે છે. પરંતુ એક કાલમાં એક સાથે પ્રધાનપણે ઉભય ધર્મનું પ્રતિપાદન કરી શકતા નથી તથા ક્રમિક અસ્તિ નાસ્તિ શબ્દો પણ ક્રમિક સત્વાસત્વરૂપ ઉભયનું

પ્રતિપાદન કરે છે. પરંતુ એક કાલમાં સહાર્પિતપણે ઉભયનું પ્રતિપાદન કરી શકતા નથી. માટે એક કાલમાં એકજ સાથે પ્રધાનપણે પ્રતિપાદન કરવામાં બીજા કોઇ પણ શબ્દનું સામર્થ્ય ન હોવાને લીધે અવકતવ્ય શબ્દથી અવકતવ્યપણે એક સાથે એક કાલમાં પ્રધાનપણે ઉભયનું પ્રતિપાદન કરવામાં આવે છે. આજ કારણથી ચોથો ભાંગો જુદો અવશ્ય માનવાની જરૂર છે.

આ વિષયમાં પહેલાં શંકાસમાધાન ઘણું કરવામાં આવેલ હોવાથી અત્ર સંક્ષેપથીજ કહેવામાં આવેલ છે.

હવે જીનદતની અંદર પાંચમો ભાંગો ઘટાવીશું.

**' जिनदत्तः स्यादवक्तव्य एव '**

ભાવાર્થ—અનન્ત ધર્મવાળા જિનદતની અંદરથી સુખાદિ એક અંશનું આલંબન કરવાથી સ્વદ્રવ્યાદિ ચતુષ્ટયને લઇને સત્વ ધર્મ રહેલ છે. અને તેનીજ અંદર જ્ઞાનાદિ ધર્મનું આલંબન કરવાથી એક સાથે એકજ કાલમાં પ્રધાનપણે સ્વપર દ્રવ્યાદિ ચતુષ્ટયને લઇને સત્વાસત્વરૂપ ઉભયનું પ્રતિપાદન અસ્તિ વિગેરે પ્રત્યેક શબ્દ વડે નહિ થવાથી અવકતવ્ય શબ્દથી પ્રતિપાદન કરવામાં આવે છે.

પરમાર્થ એજ કે–સ્વદ્રવ્યાદિ ચતુષ્ટયને લઇને જીનદતના એક અંશમાં સત્વ રહેલ છે અને એક કાલમાં એક સાથે પ્રધાનપણે સ્વદ્રવ્યાદિ ચતુષ્ટયથી સત્વાસત્વનું અસ્તિનાસ્તિ શબ્દવડે પ્રતિ-પાદન નહિ થઇ શકવાથી અવકતવ્ય શબ્દથી પ્રતિપાદન કરવામાં આવેલ અને અવકતવ્યપણે રહેવું સહાર્પિત સત્વાસત્વ પણ જીનદત્તના અપર અંશમાં રહેલ છે.

હવે છઠ્ઠો ભાંગો ઘટાવવામાં આવે છે,

**जिनदत्त स्यान्नास्त्येव स्यादवक्तव्य एव.**

ભાવાર્થ—અનન્ત ધર્મવાળા જીનદતની અંદર કોઇ એક અંશે વિદ્યમાન સુખાદિ ધર્મોને પણ પરદ્રવ્યાદિ ચતુષ્ટયની અપેક્ષાથી અસત્વરૂપે માનવામાં આવે છે. અને બીજા અંશમાં જ્ઞાનાદિ ધર્મોનું આલંબન કરવાથી એક સાથે એક કાલમાં પ્રધાન પણે સ્વપર દ્રવ્યાદિ ચતુષ્ટયથી સત્વાસત્વ ઉભયનું અસ્તિનાસ્તિ શબ્દવડે પ્રતિપાદન નહિ થઇ શકવાથી અવકતવ્ય શબ્દથી પ્રતિપાદન કરેલ અને સહાર્પિતપણે રહેલ સત્વાસત્વ પણ જીનદતના પૂર્વોકત અંશમાં માનવામાં આવે છે.

સાતમો ભાંગો ઘટાવવામાં આવે છે,

**जिनदत्तः स्यादस्त्येव स्यान्नास्त्येव स्यादवक्तव्य एव च.**

ભાવાર્થ—અનેક ધર્મવાળા જીનદતની અંદર સુખાદિ અંશને આલંબન કરવાથી સ્વપરદ્રવ્યાદિ ચતુષ્ટયવડે બતાવેલ અને ક્રમિક અસ્તિનાસ્તિ ધર્મથી પ્રતિપાદન કરેલું ક્રમિક સત્વાસત્વ જિનદત્તના એક અંશમાં મનાય છે. તથા તેનાજ અપર અંશમાં સ્વપરધર્મોનું આલંબન કરવાથી એક સાથે એક કાલમાં પ્રધાનપણે સ્વપરદ્રવ્યાદિચતુષ્ટય કરી બતાવેલ સત્વાસત્વનું અસ્તિ નાસ્તિ શબ્દવડે પ્રતિપાદન નહિ થઇ શકવાથી અવકતવ્ય શબ્દવડે પ્રતિપાદન કરેલ સહાર્પિત સત્વાસત્વ પણ જીનદતના પૂર્વોકત અંશમાં માનવામાં આવેલ છે.

આ પ્રકારે દરેક જીવની અંદર સપ્તભંગી ઉતારવી અને યુકિતપૂર્વક સાપેક્ષપણે દરેકમાં ઘટાવવી.

વ્યાવહારિક પદાર્થોની અંદર સપ્તભંગીનું ઉદાહરણ દ્વારા સ્પષ્ટીકરણ:—

પ્રથમ વસ્ત્રની અંદર સપ્તભંગી ઘટાવીશું. વસ્ત્રની અંદર વસ્ત્રપણું કપડાનું સ્વરૂપ કહેવાય અને સાથે ઘટપણું પરરૂપ કહેવાય, અથવા શરીરને ઢાંકવાપણું એ સ્વરૂપ કહેવાય અને જલધારકપણું એ પરરૂપ કહેવાય, અથવા જે વસ્ત્રનો જેવો આકાર હોય તે આકાર કપડાનું સ્વરૂપ કહેવાય, અને એથી બીજો આકાર પરરૂપ કહેવાય. ચક્ષુથી દેખાવાપણું કપડાનું સ્વરૂપ કહેવાય અને જીહ્વા–પ્રત્યક્ષપણું પરરૂપ કહેવાય. કેમકે જીભથી તો રસનુંજ પ્રત્યક્ષ થવાનું પરંતુ કપડાનું પ્રત્યક્ષ થઇ શકવાનું નહિ માટેજ એ પરરૂપ કહેવાય. આવીજ રીતે સ્વરૂપથી કપડાની સત્તા માનવી અને પરરૂપથી અસત્તા માનવી.

ઉપરોકત એજ વાત વિશેષરૂપે સ્વપર દ્રવ્યાદિ ચતુષ્ટયવડે બતાવવામાં આવે છે.

વસ્ત્રનું સ્વદ્રવ્ય કહેતાં જે દ્રવ્યથી કપડું બનાવવામાં આવેલું હોય તે દ્રવ્ય કપાસ સૂત્ર, રેશમ, ઉન, શણ, વૃક્ષની છાલ અથવા ઘાસ ઇત્યાદિ ગમે તે હોય પરંતુ જેના તંતુઓથી જે વસ્ત્ર બનાવવામાં આવેલું હોય તે વસ્ત્રના તે તંતુઓ સ્વદ્રવ્ય કહેવાય, અને એથી બીજા તંતુઓ વિગેરે પરદ્રવ્ય કહેવાય. માટે સ્વદ્રવ્યથી કપડામાં સત્તા માનવી અને બીજા તંતુ, માટી, ચર્મ, કાષ્ઠ વિગેરે પરદ્રવ્યોથી તેજ કપડામાં અસત્તા માનવી.

જો કદાપિ સ્વદ્રવ્યની માફક પરદ્રવ્યથી પણ તેની સત્તા માનવામાં આવે તો આખું જગત્ કેવળ વસ્ત્ર રૂપજ થઇ જાય અને બીજા તમામ પદાર્થોનો અભાવજ થઇ જાય.

આ પ્રકારનો કોઇને પણ અનુભવ હોતોજ નથી કે જગતમાં એકલું કપડુંજ છે બીજી ચીજો છેજ નહિ. માટે સ્વદ્રવ્યની માફક પરદ્રવ્યથી સત્તા ન માનતાં સ્વદ્રવ્યથી સત્વ અને પરદ્રવ્યથી અસત્વ એ રીતે જુદું માનવું.

જો પરદ્રવ્યની માફક સ્વદ્રવ્યથી પણ વસ્ત્રમાં અસત્વ માનવામાં આવે તો વસ્ત્રનો જગત્માંથી બિલકુલ અભાવજ થઇ જાય. આ કારણથી પરદ્રવ્યની જેમ સ્વદ્રવ્યથી વસ્ત્રમાં અસત્તા ન માનવી. કિંતુ ઘેટાં, બકરાં, ઉંટ, અગ્નિનાં ઉંદર, વિગેરેના વાળ તથા સૂત્ર વિગેરે જે દ્રવ્યથી કપડું બનાવેલ હોય તે દ્રવ્યથી તેમાં સત્તા માનવી, અને તેથી અન્ય બીજા દ્રવ્યોથી અસત્તા માનવી.

એવી રીતે '**वस्त्रं स्यादस्त्येव**' એ પ્રકારના પ્રથમ ભાંગો તથા '**स्यान्नास्त्येव वस्त्रं**' એ પ્રકારનો બીજા ભાંગાનું નિરૂપણ વસ્ત્રની અંદર સ્વબુદ્ધિબળથી જાણી લેવું.

હવે ક્ષેત્રને આશ્રય કરી બતાવવામાં આવે છે.

જે વસ્ત્ર જેટલા આકાશ પ્રદેશને અવગાહીને રહેલું હોય તેટલા આકાશપ્રદેશ તે વસ્ત્રનું સ્વક્ષેત્ર કહેવાય. અને એથી બીજા પ્રદેશો પરક્ષેત્ર કહેવાય. માટે સ્વક્ષેત્રથી વસ્ત્રમાં સત્તા માનવી અને પરક્ષેત્રથી અસત્તા માનવી. અને જો કદાપિ સ્વક્ષેત્રની માફક પરક્ષેત્રને લઇને સત્તા માનવામાં આવે તો કોઇ પણ સ્થાનમાં વસ્ત્રને રહેવુંજ ન જોઇએ. અતએવ સ્વક્ષેત્રથી સત્વની માફક પરક્ષેત્રથી અસત્વને પણ જરૂર જુદું માનવું જોઇએ.

હવે કાળને આશ્રયી કહેવાશે.

જે વસ્ત્ર જે કાળમાં બનાવવામાં આવેલું હોય અને જ્યાં સુધી વિદ્યમાન હોય તેટલો કાલ વસ્ત્રનો સ્વકાલ કહેવાય. અને એનાથી બીજો કાળ તે વસ્ત્રનો પરકાલ કહેવાય. માટે સ્વકાલથી વસ્ત્રમાં સત્તા માનવી અને પરકાલની અપેક્ષાએ અસત્તા માનવી. જો સ્વકાલની માફક પરકાલથી પણ વસ્ત્રની સત્તા માનવામાં આવે તો કોઇ પણ કાળમાં વસ્ત્રને નષ્ટ થવાનો વ્યવહારજ ન થવો જોઇએ, કિંતુ ત્રણે કાલમાં પર્યાયાર્થિક નયથી તેનું અવસ્થાનજ હોવું જોઇએ.

પરકાલની માફક સ્વકાલથી પણ જો વસ્ત્રની અસત્તા માનવામાં આવે તો કોઇ પણ કાળમાં કપડાને દૃષ્ટિગોચર થવુંજ ન જોઇએ. અને દૃષ્ટિગોચર તો થાય છે. માટે સ્વકાલની અપેક્ષાએ સત્વ અને પરકાલની અપેક્ષાએ અસત્વને પણ જુદું માનવું જોઇએ.

હવે સ્વભાવ ને આશ્રયી કહેવામાં આવે છે.

જે વસ્ત્ર જેવા રંગવાળું હોય તે રંગ તે વસ્ત્રનો સ્વભાવ કહેવાય. અને એથી બીજો રંગ પરભાવ કહેવાય. માટે સ્વભાવથી વસ્ત્રમાં સત્તા અને પરભાવથી વસ્ત્રમાં અસત્તા માનવી.

જો સ્વભાવની માફક પરભાવથી પણ વસ્ત્રમાં સત્તા માનવામાં આવે તો બીજા રંગોને રહેવાનો પ્રસંગ તે વસ્ત્ર સિવાય ન મળવો જોઇએ. કેમકે એકજ વસ્ત્રની અંદર જગતના તમામ રંગોને મામવામાં આવ્યા તો પછી બીજે રહેવાનો પ્રસંગજ કેવી રીતે મળે.

પરભાવની માફક સ્વભાવથી પણ જો વસ્ત્રમાં અસત્તા માનવામાં આવે તો કોઇ પણ રંગવાળું કપડું હોવુંજ ન જોઇએ. આવા દોષોથી બચવાની ખાતર સ્વભાવે સત્વ અને પરભાવે અસત્વને પણ જરૂર જુદું માનવું જોઇએ.

જ્યારે પ્રાધાન્યને લઇને જે વસ્ત્રમાં જે સમયે સત્તા માનવામાં આવે તેજ સમયે વસ્ત્રમાં ગૌણતાને લઇને અસત્તા માનવી. તથા જ્યારે પરભાવની મુખ્યતાને લઇને તેની અંદર જે સમયે અસત્તા માનવામાં આવે તે સમયે ગૌણતાને લઇને તે વસ્ત્રમાં સત્તા પણ માનવી જરૂરની છે.

પૂર્વે જેમ પરદ્રવ્યથી પ્રથમ અને દ્વિતીય ભાંગો ઘટાવવામાં આવ્યા. તેમજ સ્વપર ક્ષેત્ર તથા સ્વપર કાલ અને સ્વપર ભાવથી પણ તેજ વસ્ત્રમાં પ્રથમ અને દ્વિતીય ભાંગાનું આ ઠેકાણે નિરૂપણ કરાયું.

એવી રીતે દરેક પદાર્થની અંદર સ્વપરદ્રવ્યાદિચતુષ્ટયથી સત્વાસત્વરૂપ પ્રથમ બીજા ભાંગાનું નિરૂપણ પોતાની બુદ્ધિથી કરી લેવું.

હવે વસ્ત્રમાં ત્રીજો ભાંગો ઘટાવવામાં આવે છે.

'**वस्त्रं स्यादस्त्येव स्यान्नास्त्येव.**' અર્થાત્ સ્વપરદ્રવ્યાદિ ચતુષ્ટયવડે બતાવેલુ અને ક્રમિક અસ્તિ નાસ્તિ શબ્દોએ પ્રતિપાદન કરેલું જે ક્રમિક સત્વાસત્વ રૂપ ઉભય તેને પણ પ્રથમ દ્વિતીય ભાંગાની માફક વસ્ત્રની અંદર જરૂર જુદું માનવું જોઇએ કેમકે અનેક સત્વાસત્વની અપેક્ષાએ સત્વાસત્વ રૂપ ઉભય પણ એક જુદી ચીજ છે, આ વાત ઉપર પુર્વે ઘણું કહેવામાં આવ્યું છે.

જે સમયે વસ્ત્રમાં ક્રમવાળા સત્વાસત્વ રૂપ ઉભય તે મુખ્ય રીતે માનવામાં આવે તેજ સમયે પ્રત્યેક સત્વાસત્વને ગૌણરૂપે પણ વસ્ત્રમાં જરૂર માનવું જોઇએ.

હવે ચોથા ભાંગા ઉપર લક્ષ્ય આપીએ.

વસ્ત્રમાં સ્વપર દ્રવ્યાદિ ચતુષ્ટયે પ્રતિપાદન કરેલ સત્વા-સત્વનું એક કાલમાં એક સાથે પ્રધાનપણે પ્રતિપાદન કરવામાં અસ્તિ–નાસ્તિ શબ્દોનું સામર્થ્ય ન હોવાને લીધે તેમાં અવકતવ્ય શબ્દથી સહાર્પિત સત્વાસત્વનું અવકતવ્યપણે પ્રતિપાદન કરવામાં આવે છે. એટલા માટેજ ' **स्यादवक्तव्यमेव वस्त्रं** ' એ નામનો ચોથો ભાંગો માનવામાં આવે છે.

જેમ પ્રત્યેક વસ્તુનો અનુભવ થાય છે. તથા પ્રત્યેકથી જુદી રીતે ઉભયનું પણ ભાન થાય છે. તેમ ઉભયથી વિલક્ષણ રૂપ પણ પદાર્થમાં માનવામાં આવે છે. જેમ ઘી, ગોળ, ઘઉં, બદામ, ઇલાયચી, દ્રાક્ષ, ચારોળી, પસ્તાં વિગેરે અનેક ઉત્તમ ચીજોથી બનાવેલા લાડુની અંદર પ્રત્યેક ચીજો હોવા છતાં પણ એ સર્વ ચીજોથી વિલક્ષણ લાડુ રૂપથી વ્યવહાર કરવામાં આવે છે તેમ સત્વાસત્વ રૂપ ઉભયથી વિલક્ષણ અવકતવ્યપણાને અવકતવ્ય શબ્દથી વ્યવહાર કરવામાં આવે છે.

પાંચમા ભાંગાનું સ્વરૂપ—

**वस्त्रं स्यादस्त्येव स्यादवक्तव्यमेवच** ' અર્થાત્ અનેક ધર્મવાળા કપડાની અંદર શરીરાચ્છાદન રૂપ ધર્મને લઇને સ્વદ્રવ્યાદિ ચતુષ્ટયથી તેના એક અંશમાં સત્વ માનવામાં આવે છે અને તેમાંજ પૂર્વોકત રીતે અવકતવ્ય પણ માનવામાં આવે છે.

છઠ્ઠા ભાંગાનું સ્વરૂપ—

' **वस्त्रं स्यान्नास्त्येव स्यादवक्तव्यमेवच** ' અર્થાત્ અનેક ધર્મવાળા કપડાની અંદર શરીરાચ્છાદન સ્વરૂપથી બીજા જલધારણાદિ ક્રિયા સ્વરૂપને લઇને તેના એક ભાગમાં અસત્વનો

વ્યવહાર કરવામાં આવે છે અને તેનીજ અંદર પૂર્વોક્ત રીતે અ-વકતવ્યનો પણ વ્યવહાર માનવામાં આવે છે.

સાતમા ભાંગાનું સ્વરૂપ.

**વર્ણ: स्यादस्त्येव, स्यान्नास्त्येव, स्यादवक्तव्यमेव च**

અર્થાત્ અનેક ધર્મવાળા વસ્તુની અંદર જેવા પ્રકારના લાંબા પહોળા અંશ હોય તેવા પ્રકારના લાંબા પહોળા અંશને લઇને સ્વરૂપથી સત્વ તથા જલધારણરૂપ પરરૂપે અસત્વ, ક્રમાર્પિત અસ્તિ–નાસ્તિ શબ્દોએ પ્રતિપાદન કરેલું હોવાથી ક્રમિકરૂપે માન-વામાં આવે છે. તેમજ તેનીજ અંદર બીજા અંશનો આશ્રય કરવાથી પૂર્વોક્ત રીતે અવક્તવ્ય પણ માનવામાં આવે છે. એમ સર્વત્ર સર્વ વસ્તુની અંદર સપ્તભંગી ઘટાવવી.

# છઠ્ઠો પ્રકાશ.

આ છઠ્ઠા પ્રકાશની અંદર પાંચમા, છઠ્ઠા અને સાતમા ભાંગાનું વ્યસ્તદ્રવ્યપર્યાયદ્વારા સ્વરૂપ સમજાવવામાં આવશે. આ ત્રણે ભાંગાનું સારી રીતે સ્વરૂપ સમજાઇ જતાં પ્રથમના ચાર ભાંગાનું સ્વરૂપજ્ઞાન આપોઆપ થઇ જવાનું. અતએવ પ્રથમના ચારને ત્યાગ કરીને અંતિમ ત્રણ ભાંગાનેજ સ્વરૂપથી સમજાવવું ઉચિત ધાર્યું છે.

વ્યસ્તદ્રવ્યને લઇને તથા એક કાલમાં એક સાથે દ્રવ્યપર્યાયને લઇને ' **स्यादस्त्येव अवक्तव्य एव** ' એ પ્રકારના પાંચમા ભાંગાની ઉપપત્તિ સમજવી. આ સ્થળે દ્રવ્યાર્થિક નયને લઇને અસ્તિપણું તથા દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક ઉભય નયને લઇને એક સાથે એક કાલમાં અવક્તવ્યપણું સમજવું.

દ્રવ્યમાં વ્યસ્તપર્યાયને લઇને તથા એક સાથે એક કાલમાં ઉભય નયને લઇને ' **स्यान्नास्त्येव स्यादवक्तव्यमेव** ' એવા પ્રકારના છઠ્ઠા ભાંગાની ઉપપત્તિ જાણી લેવી.

આ ઠેકાણે વ્યસ્ત પર્યાયને લઇને નાસ્તિપણાની તથા ઉભય નયને લઇને એક સાથે એક કાલમાં પ્રધાનપણે અવક્તવ્યપણાની ઉત્પત્તિ સમજવી. વ્યસ્તક્રમિક દ્રવ્યપર્યાયને લઇને તથા એક સાથે દ્રવ્યપર્યાય ઉભયને લઇને પ્રધાન રીતે અવક્તવ્યપણે ' **स्यादस्त्येव**

'**स्यान्नास्त्येव स्याद्वक्तव्य एव**' આ પ્રકારના સાતમા ભાંગાની ઉપર્યાત્ત દ્રવ્યપર્યાયને લઇને સમજવા.

હવે દ્રવ્યપર્યાયની ભિન્નતા વિષે કહેવામાં આવે છે.

દ્રવ્ય એજ પારમાર્થિક વસ્તુ છે, તેનાથી ભિન્ન પર્યાય નામનો કોઇ પદાર્થ છેજ નહિ. માટે '**स्यादस्त्येव**' એ પ્રથમ ભાંગોજ માનવો, બીજા ભાંગાઓ બીલકુલ માનવાજ નહિ. આ પ્રમાણે પ્રતિપાદન કરવાવાળા સાંખ્ય લોકોએ પણ સમજવું જોઇએ કે દ્રવ્યના માફક પર્યાય પણ પૃથક્પણે અનુભવગોચર થાય છે.

પર્યાય નહિ માનવાથી કોઇ પણ જાતનો વ્યવહાર પણ થઇ શકશે નહિ. આ મનુષ્ય છે, આ દેવ છે, આ પશુ છે, આ નરક છે, આ બાલ્યાવસ્થાવાળો છે, આ યુવાવસ્થાવાળો છે અને આ વૃદ્ધાવસ્થાવાળો છે એ પ્રકારના જીવના પર્યાયો તથા આ માટીનો, આ સોનાનો, આ ચાંદીનો, આ લોઢાનો, આ ત્રાંબાનો, આ કાષ્ઠ વિગેરેનો ઘડો છે; તેમજ આ સોનાનું કડું, આ કંદોરો, આ સૂત્રનું કપડું વિગેરે પુદ્ગલ દ્રવ્યના પર્યાયો; આ ઘટાકાશ, આ પટાકાશ, તથા અતીતકાલ, વર્ત્તમાનકાલ, અનાગતકાલ, દિવસ, રાત્રિ, પક્ષ, માસ, નવું, આ પુરાણું, આ થવાવાળું વિગેરે આકાશ કાલ દ્રવ્યના પર્યાયોનો વ્યવહાર જે આબાલ ગોપાલ પ્રસિદ્ધ છે તેનો પણ તેના મત પ્રમાણે તો લોપજ થઇ જવાનો. માટે દ્રવ્યથી કથંચિત્ ભિન્નરૂપે પર્યાય નામના પદાર્થને અવશ્ય માનવો જોઇએ.

પર્યાય તેજ તત્ત્વ છે. એથી ભિન્ન દ્રવ્યરૂપ કોઇ પણ નિત્ય પદાર્થ છેજ નહિ. તથા પ્રત્યેક ક્ષણની અંદર ભિન્ન ભિન્ન પરિણામો દેખવામાં આવતાં હોવાથી પર્યાય પણ ક્ષણિક છે. આવા પ્રકારની યુક્તિને લઇને '**नास्त्येव द्रव्यं**' મુખ્ય વૃત્તિથી કોઇપણ દ્રવ્ય

છેજ નહિ. એ પ્રકારે પ્રતિપાદન કરવાવાળા. બૌદ્ધ લોકોએ પણ પોતાનામાં રહેલી શૂન્યતાનો ત્યાગ કરીને યુક્તિપૂર્વક વિચાર કરવો જોઇએ કે દ્રવ્ય વિના પર્યાય હોયજ કયાંથી.

જો કદાપિ માટીરૂપ અન્વયિ નિત્ય દ્રવ્ય પદાર્થ માનવામાં ન આવે તો આ ઘડો માટીનોજ છે સોનાનો નથી; આ કપડું સુતરનું છે ઉનનું નથી. તથા બાલ્યાવસ્થામાં જે જિનદત્ત જોએલો તેનાજ યુવાવસ્થામાં દર્શન થયાં. આવા પ્રકારનો જે આબાલ–પ્રસિદ્ધ દ્રવ્ય વિષયનો અનુભવ છે તેનો તથા દ્રવ્ય પર્યાયનો જે અલગ વ્યવહાર થાય છે તેનો ઉચ્છેદ થવાનો. અતએવ પર્યાયથી જુદું અન્વયિ દ્રવ્ય માન્યા વિના છુટકોજ નથી. એમ હોવા છતાં માનવામાં ન આવે તો પર્યાયની ઉત્પત્તિ વંધ્યાપુત્ર માફક થવાની.

‘ **अवक्तव्य एव पदार्थः** ’ એવી રીતે માનવાવાળા અનિ–ર્વચનીય વાદિનું કહેવું છે કે કેવળ અવક્તવ્યજ તત્ત્વ છે, કેમકે આખો સંસાર અનિર્વચનીય રૂપે પ્રતિભાસમાન હોવાથી અવ-ક્તવ્ય નામનો ચોથો ભાંગો જ માત્ર માનવો જોઇએ.

આવા પ્રકારનું તે લોકોનું કથન યુક્તિ વિરૂદ્ધ હોવાથી અનાદરણીય છે. કેમકે જ્યારે વચનદ્વારા સંસારનું નિરૂપણ કર-વામાં આવે ત્યારે અનિર્વચનીય યાને અવક્તવ્ય કેવી રીતે કહી શકાય. મુખથી શબ્દનું ઉચ્ચારણ કરતા જવું અને લોકોની અંદર મૌનીપણાનો ડોળ બતાવવો—સદા ‘ **मौनव्रतिकोऽहं** ’ હું મૌનવૃત્તિવાળો છું, એમ કહેવું અને મૌનપણાની પ્રતિજ્ઞા ધારણ કરવી એ વાત યુક્ત ન કહેવાય. માટે અવક્તવ્યની સાથે વક્તવ્યને પણ જરૂર માનવું. આ પ્રકારે દરેક ભાંગાઓની

વ્યવસ્થા સમજવી. આ પ્રકારે અભેદ્ય વજ્રતુલ્ય અનેકાન્ત સિદ્ધાન્તરૂપી પ્રાકારમાં મિથ્યા અનેકાન્તવાદિઓએ ફેંકેલા, લાક્ષામય માયારૂપી ગોળાનો પ્રવેશ કોઇ રીતે, કોઇ પણ કાળે થઇ શકેજ નહિ.

કેટલાક લોકોની આવા પ્રકારની શંકા છે કે, અનેકાન્તની અંદર સપ્તભંગીની પ્રવૃત્તિ છે કે નહિ? તે શંકા નિર્મૂલ કરવા માટે જો તેઓને એમ સમજાવવામાં આવે કે અનેકાન્તની અંદર પણ અમો સપ્તભંગીની પ્રવૃત્તિ માનીએ છીએ, તો સપ્તભંગીના બીજા ભાંગાનું આશ્રય કરવાથી અનેકાન્તનો નિષેધ જે એકાન્ત રૂપ છે તેને માનતાં જૈનસિદ્ધાંતના મૂલમાંજ વ્યાઘાત થવાથી સર્વથા અનિષ્ટ જ ગણાય. તથા તેવી રીતે સપ્તભંગી માનતાં અનવસ્થા રૂપ ડાકિણીનો પણ સંભવ થઇ શકે. પ્રથમ પક્ષ એકલો માનવામાં આવા પ્રકારની વિપત્તિઓ આવી પડે છે.

અનેકાન્તની અંદર સપ્તભંગીની પ્રવૃત્તિ થતી નથી એ પ્રકારના દ્વિતીય પક્ષ માનવામાં મૂલનોજ નાશ થાય છે. કેમકે સર્વ પદાર્થો સપ્તભંગીથી યુકત છે એવા પ્રકારનો જે જૈન સિદ્ધાન્ત છે તેનોજ વ્યાઘાત થવાનો. અતએવ એકલો દ્વિતીય પક્ષ માનવામાં પણ વિપત્તિઓ આવી પડવાની.

**સમાધાન**—જેમ અનેકાન્તના બે ભેદ છે. એક સમ્યગ્ અનેકાન્ત અને દ્વિતીય મિથ્યા અનેકાન્ત. તેવી રીતે એકાન્તના પણ બે ભેદ સમજવા. એક સમ્યગ્ એકાન્ત અને બીજો મિથ્યા એકાન્ત. તેમાં પણ સમ્યગ્ અનેકાન્ત પ્રમાણ રૂપ છે અને મિથ્યા અનેકાન્ત તો પ્રમાણાભાસ રૂપ છે. તેનું સ્વરૂપ પણ નીચે બતાવવામાં આવે છે.

એક વસ્તુની અંદર રહેલા જે અસ્તિત્વ, નાસ્તિત્વ, નિત્યત્વ, અનિત્યત્વ, સામાન્યત્વ, વિશેષવત્વાદિ નાના ધર્મોના નિરૂપણમાં પ્રવીણ હોય અને પ્રત્યક્ષાદિ પ્રમાણોથી વિરૂદ્ધ ન હોય તેને સમ્યગ્ અનેકાન્ત કહેવામાં આવે છે. અને તેજ વસ્તુમાં રહેલા નાના ધર્મોનું નિરૂપણ કરવામાં કુશળ હોય પરંતુ પ્રત્યક્ષાદિ પ્રમાણોથી જો વિરૂદ્ધ હોય તો તેને મિથ્યા અનેકાન્ત કહેવામાં આવે છે. અર્થાત્ એ અનેકાન્તાભાસ કહેવાય છે.

એકાન્તના બે ભેદની સમજ—સમ્યગ્ એકાન્ત તો તેનેજ કહેવાય કે જે પ્રમાણથી પ્રતિપાદન કરેલી અનેક ધર્મવાળી વસ્તુની અંદરથી કોઇ એક ધર્મની મુખ્યતાને લઇને વસ્તુના પ્રતિપાદન કરવામાં કુશલ હોય અને સાથે સાથે બીજા ધર્મોનો નિષેધ ન કરતો હોય. અર્થાત્ તે વખતે બીજા ધર્મદ્વારા વસ્તુના પ્રતિપાદનમાં ઉદાસીનતા રાખતો હોય તેને સમ્યગ્ એકાન્ત કહેવામાં આવે છે. અને અનેક ધર્મવાળી વસ્તુના એક ધર્મને પ્રતિપાદન તો કરતો હોય પરંતુ સાથે બીજા ધર્મોનો નિષેધ પણ કરતો હોય તેને મિથ્યા એકાન્ત કહેવામાં આવે છે. સમ્યગ્ એકાન્ત નયરૂપ છે અને મિથ્યા એકાન્ત નયાભાસરૂપ છે. પ્રસંગોપાત આટલી વાત કહી. હવે મૂલ ઉદ્દેશ ઉપર આવીએ.

પ્રમાણ રૂપ સમ્યગ્ અનેકાન્ત તથા નયરૂપ સમ્યગ્ એકાન્ત અર્થાત્ પ્રમાણ નયને લઇને અનેકાન્તની અંદર પણ સપ્તભંગી માનવામાં આવે છે. અને બીજો પક્ષ તો સર્વથા અનાદરણીય છે. પ્રથમ પક્ષમાં સ્યાદ્વાદની ઉપર સપ્તભંગી માનવામાં જે દોષોનું આરોપણ કરાયું હતું તે પણ પ્રલાપપ્રાય સમજવું. કેમકે ઉપર્યુક્ત રીતે માનવામાં વ્યાઘાતાદિ કોઇ પણ દોષનો અવકાશ છે જ નહિ. તેમજ અનવસ્થાનો પણ પ્રસંગ નથી. અનવસ્થા દોષ તો ત્યાં

આવ્યો ગણાય કે જ્યાં દોષાવહ રૂપ હોય, પરંતુ બીજ અંકુરની માફક આ ઠેકાણે અનવસ્થા દોષરૂપ નથી.

વ્યાઘાત દોષ પણ ત્યાં આવી શકે કે જ્યાં કેવળ અનેકાન્તને માનવામાં આવેલો હોય, એકાન્તને બીલકુલ માનવામાં ન આવેલો હોય. પરંતુ આ ઠેકાણે તો અનેકાન્તના નિષેધરૂપ સમ્યગ્ એકાન્ત નયરૂપને તો સારી રીતે આદરપૂર્વક માનવામાં આવેલો હોવાથી વ્યાઘાત દોષની આશંકા પણ આકાશ પુષ્પ સમાન સમજવી. જૈનસિદ્ધાન્તમાં તો એકાન્તને લઇને સ્યાદસ્તિ એ પ્રથમ ભંગ તથા સમ્યગ્ એકાન્તને લઇને સ્યાન્નાસ્તિ એ દ્વિતીય ભંગ માનવામાં આવે છે. અર્થાત્ એકાન્ત છે નહિ એમ કહેતાં સમ્યગ્ અનેકાન્ત છે. આવી રીતે માનવામાં કોઇપણ દોષની ઉપસ્થિતિ થતી નથી.

જૈનસિદ્ધાન્તમાં વસ્તુનો નિર્ણય પણ પ્રમાણ નય સિવાય થઇ શકતો નથી. માટે નયરૂપ સમ્યગ્ એકાન્ત માન્યા સિવાય પણ વસ્તુગતે વસ્તુની ઓળખાણ થવી અસંભવપ્રાય સમજવી.

કદાચ પૂર્વપક્ષિ લોકો પ્રશ્ન કરે કે તમોએ માનેલો નય નામનો પદાર્થ પોતે પ્રમાણરૂપ છે કે અપ્રમાણરૂપ છે. જો તેને પ્રમાણ રૂપ માનશો તો પ્રમાણમાંજ અન્તર્ભૂત થવાથી અલગ માનવો નકામો છે. અને જો નયને પ્રમાણરૂપ માનવામાં ન આવે તો વંધ્યાપુત્રની માફક અપ્રમાણિક પદાર્થદ્વારા વસ્તુસિદ્ધિ કદાપિ થઇ શકેજ નહિ. આવા પ્રકારની શંકાનો ઉત્તર પણ નીચે પ્રમાણે સમજવો.

સમુદ્રના એક બિંદુને તમારા હાથમાં મૂકી પૂછવામાં આવે કે આ સમુદ્રના બિંદુને તમે સમુદ્રરૂપ માનો છો કે અસમુદ્રરૂપ ? પ્રથમ પક્ષ યાને સમુદ્રના એક બિંદુને સમુદ્રરૂપ માનવામાં તો

તેવા દરેક બિંદુઓને સમુદ્રરૂપે માનવા પડશે. તેમ થતાં એકજ સમુદ્ર અસંખ્યાત સમુદ્રરૂપે મનાશે. આથી તો મૂળમાંજ કુહાડો ફરી જવાનો. કારણ કે તમારા મતમાં તો સાત સમુદ્ર સિવાય અધિક સમુદ્રની માન્યતા છેજ નહિ.

બીજો પક્ષ યાને સમુદ્રના એક બિંદુને સમુદ્ર માનતા નથી એ પ્રકારે કહેવામાં તો જેવી રીતે સમુદ્રનો એક બિંદુ અસમુદ્ર મનાશે તેવીજ રીતે દરેક બિંદુઓ અસમુદ્રરૂપે માનવા પડશે. આ પ્રકારે તો સમુદ્રનો વ્યવહારજ જગત્માંથી ઉડી જવાનો

અતએવ સમુદ્રનો એક બિંદુ સમુદ્રરૂપ નથી તથા અસમુદ્ર રૂપ પણ નથી કિંતુ બિંદુરૂપ છે. તેમજ સમ્યગ્ એકાન્તરૂપ નય પણ પ્રમાણરૂપ નથી તથા અપ્રમાણરૂપ પણ નથી. કિંતુ નયરૂપ પદાર્થાન્તર છે. અર્થાત્ સમુદ્રના એક છાંટાને જેમ બિંદુ તરીકે લોકમાં માનવામાં આવે છે તેમ પ્રમાણ વિષયીભૂત અનેક ધર્મવાળી વસ્તુના એક ધર્મ પ્રતિપાદન કરવાવાળા અને બીજાઓમાં ઉદાસીનતા ધારણ કરવાવાળા પદાર્થને નયરૂપે ઓળખાવવામાં આવે છે.

હવે તેજ નય તથા પ્રમાણને લઇને અનેકાન્તમાં સપ્તભંગી ઘટાવીએ.

'**एकान्तः स्यादस्त्येव**' આ વાકયથી સમ્યગ્ એકાન્ત સ્વરૂપ નયની અંદર પ્રધાનરૂપે સત્તાને સ્થાન આપવામાં આવે છે અને ગૌણરૂપે અસત્તાને માન આપવામાં આવે છે.

'**एकान्तः स्यान्नास्त्येव**' આ વાકયથી એકાન્તના નિષેધપૂર્વક અનેકાન્તને પ્રધાન રૂપે માનવામાં આવે છે અને સાથે એકાન્તને ગૌણરૂપે માનવામાં આવે છે.

**'एकान्तः स्यादस्त्येव स्यान्नास्त्येव'** આ વાકય ક્રમિક પ્રમાણરૂપ અનેકાન્ત તથા નયરૂપ એકાન્તને પ્રતિપાદન કરે છે.

**'स्यादवक्तव्य एवैकान्तः'** આવા પ્રકારનું ચોથા વાકયથી સહાર્પિત એકાન્ત અનેકાન્તરૂપ ઉભયને પ્રધાનતાથી એક કાલમાં પ્રતિપાદન કરવાનું સામર્થ્ય ન હોવાને લીધે અવક્તવ્ય શબ્દથી સહાર્પિત રૂપે પ્રતિપાદન કરાય છે.

**'एकान्तः स्यादस्त्येव स्यादवक्तव्य एव'** એ પ્રકારનું પાંચમું વાકય, **'एकान्तः स्यान्नास्त्येव'** એ પ્રકારનું છઠ્ઠું વાકય અને **'स्यादवक्तव्य एव'** એ પ્રકારનું સાતમું વાકય એમ ત્રણે વાકય અર્થ સહિત સંક્ષેપે સમજાવવામાં આવે છે.

વસ્તુના એક અંશને લઇને નયના અર્પણથી એકાન્તની સત્તા એક સાથે પ્રમાણ અને નય બન્નેના અર્પણથી પ્રધાનપણે એક કાલમાં એકાન્ત તથા અનેકાન્તને સહાર્પિતરૂપે અવક્તવ્ય તરીકે માનવામાં આવે છે.

છઠ્ઠા ભાંગાનો અર્થ—અનેક ધર્મવાળી વસ્તુના આલંબનથી તથા પ્રમાણના અર્પણથી આ સત્તાનું પ્રતિપાદન કરવાની સાથે પ્રમાણ નયરૂપ ઉભયના અર્પણથી એક કાલમાં પ્રધાનપણે પ્રતિપાદન નહિ થઇ શકવાથી એકાન્ત તથા અનેકાન્ત ઉભયને સહાર્પિત રૂપે અવક્તવ્ય શબ્દથી વ્યવહાર કરવો એ છઠ્ઠા ભાંગાનો અર્થ છે.

સાતમા ભાંગાનો અર્થ—તેજ પૂર્વોક્ત પદાર્થમાં ક્રમવાળા પ્રમાણ નયના આલંબનથી એકાન્તમાં સત્ત્વ તથા અસત્ત્વ એ બન્નેનું પ્રતિપાદન કરવામાં આવે અને સાથે બીજા અંશમાં એકજ કાલમાં પ્રધાનપણે એકાન્ત અનેકાન્તરૂપ ઉભયને સહાર્પિત-

રૂપે અવક્તવ્ય શબ્દથી વ્યવહાર કરવામાં આવે છે એ સાતમા ભાંગાનો અર્થ છે.

આ ઠેકાણે નયના આલંબનથી એકાન્ત સમજવો કેમકે અનેક ધર્મવાળી વસ્તુમાંથી બીજા ધર્મોની ઉદાસિનતાપૂર્વક એક ધર્મદ્વારા વસ્તુનું વિષયપણું છે. તથા પ્રમાણનું આલંબન કરવાથી અનેકાન્ત સમજવો. અનેક ધર્મનું નિશ્ચાયકપણું પ્રમાણમાં હોવાથી બન્ને સમજાશે.

જો કદાપિ એકાન્ત જ માત્ર હોવાનું અને સમ્યગ્ નયરૂપ એકાન્ત બીલકુલ નહિ હોવાનું માનવામાં આવે તો સમ્યગ્ નયના અભાવે તેના સમુહરૂપ અનેકાન્તનો પણ અભાવ થઇ જવાનો. જેમ શાખાઓના સમુહરૂપ એક અવયવીને વૃક્ષ તરીકે માનવામાં આવે છે પરંતુ જો એમાંની શાખાઓને ન માનીએ તો શાખા સમૂહના અભાવમાં એક અવયવી વૃક્ષનો પણ અભાવજ થઇ જાય અને તેથી કરી વૃક્ષના વ્યવહારનો પણ ઉચ્છેદજ થઇ જાય. આ વાત અનુભવસિદ્ધજ છે. નયના સમૂહરૂપ એક પ્રમાણરૂપ અવયવીને અનેકાન્ત તરીકે માનવામાં ન આવે તો સાક્ષાત્ કોઇપણ પ્રકારનો વ્યવહાર બની શકે નહિ. માટે જરૂર નયના સમૂહરૂપ અવયવીને અનેકાન્તરૂપે પદાર્થાન્તર સ્વરૂપ માનવો જોઇએ, અને એ સાથે પ્રમાણરૂપ અનેકાન્ત તથા સમ્યગ્ નયરૂપ એકાન્તનો આશ્રય કરીને અનેકાન્ત યાને સ્યાદ્વાદની અંદર પણ સપ્તભંગીનું પ્રતિપાદન કરવું જોઇએ. આવી રીતે માનવાથી કોઇપણ દોષનો અવકાશ રહેશે નહિ. પ્રત્યુત અનેકાન્તની અંદર સપ્તભંગીની ઉપપત્તિ પણ સારી રીતે થઇ શકે છે.

એવી જ રીતે નિત્યત્વ તથા અનિત્યત્વ, એકત્વ તથા અનેકત્વ વિગેરે ધર્મોની અંદર પણ સંક્ષેપથી સપ્તભંગી બતાવવામાં આવે છે.

'**स्यादस्त्येव अनित्यत्वं**' તથા '**स्यान्नास्त्येव अनित्यत्वं**' આ બન્ને ભાંગાનો અર્થ આ પ્રમાણે સમજવો. અનેક ધર્મવાળા ઘટાદિપદાર્થમાં પર્યાયાર્થિક નયનું આલંબન કરવાથી અનિત્યત્વ રહેલ છે અને તેજ ઘટાદિની અંદર દ્રવ્યાર્થિક નયના આલંબનથી અનિત્યપણાનો નિષેધ અર્થાત્ નિત્યપણું માનવામાં આવે છે. સારાંશ કે ઘડાના આકારનો નાશ થવા છતાં પણ માટી રૂપે તિરોભાવથી ઘડાનું વિદ્યમાનપણું હોવાથી ઘડો નિત્ય છે એવી દ્રવ્યાર્થિક નયની માન્યતા છે.

'**अनित्यत्वं स्यादस्त्येव स्यान्नास्त्येव**' એ પ્રકારના ત્રીજા ભાંગાનો અર્થ નીચે પ્રમાણે સમજવો.

ક્રમવાળા દ્રવ્યાર્થિક તથા પર્યાયાર્થિક નયનો આશ્રય કરવાથી ઘડાની અંદર ક્રમિક નિત્યપણું તથા અનિત્યપણાનું પ્રતિપાદન ત્રીજા ભાંગાથી થઇ શકે છે.

ચતુર્થ ભાંગો—'**अनित्यत्वं स्यादवक्तव्यमेव**' અર્થાત્ એક કાલમાં એક સાથે પ્રધાનપણે પ્રતિપાદન નહિ કરવામાં આવેલા એવા અનિત્યત્વ તથા નિત્યત્વરૂપ ઉભયને સહાર્પિતપણે અવક્તવ્ય શબ્દથી પ્રતિપાદન કરવું.

**પાંચમો ભાંગો—अनित्यत्वं स्यादस्त्येव स्यादवक्तव्यमेव च** અર્થાત્ પર્યાયાર્થિક નયનું આલંબન કરવાથી ઘટના એક અંશમાં અનિત્યપણું અને બીજા અંશમાં પૂર્વોક્ત રીતે અવક્તવ્યપણું સમજવું.

**છટ્ઠો ભાંગો—'अनित्यत्वं स्यान्नास्त्येव स्यादवक्तव्यमेव च'**—અર્થાત્ દ્રવ્યાર્થિક નયના આલંબનથી અનિત્યપણું છે અને બીજા અંશમાં પૂર્વોક્ત રીતે અવક્તવ્યપણું પણ સમજવું.

સાતમો ભાંગો—' **अनित्यत्वं स्यादस्त्येव स्यान्नास्त्येव स्यादवक्तव्यमेव च** ' અર્થાત્ ક્રમવાળા પર્યાયાર્થિક તથા દ્રવ્યાર્થિક નયનું આલંબન કરવાથી ક્રમિક અનિત્યપણું તથા નિત્યપણાની ઉપપત્તિ અને સાથે બીજા અંશમાં પૂર્વોક્ત પ્રમાણે અવ્યક્તવ્ય પણ સમજવું.

હવે એકત્વ તથા અનેકત્વને લઇને સપ્તભંગી બતાવવામાં આવે છે.

' **स्यादस्त्येव घट एकः** ' તથા ' **स्यान्नास्त्येव घट एकः** ' અર્થાત્ દ્રવ્યરૂપે ઘડો એકજ છે. કેમકે સ્થાસ, કોશ. કુશૂલાદિ પર્યાયોમાં પણ માટીરૂપ દ્રવ્ય તો અનુગત છેજ. અતએવ મૃત્તિકારૂપ ઉર્ધ્વતા સામાન્યને લઇને ઘડો એકજ છે એમ સમજવું, એ પહેલા ભાંગાનો અર્થ થયો. હવે બીજા ભાંગાનો અર્થ પર્યાયરૂપથી ઘડા અનેક છે; કેમકે રક્તપીતાદિ અનેક સ્વરૂપપણું ઘટમાં વિદ્યમાન છે તથા થાસાદિ અનેક પર્યાયપણું તેમજ આકાર ભિન્નતા પણ ઘડામાં જોવામાં આવે છે. માટે ઘડા અનેક છે એમ સમજવું આ ઠેકાણે જો એમ કહેવામાં આવે છે ' **सर्व वस्तु स्यादेकं** " તો આવા સ્થળમાં સર્વ વસ્તુની જ્યારે કોઇ પણ રૂપથી ઐકયતા જોવામાં આવતી નથી; ત્યારે ' **सर्वमेकं** ' આ વાકયની ઉપપત્તિ કેવી રીતે થઇ શકે.

વળી એમ પણ ન કહેવું કે—સત્ત્વાદિરૂપથી સર્વ વસ્તુમાં ઐકયતા રહેલી છે. કેમકે તિર્યક્ સામાન્યરૂપ સત્ત્વને પણ દરેક વ્યકિતમાં ભિન્નરૂપે હોવાથી સર્વ વસ્તુમાં સત્ત્વાદિરૂપ ઐકયતા પણ આવવી ઘણી કઠિણ થઇ પડવાની.

ઉપર્યુકત શંકાનું સમાધાન આ પ્રમાણે કરવું:—સત્તા સા-

માન્ય પોતેજ એક તથા અનેક સ્વરૂપ છે અને વ્યક્તિરૂપે અનેક છે તો પણ સ્વસ્વરૂપથી તો સત્ત્વ એકજ છે. પૂર્વમાં જે કહેવામાં આવેલ છે કે સત્ત્વાદિક રૂપથી પણ વસ્તુમાં ઐકયતા નથી એનો ભાવાર્થ એ સમજવો કે—ઐકયતાના નિષેધમાં સર્વથા એનું તાત્પર્ય ન લેવું; કિન્તુ કથંચિદ્ ઐકયતા માની લેવી એમાં કશો બાધ નથી. અથવા તો સામાન્ય સંગ્રહ નયની અપેક્ષાથી કથંચિત્ સર્વ વસ્તુમાં પણ ઐકય માનવામાં સામાન્ય વાદિઓને પણ કોઇ જાતની અડચણ નથી અને વ્યવહાર નયની અપેક્ષાએ દરેક વસ્તુનાં સ્વરૂપો ભિન્ન છે તથા દરેકનાં લક્ષણ અને કાર્યો પણ ભિન્ન છે. આ હેતુએ દરેક વસ્તુની અંદર જ્યારે વ્યવહારની અપેક્ષાએ ભિન્નતા રહેલી છે ત્યારે તેજ નયની અપેક્ષાએ ઐકયતા રહે તે વ્યાજબી ન ગણાય. અર્થાત્ કથંચિત્ અનેકપણું માનવામાં કોઇ પ્રકારનો વાંધો નથી.

જ્યાં સર્વ વસ્તુમાં સામાન્ય સંગ્રહનયની અપેક્ષાએ કથંચિત્ ઐકયતા રહેલી હોય ત્યાં વ્યવહારનયની અપેક્ષાએ અનેકપણું પણ કથંચિત્ જાણી લેવું, એમાં સંશય કરવા જેવું નથી. અને જ્યાં વ્યવહારનયની અપેક્ષાએ અનેકપણું રહેલું છે ત્યાં સામાન્ય સંગ્રહની અપેક્ષાએ એકપણું માનવામાં લગાર પણ હરકત જેવું નથી. એમ ન માનતાં મિથ્યા એકાન્તનો પ્રવેશ થવાનો. બીજું એ કે એકપણું પણ જ્યાં સુધી અનેક વ્યક્તિમાં અનુગત રૂપે એક ધર્મ તરીકે માનવામાં ન આવે ત્યાં સુધી બની શકે જ નહિ. અને એકપણા વિના સાદૃશ્યપણું બની શકે નહિ. સાદૃશ્યનો પ્રયોગ જે જેનાથી ભિન્ન હોય અને તેમાં રહેલા ધર્મો ઘણા મળતા આવતા હોય ત્યાં જ થાય છે. જેમકે 'चन्द्रवन्मुखं' આ મુખ ચંદ્ર જેવું છે અર્થાત્ ચંદ્રમાં રહેલું આલ્હાદ જનકપણું તથા

ગોળાકારપણું વિગેરે કેટલાએક ધર્મો મુખમાં હોવાથી તેને ચંદ્રની ઉપમા અપાય છે. તેમજ ઘડાની અંદર પણ ઘટપણારૂપ એક ધર્મને લઇને પરસ્પર સાધર્મ્ય સ્વીકારવામાં આવે છે. નહિતર સાધારણ ધર્મ અને અસાધારણ ધર્મની વ્યવસ્થા બનવી કઠણ થઇ પડે. કેમકે અનેકવ્યક્તિમાં રહેનાર ધર્મ તે સાધારણ ધર્મ છે.

ઉપસંહાર તરીકે કહેવું જોઇએ કે સત્ત્વાદિરૂપથી અને સામાન્ય સંગ્રહનયની અપેક્ષાથી દરેકમાં ઐકયતા છે, આ વાત ખુબ દૃઢપણે હૃદયમાં ઠસાવવી અને જીવાદિ દ્રવ્યના અવાન્તર ભેદોને લઇને જીવાદિ દ્રવ્યમાં પણ અનેકપણું છે, તેમ દ્રવ્યમાં પણ અનેકપણું સમજવું. તેમજ સામાન્ય સંગ્રહનયના મતથી વસ્તુ માત્ર એકજ છે અને વ્યવહારનો આશ્રય કરવાથી જીવાદિ દ્રવ્યના ભેદને લઇને વસ્તુ અનેક પણ છે, એ પ્રકારે સર્વત્ર એકત્વ અનેકત્વની ભાવના કરવી અને આગળના ભાંગાઓનું સ્વરૂપ પણ ક્રમ અને અક્રમને લઇને સમજી લેવું.

હવે જીવ સામાન્યને લઇને સપ્તભંગી સમજવાની ચાલી બતાવવામાં આવે છે.

'**स्याज्जीवः**' '**स्यादजीवः**' આ બે મૂળ ભાંગા છે. તેનો અર્થ આ પ્રમાણે સમજવો કે—ઉપયોગપણાને લઇને જીવની અંદર સત્ત્વ માનવામાં આવે છે અને અનુપયોગપણાને લઇને તેનીજ અંદર અસત્ત્વ માનવામાં આવે છે. કેમકે જીવ તો હમેશ ઉપયોગવાળોજ હોય માટે ઉપયોગપણાને લઇને સત્ત્વ માનવું અને અનુપયોગપણાને લઇને સત્ત્વ માનવું. એ પ્રકારે આગળના ભાંગાઓનું પણ નિરૂપણ સમજવું. ઇતિઃ

# સાતમો પ્રકાશ.

આ પ્રકાશમાં મિથ્યા એકાન્તવાદિઓએ કરેલા આક્ષેપોનું સમાધાન કરવામાં આવશે.

તેઓનું કહેવું છે કે—સ્યાદ્વાદવાદિઓએ માનેલો અનેકાન્તવાદ યાને સ્યાદ્વાદ તે છલરૂપ હોવાથી અપ્રમાણિક છે. કેમ કે જે વસ્તુ અસ્તિત્વવાળી છે તેજ નાસ્તિત્વધર્મવાળી છે તથા જે નિત્યત્વ ધર્મવાળી છે તેજ પુન: અનિત્યવાળી પણ છે. આવા પ્રકારની વસ્તુવિષયક પ્રરૂપણા કરનાર પ્રામાણિક કેવી રીતે કહી શકાય.

ઉત્તર—જ્યાં સુધી છલના લક્ષણનો અનેકાન્તમાં પ્રવેશ થઇ શકતો નથી ત્યાં સુધી અનેકાન્તવાદને છલરૂપ કહેવો એ એક જાતની ધીઠાઇજ કહેવાય. યુક્તિથી વિરૂદ્ધ વાતજ કહેવાય.

તેઓના મતની અંદર છલ પદાર્થનું લક્ષણ જે પ્રકારે બતાવ્યું છે તે અહિં સ્યાદ્વાદમાં ઘટે છે કે નહિં એ વિચારવાનું છે.

બીજા અભિપ્રાય ઉપરથી ઉચ્ચારણ કરેલ વાકયની અંદર અન્ય અર્થની કલ્પના કરીને દોષોનું જે આરોપણ કરવું તેનું નામ છલ. એને દૃષ્ટાન્તદ્વારા સ્પષ્ટ કહીએ.

યથા **नवकम्बलोऽयं देवदत्तः** અર્થાત્ આ દેવદત્ત નવીન કાંબલવાળો છે. આ રહસ્યને સમજ્યા વિના છલવાદિ લોકો કહે છે કે—કયાં આ દેવદત્તની પાસે નવ સંખ્યક કાંબળો છે. હું તો

એકજ જોઉં છું. દરિદ્ર હોવાથી એ એકપણ ઘણી મુશ્કેલીએ મેળવી શકયો છે; તો તેની પાસે નવ કાંબલો કયાંથી સંભવે? આ પ્રકારે જ્યાં એક બીજાના અભિપ્રાયો જાણ્યા વિના વાત કરવામાં આવે ત્યાં જ છલ મનાય છે. પરંતુ સ્યાદ્વાદ મતમાં તો તેવા પ્રકારના છલના લક્ષણને ઘટવાનો સંભવ જ નથી, તો પછી તે છલ રૂપ કેમ કહી શકાય. બીજા અભિપ્રાયથી બોલાયેલ શબ્દમાં બીજા અર્થની કલ્પના રૂપ જે છલ તે તો અનેકાન્તમાં છે જ નહિ. માટે અનેકાન્તવાદ છલ રૂપ નથી એ નિશ્ચય જાણવું.

એકજ વસ્તુની અંદર રહેલા નિત્યત્વ, અનિત્યત્વ, અસ્તિત્વ, નાસ્તિત્વ, સામાન્યવત્ત્વ, વિશેષવત્ત્વાદિ વિરૂદ્ધ ધર્મોનું સાપેક્ષ પણે પ્રતિપાદન કરે છે જ. સ્યાદ્વાદ અનેકાન્તવાદ કહેવાય છે તેનું લક્ષણ પણ છલની અંદર ઘટી શકતું નથી. તો પછી અનેકાન્તને છલરૂપ માનવો, તે તેઓની અજ્ઞાનતા સિવાય બીજું શું કહેવાય? આથી નિર્ણય થયો જે અનેકાન્તવાદ છલરૂપ નથી.

કેટલાક લોકોનું એમ કહેવું છે જે અનેકાન્તવાદ સંશય રૂપ છે, કેમકે એકનીજ અંદર અસ્તિત્વ, નાસ્તિત્વ, નિત્યત્વ, અનિત્યત્વાદિ વિરૂદ્ધ નાના ધર્મોનું પ્રતિપાદન જે કરે છે, તે સંશયવાદ વિના બીજુ શું કહેવાય? ( યથા '**अयं पर्वतोऽग्निमान् नवा**' અર્થાત્ આ પર્વત અગ્નિવાળો છે કે અગ્નિ વિનાનો છે. અહિં પહેલાં સંશયનું લક્ષણ બતાવવું ઉપયુકત છે. ) એક વસ્તુની અંદર વિરૂદ્ધ નાના ધર્મોને જે પ્રતિપાદન કરે તે સંશય કહેવાય.

પૂર્વોક્ત અનેકાન્તવાદમાં સંશયની આશંકાનુ સમાધાન આ પ્રમાણે સમજવું.

ઉપર બતાવેલ સંશય રૂપ દૃષ્ટાન્તની જેમ પ્રકૃતમાં અનેકાન્ત-

વાદ તો સંશયરૂપ છેજ નહિ. કેમકે સામાન્ય ધર્મોનું જયાં પ્રત્યક્ષ હોય અને વિશેષ ધર્મો અપ્રત્યક્ષ હોય. પરંતુ વિશેષનું સ્મરણ તો અવશ્ય હોય એવે સ્થળે સંશય માનવામાં આવે છે. જેમ સ્થાણુ તથા પુરૂષના ઉચિત દેશમાં અત્યન્ત પ્રકાશ પણ ન હોય તથા અત્યન્ત અંધકાર પણ ન હોય એવે સમયે બન્નેની સરખી ઉંચાઇ માત્ર દેખવામાં આવતી હોય અને તેની વક્રતા, પોલાણુ તથા પક્ષિઓના માળા, પક્ષિઓનું ગમનાગમનપણારૂપ સ્થાણુંમાં રહેલા જે વિશેષ ધર્મો, તથા વસ્ત્રધારણ રૂપ, શિખા બંધન રૂપ, તથા હસ્તપાદ વિગેરે પુરૂષના વિશેષ ધર્મોનું જયાં ઉપલબ્ધપણું ન હોય અને તમામ વિશેષધર્મોનું સ્મરણ તો હોય, ત્યાંજ વાસ્તવિક રીતે સંશય મનાય છે. કેવળ બે સમજથી વિરૂદ્ધ નાના ધર્મોના આ ભાસ માત્રથી ચમકી સંશયની કલ્પના કરવી યોગ્ય ન ગણાય.

'**अयं स्थाणुर्वा पुरुषो वा**' આ વ્યકિત સ્થાણુ યાને લાકડું છે કે પુરૂષ છે. આવા પ્રકારનું વાકય સાંભવા માત્રથીજ સંશય ઉત્પન્ન થાય છે. પરંતુ અનેકાન્તવાદમાં તો તેવા પ્રકારના સંશયનું લક્ષણ બીલકુલ ઘટતું નથી. કેમકે સામાન્યપણું પણ વસ્તુમાં ઉપલબ્ધ છે અને સ્વરૂપ તથા પરરૂપાદિ વિશેષ ધર્મો પણ દરેક વસ્તુમાં ઉપલબ્ધ છે. જયારે વિશેષ ધર્મોની ઉપલબ્ધિ હોય ત્યારે સંશય કહેવાયજ કેવી રીતે. જો કદાચ એમ કહેશો કે ઘટાદિની અંદર અસ્તિત્વાદિ ધર્મોના સાધનમાં નિમિત્તભૂત હેતુઓ છે કે નહિ ? ના કહેવાથી વિપ્રતિપન્નવાદિની આગળ કેવી રીતે પ્રતિપાદન કરી શકશો.

જો કદાપિ એમ કહેવામાં આવે કે અસ્તિત્વાદિ ધર્મોના સાધક ભિન્ન ભિન્ન હેતુઓ છે, તો પરસ્પર વિરૂદ્ધ એવા અસ્તિત્વ નાસ્તિત્વાદિ ધર્મોના સાધક હેતુઓ જયાં વિદ્યમાન્ હોય ત્યાં સંશય કેમ ન કહેવાય

આ શંકા પણ નિર્મૂલ જાણવી. જેમ એકજ દેવદત્તની અંદર પોતાના પુત્રની અપેક્ષાએ પિતાપણું રહેલ છે, અને પોતાના પિતાની અપેક્ષાએ પુત્રપણું રહેલ છે. આ ઠેકાણે પુત્રપણું તથા પિતૃપણું એ બંન્ને પરપસ્પર વિરૂદ્ધ હોવા છતાં પણ સાપેક્ષપણે એકની અંદર રહેતાં શું જોવાતાં નથી ?

વળી એકજ અન્વયવ્યતિરેકિ હેતુની અંદર સપક્ષ મહાનસની અપેક્ષાથી અસ્તિપણું તથા વિપક્ષ મોટા તળાવની અપેક્ષાએ નાસ્તિપણું રહેલ છે. આ બન્નેની પરસ્પર વિરૂદ્ધતા છે તો પણ એકજ હેતુની અંદર પક્ષમાં સત્ત્વરૂપ અસ્તિત્વ તથા વિપક્ષમાં અસત્ત્વરૂપ નાસ્તિત્ત્વ માનવામાં જેમ લગાર માત્ર સંકોચ નથી તેમજ એકજ ઘટની અંદર પરરૂપની અપેક્ષાથી નાસ્તિપણું માનવામાં શી અડચણ છે ?

વિરૂદ્ધતા તો ત્યારે આવી શકે કે જ્યારે એકજ રૂપથી બન્નેને માનવામાં આવે. એ વાત તો આ ઠેકાણે બીલકુલ છેજ નહિ તો વિરૂદ્ધતા કેવી રીતે આવી શકે.

બીજું સાપેક્ષપણે પણ જો એકની અંદર અનેક ધર્મો માનવામાં નહિં આવે તો ઘણા પ્રકારની આપત્તિમાં ફસાવવું પડશે. જેમાં પુત્રપણાનો વ્યવહાર કરાય છે તેમાં પિતાપણાનો વ્યવહાર કેવી રીતે કરી શકાશે. માટે જરા વિચાર કરી જોશો તો સ્પષ્ટપણે માલૂમ પડશે કે—અનેકાન્તવાદ માનવામાં કોઇપણ ઠેકાણે કોઇ પણ જાતના દોષનો સંભવ છેજ નહિ.

આ પ્રકારે યુક્તિપૂર્વક સમજાવતાં પણ કેટલાક દુર્વિદગ્ધ પુરૂષો અનેકાન્તવાદની ઉપર વિરૂદ્ધાદિ દોષોનું આરોપણ કરવા કટિબદ્ધ થાય છે. અને સાથે પોતાની વાચાલતાનું પ્રદર્શન પણ કુયુક્તિઓ દ્વારા કરે છે.

જ્યાં શીત હોય ત્યાં ઉષ્ણપણું ન હોયજ, અને જ્યાં ઉષ્ણ પણું હોય ત્યાં શીતપણું ન હોય, તથા જ્યાં છાયા હોય ત્યાં આતપ ન હોય. કેમકે તેઓનો પરસ્પર વિરૂદ્ધ સ્વભાવ છે. તેમજ પ્રકૃતમાં પણ એકની અંદર પરસ્પર વિરૂદ્ધ તથા વિધિ પ્રતિષેધ રૂપ જે અસ્તિત્વ નાસ્તિત્વ તેનો પણ સંભવ કેવી રીતે થઇ શકે. કેમકે વિધિરૂપે ભાન થવાથી અસ્તિત્વ તો ભાવરૂપ છે અને પ્રતિષેધ રૂપે ભાન થવાથી નાસ્તિત્વ અભાવરૂપ છે, માટે જ્યાં અસ્તિત્વ હોય ત્યાં નાસ્તિત્વ ન રહેવું જોઇએ, અને જ્યાં નાસ્તિત્વ હોય ત્યાં અસ્તિત્વને ન રહેવું જોઇએ. આથી એ સિદ્ધ થયું કે વિરોધ દોષ આવવાથી અનેકાન્ત વાદ પણ ન માનવો જોઇએ.

હવે અન્ય લોકોએ મુકેલો બીજો દોષ બતાવવામાં આવે છે. અસ્તિપણાનું અધિકરણ ભિન્ન છે અને નાસ્તિપણાનું પણ અધિકરણ ભિન્ન છે. માટે અધિકરણ ભિન્ન હોવાથી એક ઠેકાણે અસ્તિ નાસ્તિની સંભાવના પણ થઇ શકે નહિ.

તૃતીય દોષ એ કે—અનેકાન્ત માનવામાં અનવસ્થા દોષ પણ આવે છે. જે રૂપે અસ્તિપણું હોય તે રૂપ પણ અસ્તિનાસ્તિ સ્વરૂપ કહેવું પડશે. તે અસ્તિનાસ્તિપણું પણ સ્વરૂપ તથા પરરૂપથી કહેવું પડશે. અને તે સ્વપર રૂપમાં પણ પ્રત્યેકનું અસ્તિનાસ્તિપણું બીજા સ્વપર રૂપથી કહેવાનું. આવી રીતે માનવામાં અનવસ્થા દોષનું આક્રમણ થાય છે; કેમકે અપ્રામાણિક પદાર્થ પરંપરાની કલ્પનાની અવિશ્રાન્તિનું નામજ અનવસ્થા કહેવામાં આવે છે. માટે તે દોષગ્રસ્ત હોવાવાળો અનેકાન્તવાદ કેવી રીતે મનાય.

ચોથો શંકર દોષ એવી રીતે કે—જે રૂપથી સત્ત્વ હોય તેજ રૂપથી અસત્ત્વ કેવી રીતે મનાય તથા જે રૂપથી અસત્વ હોય તેજ

રૂપથી સત્ત્વ પણ કેમ મનાય. કેમકે દરેકનું એક કાલમાં રહેવું તેનું નામજ શંકર કહેવાય છે. માટે આવી રીતે શંકર દોષ ગ્રસ્ત હોવાથી અનેકાન્તવાદ કોને પ્રિય લાગે ?

જે રૂપથી સત્ત્વ હોય તે રૂપથી અસત્ત્વજ હોય, સત્ત્વ તો ત્યાં હોયજ નહિ. તથા જે રૂપથી અસત્ત્વ હોય તે રૂપથી સત્ત્વજ હોય. અસત્ત્વ તો ત્યાં હોઇ શકેજ નહિ. કેમકે પરસ્પર વિષયના ગમનનું નામજ વ્યતિકર કહેવાય છે. માટે વ્યતિકર દોષ આવવાથી અનેકાન્ત વાદ કેવી રીતે મનાય.

સંશય નામનો છટ્ઠો દોષ પણ ઉપસ્થિત છે જ, કેમકે વસ્તુનું સત્ત્વાસત્ત્વ ઉભય સ્વરૂપ આવા પ્રકારનુંજ છે, આથી બીજા પ્રકારનું નથી. આ વાતનો નિશ્ચય નહિ થઇ શકવાથી સંશય દોષ લાગુ પડે છે. એથી કરી સંશય રૂપ બનેલો અનેકાન્તવાદ પંડિતોથી કેવી રીતે માન્ય થઇ શકે.

સાતમો અપ્રતિપત્તિ દોષ—આવી રીતે દોષોનો પ્રહાર થવાથી પદાર્થમાં અનિશ્ચયપણાના ભયને લીધે વસ્તુનો સ્વીકાર કોઇ પણ રીતે થઇ શકેજ નહિ. આનું નામ અપ્રતિપત્તિ દોષ સમજવો. આવા દોષો આવવાથી અનેકાન્તવાદનો સ્વીકાર કોઇપણ રીતે થઇ શકશે નહિં.

આઠમો અભાવ દોષ—ઉપરોકત દોષોના સમૂહનું આક્રમણ થવાથી સત્ત્વાસત્ત્વ રૂપ વસ્તુનો જ અભાવ થવાનો અને જ્યારે સત્ત્વાસત્ત્વ રૂપ વસ્તુ નથી ત્યારે અનેકાન્તવાદ પણ કયાંથી રહેવાનો.

આ આઠ દોષોનું નિરાકરણ સ્યાદ્વાદ મહાનરેન્દ્રના અનુચરો

તરફથી નીચે પ્રમાણે કરવામાં આવ્યું છે, તે બુદ્ધિપૂર્વક વિચારવા જોગ છે.

પ્રમાણોથી પ્રતીયમાન અનંત ધર્મવાળી વસ્તુની અંદર સ્વરૂપાદિની અપેક્ષાથી વિવક્ષિત જે સત્ત્વ અસત્ત્વ રૂપ ધર્મો તેમાં લગાર માત્ર વિરોધનો અવકાશ છે જ નહિ. કિંચ સ્વરૂપાદિ વડે ઉપલબ્ધ સત્તા સમયે પરરૂપાદિવડે અસત્ત્વનો અનુપલંભ છે. આવી રીતે તો કોઇ પણ બુદ્ધિમાન પ્રતિપાદન કરવામાં ઉત્કંઠિત થાય જ નહિ. માટે સ્વરૂપાદિથી સત્ત્વની માફક પર રૂપાદિથી અસત્ત્વની પણ ઉપસ્થિતિ જરૂર માનવી જોઇએ.

બીજું પણ એ સમજવાનું છે કે ' વસ્તુ કેવળ ભાવ રૂપજ છે. એ વાત પણ તદ્દન ખોટી છે. કેમકે એમ માનવાથી સ્વરૂપની માફક પરરૂપથી પણ ભાવનોજ પ્રસંગ આવશે અર્થાત્ પરરૂપથી પણ સત્તા માનવી પડશે. તથા વસ્તુ કેવલ અભાવ રૂપજ છે. આ વાત પણ અસત્યજ સમજવી. એવી રીતે માનવાથી તો પરરૂપની માફક સ્વરૂપથી પણ વસ્તુ સત્તાની ઉપલબ્ધિ બીલકુલ ન થવી જોઇએ—અર્થાત્ એમ માનવાથી તો વસ્તુ સત્તાનોજ જગત્માં અભાવ થઇ જવો જોઇએ. માટે પરરૂપથી અસત્ત્વ વસ્તુમાં રહેલ છે અને સ્વરૂપથી સત્તા પણ તેમાંજ રહેલી છે. એ વાત જરૂર માનવી જોઇએ.

હવે પરરૂપાસત્ત્વનો અર્થ કેવી રીતે કરવો એની ઉપર વિચાર કરવામાં આવે છે.

જો કદાપિ એમ કહેવામાં આવે કે પરરૂપાસત્ત્વનો અર્થ પરરૂપથી અસત્ત્વ છે, એમ કહેવામાં આવે તે પણ ઠીક ન ગણાય. કારણ કે તેમાં દોષનો સંભવ છે. જેમ ઘટાભાવવાળા

ભૂતળમાં '**घटो नास्ति**' ઘટ નથી, આ વાકયની પ્રવૃત્તિ થાય છે. તેમજ પરરૂપા ભાવવાળા ઘટની અંદર પણ '**घटो नास्ति**' ઘટ નથી આ વાકયની પ્રવૃત્તિ થવી ઘણીજ કઠણ થઇ પડશે કેમકે પરરૂપા ભાવવાળા ઘટમાં '**पटो नास्ति**' યાને પટ નથી, આ વાકયની પ્રવૃત્તિ થવીજ ઉચિત ગણાય

એ ઉપર સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરી એ ઘડાની અંદર જે પર રૂપાસત્ત્વ છે તે વિષયમાં તેજ પ્રશ્ન કર્ત્તાને અમે પૂછીએ છીએ કે—ઘટાદિની અંદર પરરૂપાસત્ત્વને શું પટાદિનો ધર્મ માનો છો અથવા ઘટનો ધર્મ માનો છો ? જો કદાપિ પ્રથમ પક્ષ માનશો તો વ્યાઘાત દોષ આવશે. કેમકે ઘટની અંદર રહેલા પરરૂપાસત્ત્વ કહેતાં પટરૂપાસત્ત્વને પટનો ધર્મ માનવામાં વ્યાઘાત દોષ આવે છે. પટના સ્વરૂનું અસત્ત્વ પણું પટમાં તો રહે જ કેવી રીતે ? અને ઘટનો ધર્મ પરરૂપાસત્ત્વને તો આપ લોકો માનતા નથી તો પછી સર્વથા શૂન્યતા સિવાય બીજું શું સમજવું.

કિંચ, તમોએ માનેલો પટનો ધર્મ જે પરરૂપાસત્ત્વ તે તો ઘટની અંદર જ છે, એ વાત તો તમારાથી બોલાયજ નહિ. કેમકે બીજાનો ધર્મ બીજામાં કેવી રીતે રહેવા પામે ? આ વાત ઉપર બુદ્ધિમાનોએ ખાસ વિચાર કરવો જોઇએ.

બીજો પક્ષ માનવામાં ઘટમાં રહેલા પરરૂપાસત્ત્વ કહેતાં પટ-રૂપાસત્ત્વ જે છે તેજ ઘટ ધર્મ છે એમ માનવામાં તો વિવાદ જેવું છેજ નહિ. જેમ ભાવધર્મના સંબંધથી વસ્તુમાં ભાવસ્વરૂપ-પણું માનવામાં આવે છે તેમ અભાવ ધર્મના સંબંધથી વસ્તુમાં અભાવપણું માનવું જોઇએ. એવી રીતે માનવામાંજ '**घटो नास्ति**' યાને ઘટ નથી આ પ્રયોગની ઉપપત્તિ પણ થઇ જવાની. જો

એમ માનવામાં નહિં આવે તો ઘટની અંદર રહેલ પરરૂપાસત્વરૂપ અભાવ ધર્મનો સંબંધ રહેતાં છતાં પણ ' **घटोऽसन्** ' યાને ઘટ નથી એવો પ્રયોગ જેમ તમો માનતા નથી તેમજ ભાવધર્મનો સંબંધ થવા છતાં પણ ' **घटः सन्** ' ઘટ વિદ્યમાન છે આ પ્રયોગ પણ ન થવો જોઇએ.

બીજું ઘટની અંદર રહેલા પરરૂપાસત્ત્વને ઘટથી ભિન્ન માનો છો કે અભિન્ન માનો છો? જો કદાપિ પરરૂપાસત્ત્વ ઘટથી ભિન્ન છે એમ માનશો તો એની ઉપર પણ બીજો પરરૂપાભાવ માનવો પડશે. આવી રીતે માનવામાં પણ અનવસ્થા દોષ જરૂર લાગુ પડવાનો.

પરરૂપાસત્ત્વને ઘટથી અભિન્ન માનશો તો અમો પણ આનંદ સાથે જયધ્વની પૂર્વક સ્વીકારી લઇશું. કેમકે અમો પોતાથી અભિન્ન એવા ભાવધર્મરૂપથી ઘટાદિમાં સત્ત્વની માફક અભાવ ધર્મથી અસત્ત્વ પણ અવશ્ય સ્વીકારીએ છીએ.

જો કદાપિ એમ કહેવામાં આવે કે સ્વરૂપથી જે ભાવ છે તેજ પરરૂપથી અભાવ છે અને જે પરરૂપથી અભાવ છે તેજ સ્વરૂપથી ભાવ તરીકે મનાય છે તો ભાવાભાવનો એક વસ્તુમાં ભેદ ન હોવાને લીધે ઉભય સ્વરૂપપણું પણ કેવી રીતે એક વસ્તુમાં આવી શકશે.

આ શંકા પણ અયોગ્યજ છે–નિર્મૂલ છે. કેમકે ભાવાભાવની અપેક્ષા કરવા લાયક નિમિત્ત ભેદને લઇનેજ ભાવાભાવરૂપતા એક વસ્તુમાં માનવામાં આવે છે. સ્વદ્રવ્યાદિ ચતુષ્ટયની અપેક્ષા રૂપ નિમિત્ત પોતે વસ્તુમાં ભાવ પ્રત્યયને ઉત્પન્ન કરે છે અને પરદ્રવ્યાદિ ચતુષ્ટયની અપેક્ષારૂપ બીજું નિમિત્ત પોતેજ તેજ

વસ્તુમાં અભાવ પ્રત્યયને ઉત્પન્ન કરે છે. આથી આ વાત સિદ્ધ થાય છે કે અપેક્ષણીય નિમિત્તના ભેદનેજ લઇનેજ સત્ત્વાસત્ત્વનો ભેદ સમજવો માટે પ્રથમ વિરોધ દોષની ઉદ્દ્ભાવના કરી તે તો અનેકાન્તવાદિઓને વંધ્યાપુત્ર સમાન છે.

વિરોધના ત્રણ પ્રકાર છે, ૧ વધ્યઘાતક, ૨ પ્રતિબધ્ય પ્રતિબંધક અને ૩ સહાનવસ્થાન. આ ત્રણમાંથી એક પણ પ્રકારના વિરોધની સંભાવના અહિં છેજ નહિ. પ્રથમ વધ્યઘાતક નામના વિરોધનો અવકાશ સર્પ અને નકુલમાં ગાય અને વ્યાઘ્રમાં, ઉંદર અને બીલાડીમાં, અગ્નિ અને પાણીમાં, સર્પ અને ગરૂડમાં જ રહે છે અને તે પણ એક કાલમાં એક ઠેકાણે બન્નેનો સંયોગ હોય તોજ હોઇ શકે; પરંતુ સંયોગ થયા વિના વિરોધ ઉપર્યુક્તમાં આવી શકતો નથી; એમ હોવા છતાં પણ જો વધ્યઘાતક નામનો વિરોધ માનવામાં આવે તો જલની સદ્દ્ભાવ દશામાં કોઇ પણ ઠેકાણે અગ્નિને રહેવુંજ ન જોઇએ તથા નોળીયાની સદ્દ્ભાવ દશામાં કોઇ પણ ઠેકાણે સર્પને રહેવુંજ ન જોઇએ. માટે સંયોગ દશામાં જ વધ્યઘાતક નામનો વિરોધ માનવો જરૂરનો છે. અને તેવીજ રીતે તો અમો માનતા નથી. કેમકે અસ્તિત્વ અને નાસ્તિત્વ રૂપ બન્ને એકજ સ્વરૂપથી એક સાથે એક કાલમાં એકની જ અંદર વિદ્યમાન છે એવી તો અમારી માન્યતા છેજ નહિ ત્યારે વિરોધ શાનો હોય ?

વળી એક વસ્તુમાં બન્નેને સાથે રહેવાપણું માનવામાં તો તુલ્ય બલવાનપણું હોવાથી વધ્યઘાતકપણું કહેવાયજ કેમ ? માટે વધ્યઘાતક નામનો વિરોધ સ્યાદ્દ્વાદ મહાનરેન્દ્રની પાસે ઉભો રહી શકતોજ નથી, એ વાત ચોક્કસ છે.

પ્રતિબધ્યપ્રતિબંધક નામનો વિરોધ પણ અહિં ઘટતો નથી. જે ઠેકાણે ચંદ્રકાન્તમણિનું વિદ્યમાનપણું હોય તે ઠેકાણે અગ્નિથી દાહ બીલકુલ થઇ શકે નહિ. એજ કારણે ચંદ્રકાન્તમણિને અંદર દાહપ્રતિબંધકતા માનવામાં આવેલ છે અને અગ્નિમાં પ્રતિબધ્યતા માનવામાં આવેલી છે. માટે જ્યાં જેનો પ્રતિબંધક હોય ત્યાં તેનાથી બીલકુલ કાર્ય થઇ શકેજ નહિ તેમજ પ્રકૃતમાં પણ અસ્તિત્વ નાસ્તિત્વમાં પ્રતિબધ્યપ્રતિબંધક નામનો વિરોધ બીલકુલ માલુમ પડતો નથી. અસ્તિત્વકાલમાં નાસ્તિત્વનો પ્રતિબંધ થતો હોય તો આવો વિરોધ આવી શકે, પરંતુ એમ તો છેજ નહિ. કેમકે સ્વરૂપથી અસ્તિત્વ દશામાં પણ પરરૂપથી નાસ્તિપણું અનુભવગોચર થાય છે માટે અનેકાન્તરૂપી વજ્રમય કોટની અંદર ઐકાન્તિક કાષ્ઠમય ગોળારૂપી વિરોધના અવકાશનો ભય તો હોયજ ક્યાંથી ?

સહાનવસ્થાન નામના ત્રીજા વિરોધ લક્ષણનો પણ આ સ્થળે અવકાશ નથી. સહાનવસ્થાન લક્ષણવિરોધ તો ત્યાંજ હોઇ શકે કે જ્યાં કાલક્રમથી પર્યાયનું વર્ત્તાવાપણું હોય. જેમ આમ્ર-ફલમાં નીલતા અને પીતતાની સાથે વિરોધ છે. કારણ કે આમ્ર-ફલમાં ઉત્પન્ન થતું જે પીતપણું તેજ પૂર્વકાલમાં ઉત્પન્ન થએલી શ્યામતાને નાશ કરી દે છે. અર્થાત્ જ્યારે કેરી પાકી થાય છે અને તેમાં પીળાપણું આવે છે ત્યારે તે પીળાપણું પોતેજ પૂર્વના રંગને નાશ કરી દે છે.

એવી રીતે નીલતાની સાથે પીતતાનો સહાનવસ્થાન લક્ષણ વિરોધ સમજવો, તેમજ છાયાની સાથે આતપનો પણ વિરોધ સમજવો. જ્યારે આતપ ઉત્પન્ન થાય ત્યારેજ પૂર્વ ઉત્પન્ન થએલ છાયાનો તે ઠેકાણે નાશ કરીનેજ ઉત્પન્ન થાય છે, તેવીજ રીતે

ઘડામાં પૂર્વમાં રહેલી શ્યામતાનો નાશ કરીનેજ રક્તપણું ઉત્પન્ન થાય છે. માટે પૂર્વ ઉત્તરકાલ ભાવિપદાર્થમાંજ સહાનવસ્થાન લક્ષણ વિરોધ આવી શકે છે; આ વાત સિદ્ધ થઇ પ્રકૃતમાં પણ અસ્તિત્વ નાસ્તિત્વ રૂપ ધર્મો પૂર્વોત્તર કાલભાવિ છેજ નહિ. જો કદાપિ પૂર્વોત્તરકાલભાવિ માનશો તો અસ્તિપણાની સત્તાકાલમાં નાસ્તિપણાનો અભાવ હોવાથી સર્વત્ર પદાર્થની સત્તાજ વ્યાપ્ત થવી જોઇએ. અર્થાત્ કોઇપણ રૂપથી અભાવ પ્રત્યયનું ભાન થવુંજ ન જોઇએ અને નાસ્તિપણાની પ્રાપ્તિદશામાં અસ્તિપણાનો અભાવ હોવાથી જીવની સત્તાને આશ્રય કરવાવાળા બંધમોક્ષના વ્યવહારનોજ લોપ થઇ જવાનો. કેમકે જે સર્વથા અસત્ વસ્તુ હોય તેનો ફરીથી સ્વરૂપ લાભ થઈ શકેજ નહિ જેમ વંધ્યાપુત્રનો સ્વરૂપલાભ થઇ શકતો નથી તેમ વંધ્યાપુત્રની માફક સદ્ વસ્તુના સદ્ભાવમાં અભાવની પ્રાપ્તિ પણ બીલકુલ થઇ શકેજ નહિ, માટે સહાનવસ્થાન લક્ષણ વિરોધ તો અસ્તિત્વ નાસ્તિત્વાદિધર્મોને પ્રતિપાદન કરવાવાળા અનેકાન્તવાદમાં કોઇપણ રીતે આવી શકે જ નહિ. આથી એ સમજવું જોઇએ કે—પૂર્વમાં બતાવેલ ત્રણ વિરોધ પૈકી એકપણ વિરોધનો અવકાશ અનેકાન્તવાદમાં છેજ નહિ, એ વાત ખાસ મનોમંદિરમાં ઠસાવી રાખવી.

અનન્ત ધર્મવાળી એક વસ્તુની અંદર સ્વરૂપ પરરૂપાદિ નિમિત્ત ભેદની અપેક્ષાએ સત્ત્વાસત્ત્વને એક સાથે રહેવામાં લગાર માત્ર અડચણ નથી. જેમ પિતાપણું, પુત્રપણું, ભ્રાતૃપણું, ભાગીનેયપણું, પિતૃવ્યપણું, જામાતૃપણું વિગેરે ધર્મોની અંદર વિરૂદ્ધતા હોવા છતાં પણ ભિન્ન ભિન્ન અપેક્ષાવાળા નિમિત્ત ભેદને લઇને એક જિનદત્ત રૂપ અધિકરણમાં એક કાલમાં રહેવામાં કોઇ પણ લોકો દોષ માનતા નથી. તેમજ અપેક્ષા ભેદને લઇને અસ્તિત્વ

નાસ્તિત્વાદિ ધર્મોને એક અધિકરણમાં એક સાથે રહેવામાં પણ લગાર માત્ર દોષનો અવકાશ છે જ નહિ. જ્યારે દૃષ્ટાંતથી વિરૂદ્ધ ધર્મોનું પણ એક અધિકરણમાં એક સાથે સાપેક્ષપણે રહેવાપણું સિદ્ધ થયું, ત્યારે વ્યધિકરણ દોષનો સંભવ અનેકાન્તવાદિઓને કેવી રીતે લાગુ પડી શકે? કેમકે વસ્તુ માત્ર અનંત ધર્મવાળી હોય છે એમ પ્રમાણથી સ્વીકારવામાં આવેલ છે.

હવે અનવસ્થાને દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

સ્વરૂપ પરરૂપને લઇને સત્ત્વાસત્ત્વ માનવામાં તો અનવસ્થા રૂપ દોષ, દોષાવહ રૂપ છેજ નહિ. કેમકે જ્યાં સુધી સ્વસ્વરૂપ પરરૂપનો વિચાર કરવામાં કોઇ પણ જાતની બાધા આવતી ન હોય ત્યાં સુધી સત્ત્વાસત્ત્વ માનવામાં લગાર માત્ર અનેકાન્તવાદિઓને અનવસ્થા અડચણ કરી શકતી નથી. અન્યથા બીજથી અંકુરની ઉત્પત્તિ પણ ન માનવી જોઇએ. કેમકે તેમ માનવામાં અનવસ્થા જરૂર આવવાની. આવા પ્રકારના ભયો તો મિથ્યા એકાન્તવાદિ-ઓના ઘરમાંજ મુબારક હો.

કિંચ, અનવસ્થાને દોષરૂપે ત્યાંજ ગણવામાં આવે છે કે જ્યાં અપ્રમાણિકપણે પદાર્થ પરંપરાની કલ્પના કરવામાં આવતી હોય. પરંતુ જ્યાં પ્રમાણથી પદાર્થ પરંપરા સિદ્ધ થતી હોય ત્યાં અનવસ્થા દોષાવહ રૂપ છે જ નહિ એ વાત ચોક્કસ માનવી.

હવે શંકર વ્યતિકરને દૂર કરવામાં આવે છે.

પ્રતીતિ સિદ્ધ અર્થમાં જ્યારે કોઇ પણ દોષનો અવકાશ નથી ત્યારે શંકર વ્યતિકરની તો વાતજ શી કરવી. અને તે દોષો પણ ત્યાંજ આવી શકે જ્યાં પદાર્થ પ્રતીતિ સિદ્ધ ન હોય, માટે શંકર

વ્યતિકર દોષ પણ અનેકાન્તમાં છે એમ બીલકુલ સમજવું નહિ. તથા સંશયાદિ દોષોનું પણ નિરાકરણ પૂર્વે સારી રીતે કરવામાં આવેલ છે માટે તે દોષો પણ અહિં બીલકુલ સમજવા નહિ.

આથી આ સિદ્ધ થયું કે અનેકાન્તવાદ માનવામાં કોઇ પણ પ્રકારના દોષનું આગમન છેજ નહિ. અનેકાન્તનો **સર્વત્ર** જયજ છે. **અનેકાન્તવાદનું** વિસ્તારથી વર્ણન જોવું હોય તો ભગવાન્ **હરિભદ્રસૂરિકૃત** અનેકાન્તજયપતાકા તથા સ્યાદ્વાદરત્નાકરાવતારિકા સંમતિતર્ક અને સ્યાદ્વાદમંજરી વિગેરે ગ્રંથોમાંથી જોઇ લેવું.

વસ્તુગત વિચાર કરતાં અનેકાન્તવાદમાં કોઇની પણ વિપ્રતિપત્તિ છેજ નહિ. કિન્તુ દરેક દર્શનકારોએ પ્રકારાન્તરથી સ્વીકારેલ છે. એ પણ નામવાર બતાવવામાં આવે છે. પ્રથમ **સાંખ્ય** લોકો સ્યાદ્વાદને કેવા રૂપથી માને છે તે જૂઓ—સત્વ, રજો અને તમો ગુણની સામ્યાવસ્થાને તે લોકો પ્રકૃતિ રૂપે માને છે. તેમાં પ્રસાદ, લાઘવ, પ્રકાશ વિગેરે સ્વભાવવાળો સત્ત્વ ગુણ છે અને શોષતાપાદિ સ્વભાવવાળો રજોગુણ છે તથા આવરણ દીનતાદિ સ્વભાવવાળો તમોગુણ છે. આ પ્રકારની તેઓની માન્યતા છે. આ ઠેકાણે વિચારી જોતાં જણાય છે કે—ભિન્નભિન્ન સ્વભાવવાળા અનેક ગુણોને એકજ પ્રકૃતિમાં માનવાવાળાઓથી અનેકધર્માત્મક વસ્તુરૂપ અનેકાન્તવાદનો અસ્વીકાર કોઇ પણ રીતે થઇ શકે નહિ.

જો કદાપિ એમ કહેવામાં આવે કે પ્રકૃતિરૂપ એક પદાર્થ તો છેજ નહિ કિન્તુ સામ્યાવસ્થાને પ્રાપ્ત થએલ સત્ત્વ, રજો અને તમોગુણ છે તે પોતેજ પ્રકૃતિરૂપથી ઓળખાય છે. જેમકે ગુણના સમુદાયમાંજ પ્રકૃત તત્ત્વની શક્તિ માનવામાં આવે છે. માટે જ્યારે

એક અનેકાત્મક હોય ત્યારેજ અનેકાન્ત કહેવાય, એ વાત તો અહિં બીલકૂલ છેજ નહીં, ત્યારે અનેકાન્તની તો વાતજ શી કરવી? આ પ્રકારની સાંખ્ય લોકોની શંકાનું સમાધાન નીચે પ્રમાણે સમજવું.

ઉપર્યુક્ત રીતે માનવા છતાં પણ તેઓના મતમાં અનેકાન્તવાદનો અસ્વીકાર થઇ શકે તેમ નથી. કેમ કે જ્યારે ત્રણ ગુણો જુદા છે અને સમુદાય વસ્તુ પણ જુદી છે ત્યારે ભાવાર્થ આ નીકળ્યો કે સમુદાય યાને પ્રકૃતિ અને સમુદાયી યાને ગુણો-આ બેનો અભેદ હોવાથી સમુદાયિ ગુણોનો અને એક સમુદાયનો યાને પ્રકૃતિનો અભેદાભ્યુપગમ હોવાથી એક અનેકાત્મસ્વરૂપ અનેકાન્તનો સ્વીકાર તો જરૂર આવી જવાનો. એ રીતે સાંખ્યોથી અનેકાન્તવાદનું ખંડન કોઇ પણ રીતે થઇ શકેજ નહિ.

હવે **નૈયાયિક** મતને અનુસારે અનેકાન્તવાદની પ્રરૂપણા તરફ નજર કરીએ.

નૈયાયિકો દ્રવ્યત્વ, ગુણત્વ અને કર્મત્વ-આ ત્રણને સામાન્ય તથા વિશેષ સ્વરૂપ માને છે. અનુવૃત્તિપ્રત્યય તથા વ્યાવૃત્તિપ્રત્યયનું વિષયપણું હોવાથી દ્રવ્યત્વાદિક સામાન્ય વિશેષરૂપ છે. સામાન્ય તેને કહેવામાં આવે છે કે જ્યાં ' દ્રવ્યં દ્રવ્યં ' આવા પ્રકારની અનુગત બુદ્ધિનો વિષય હોય અને વિશેષ તે કહેવામાં આવે છે કે આ દ્રવ્ય છે, તે ગુણ નથી, તેમ કર્મ પણ નથી, આ પ્રકારની વ્યાવૃત્તિ બુદ્ધિનો વિષય હોય. એકજ દ્રવ્યને સામાન્ય વિશેષરૂપ અનેક સ્વરૂપ માનવાવાળા નૈયાયિકોથી શું અનેકાન્તવાદનું ખંડન થઇ શકવાનું હતું ? નહિંજ.

કિંચ, ઘટની અંદર પણ ઘટનો અભાવ પટપણાથી યાને વ્યધિકરણ ધર્માવચ્છિન્નાભાવ તરિકે માનવાવાળા અર્થાત્ પરરૂપથી

ઘટની અંદર પણ ઘટનો અભાવ માનવાવાળા નૈયાયિકથી કોઇ પણ રીતે અનેકાન્તવાદનો અસ્વીકાર થઇ શકવાનોજ નહિ.

હવે **બૌદ્ધો** અનેક આકારવાળું એક મેચક–ચિત્રવિચિત્ર જ્ઞાન માને છે. તેના મતમાં પંચ વર્ણવાળા રત્નને મેચક કહેવામાં આવે છે. તેનું જ્ઞાન પણ એક પ્રતિભાસરૂપે હોઇ શકેજ નહિ. નીલ પીતાદિ નાના આકાર સ્વરૂપ જ્ઞાનનું નામજ ચિત્રજ્ઞાન, નહિં કે એકાકાર જ્ઞાનનું નામ.

મેચક જ્ઞાન પણ અનેકાકારજ હોઇ શકે છે, એકાકાર હોઇ શકતુંજ નથી, એમ પણ ન માનવું. કેમકે '**इदं मेचकज्ञानं**' આ મેચક જ્ઞાન છે, એવી પ્રતીતિ હોવાને લીધે મેચક જ્ઞાન એક આકારવાળું પણ છે. તો એક અનેક સ્વરૂપ ચિત્રજ્ઞાનને માનવા-વાળા બૌદ્ધોથી પણ એક અનેક સ્વરૂપ અનેકાન્તવાદનો અસ્વીકાર કેવી રીતે થઇ શકે ?

**ચાર્વાક** યાને નાસ્તિકોથી પણ અનેકાન્તવાદનો અસ્વીકાર થઇ શકતો નથી.

ચાર્વાકના મતમાં પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ આ પાંચ તત્ત્વો છે. અને તેથી ચૈતન્ય શકિત ઉત્પન્ન થાય છે. જેવી રીતે મદ્યની સામગ્રીથી મદશકિત ઉત્પન્ન થાય છે તેમ તે પંચ-તત્ત્વોથી એક પ્રકારની ચૈતન્યશકિત ઉત્પન્ન થાય છે. અતએવ પૃથવ્યાદિ પાંચ મહાભૂતના પરિણામનું નામજ ચૈતન્ય, છે એવી તેઓની માન્યતા છે. તે ચૈતન્ય પણ તેઓના મતમાં પૃથ્વી વિગેરે પાંચ તત્ત્વોની અપેક્ષાથી જુદું નથી. જુદું માનતાં અધિક તત્ત્વની આપત્તિ આવી જાય છે.

પૃથ્વ્યાદિ એક એક સ્વરૂપ છે એમ પણ કહી શકાય નહિ, કેમકે ઘટની અંદર પણ પૃથ્વી વિગેરે તત્ત્વો હોવાથી ત્યાં પણ ચૈતન્યની આપત્તિ આવી જાય. પરંતુ પૃથ્વી આદિ એક અનેકાત્મક છે આવી રીતે તેઓ માને છે, તે જોતાં ચાર્વાક લોકોથી પણ અનેકાન્તવાદનું ખંડન થઇ શકે તેમ નથી.

હવે **મિમાંસકને** મતે અનેકાન્તવાદનું પ્રતિપાદન કરવામાં આવે છે.

એકજ જ્ઞાન પ્રમાતૃ, પ્રમિતિ અને પ્રમેયરૂપ છે, એવો મિમાં-સકોનો સિદ્ધાન્ત છે. કારણ કે ઘટને હું જાણું છું એવા પ્રકારનો અનુભવ તો થાય છેજ. એથી તેઓ જ્ઞાનમાં પ્રામાણ્યપણું પણ સ્વતઃ માને છે. અનેક પદાર્થ નિરૂપિત વિષયતાવાળું એકજ જ્ઞાન તે લોકો માને છે. અને વિષયતાને પણ જ્ઞાનસ્વરૂપ માને છે. અતએવ તેવા પ્રકારની વિષયતા ત્રણ સ્વરૂપ એક જ્ઞાનને માનવા-વાળા મિમાંસકોથી પણ કોઇ રીતે અનેકાન્તવાદનો અસ્વીકાર થઇ શકવાનો નથી. એવી રીતે દરેક મતને અનુસારે અનેકાન્ત-વાદનું પ્રતિપાદન કરી લેવું. ઇતિ શમ્.

**સમાપ્ત.**